શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
જૂન : ૨૦૧૮ • અંક : ૧૨
પાના નં. : ૧ • (કુલ પેજ : ૪૮)

૧૫ જૂન, ૨૦૧૮   પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૬-૨૦૧૮   કિંમત : રૂા. ૧૮/-




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્વાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૭૧૮૪, ૪૦૦૭૭૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

---

Maheshbhai
M. : 92272 11715

SGI

Parag Kataria
M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

---

**Girlie™**

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

---

**SILICON®**
ZERO MAINTENANCE LAMINATE



RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

---

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

[illegible]

કચ્છની [illegible] ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ મોકલી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પાલશી ભાવશી ભેડા-મોખા (ચાલા)
કાર્યાલય શ્રી આશાપુરા [illegible], [illegible], [illegible] કોમ્પ્લેક્ષ, [illegible], ઓફિસ નં. ૧૨૭ / ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૭૮૩૧૫૧૪
મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પાલશી ભાવશી ભેડા-મોખા (ચાલા)
[illegible] મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૮૨૦૨ ૯૮૭૨૬, ૯૮૧૩૮ ૫૩૮૫૬

---

**iolite**

SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

---

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

---

FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

**Shivang Institute**

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031





www.artnirman.com
A Project by
ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


શબ્દોના ખજાનારૂપ


'ગાલા'ની અતિ ઉપયોગી


# ડિક્શનરીઓ
















(In 2 Volumes)




NAVNEET®

દરેક બુકસેલરને ત્યાં મળે છે.

વર્ષ-૩૧ ● અંક - ૧૨
૧૫ જૂન, ૨૦૧૮

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | | |
|---|---|---|---|
| ૨ વર્ષ | : | રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : | રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : | રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી સ્થાનેથી**
- પર્યાવરણનું જતન કરીએ... વૃક્ષોનું વાવેતર કરીએ... ....૭

**પ્રાસંગિક**
- ઈશ્વરને ત્યાં 'વિનોદ'ની જરૂર પડી હશે.. **પાર્થ દવે, ફ્રીલાન્સ પત્રકાર**....૯

**વિચાર મંચ**
- આજના સમયમાં સર્જક અને સમાજનું પરસ્પર કર્તવ્ય શું? **ડૉ. યાસીન દલાલ**....૧૩

**કચ્છ**
- મત્સ્યોદ્યોગ ક્ષેત્રે કચ્છ જિલ્લાનું આગવું પ્રદાન **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**...૧૫

**દષ્ટિકોણ**
- ભારત-પાક યુદ્ધમાં સેવા આપનાર વિમાન ચાલક – સંત પાયલોટ બાબા **ગોવિંદ વી. ખોખાણી, પ્રેસ રીપોર્ટર**....૧૭

**વાઇબ્રન્ટ હાસ્ય**
- લાફ્ટર થેરેપી : લાફ્ટર ઈસ ધી બેસ્ટ મેડિસિન – ૫ **તુલસી કંસારા**.....૧૯

**વાર્તા**
- છેલ્લી ટપાલ **બલવીરસિંહ જાડેજા**.....૨૧

**સ્વાસ્થ્ય**
- વૈશ્વિક ચિત્તભ્રમ દિન : ૨૪મે – (૨) **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૨૩
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**
- શા માટે યોગ જરૂરી છે? **ડૉ. મિહિર એમ. વોરા**.....૨૫

**પરિવર્તન**
- વડીલો વિચારે... **પુષ્પાબેન એચ. ઠક્કર**.....૨૭
- પ્રેમાળ દીકરી
  'ડૉટર-ઈન-લૉ' નહીં પણ 'ડૉટર-ઈન-લવ'... **અતુલ જે. ઉપાધ્યાય**....૨૯
  **નિવૃત્ત સિવિલ ઇજનેર (સિંચાઇ)**

**વાનગી**
- કઈ રીતે થયું 'કેચપ'નું સેટઅપ? **નજમા વાય. ગોલીબાર**.....૩૧

**વિવિધતા**
- પ્રતિભાવ ... ૩૨
- અન્ય સંસ્થાઓના સમાચાર ....૩૩
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૩ **પ્રદીપ જોષી - આદિપુર**...૪૪
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : પસંદગીકા તડકા **ભાવના એ. ઝવેરી**....૩૫


**મેઘ ધનુષ**
- ...માણસ : **અરવિંદ સોમૈયા** ● સભા : **મહમદ ઉમર લોટીયા** ... ૩૬
- પુરો તાં... (કચ્છી) : **હરિદાસ કે. ઠક્કર 'હરિ'** ● શૂન્ય : **'આરસી' શાહ** ....૩૬
- હાઈકુ : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ... ૩૬

## વિભાગ-૨

- પરિવાર સમાચાર ... ૩૭
- સમાજ સમાચાર ... ૩૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ... ૪૨

# ખાસ વસાવવા જેવાં – વહેંચવા જેવાં પુસ્તકો




**શબ્દે-શબ્દે શાયરી** — સંપા. બીના શાહ ૧૮૦


[૪૫૫ ગઝલકારોનાં ૨૦૦૦ બેસ્ટ શે'ર-શાયરી]


**ઇતની શક્તિ હમેં દેના દાતા** — સંપા. દેવેન્દ્ર સી. ભટ્ટ ૬૦

[શાળા-કૉલેજમાં રોજેરોજ કરી શકાય તેવી પ્રાર્થનાઓ]

**જીવતર** — યોગેશ જોષી ૧૦૦

[ભીતર ખળભળી ઊઠે એવી સંવેદનશીલ લઘુનવલ]




**સાજિશ** — મનહર રવૈયા ૧૩૦

[લઘુનવલના રૂપમાં રોમાંચક ક્રાઇમ સ્ટોરી]


**તત્ત્વમસિ** — ધ્રુવ ભટ્ટ ૧૬૦

[જે કથા પરથી 'રેવા' ફિલ્મ બની તે પુરસ્કૃત નવલકથા]

**બેટર હાફ** — શશીકલા જોષીપુરા ૧૭૫

[દામ્પત્યજીવનને રસમય-સુખમય બનાવતા પ્રેરક લેખો]




**સ્ત્રી-સંવેદનાની કશમકશ** — અમિતા મહેતા ૧૮૦

[વર્તમાન સમયની મહિલાઓના ત્યાગની-અધિકારની પ્રેરક વાતો]

**અવર ચાઇલ્ડ, અવર ચેલેન્જ** — ઊર્મિલા શાહ ૧૮૦

[પેરન્ટ્સ માટે ભણતાં બાળકો વિશેના પડકારો સામે પ્રેરણા આપતા લેખો]

**ગંગાસતીની અમર વાણી** — સ્વામી સચ્ચિદાનંદ ૨૫૦

[ગંગાસતીનાં પ્રેરક અણમોલ પદોનો માર્મિક રસાસ્વાદ]

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001 ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759 ઇમેલ : gurjarprakashan@gmail.com

તંત્રી સ્થાનેથી

# પર્યાવરણનું જતન કરીએ.... વૃક્ષોનું વાવેતર કરીએ....

*આજના કુદરતી વાતાવરણ વચ્ચે દરેક જાગૃત નાગરિકે પર્યાવરણ ક્ષેત્રે પોતાનું જરૂરી ઋણ અદા કરવા આગળ વધવું પડશે અને તેના અન્વયે શક્ય એટલા સ્થળોએ વૃક્ષો વાવવાનું તુરત જ નક્કી કરીને સામૂહિક ધોરણે તેનો અમલ કરવા વિચારવું અત્યંત આવશ્યક થયું છે. માત્ર વૃક્ષો વાવવાથી કામ પૂરું થતું નથી પરંતુ તેનો ઉછેર યોગ્ય રીતે થાય તેવી વ્યવસ્થા પણ ઊભી કરવી જોઈએ અને તેની માવજતની પણ પૂરી કાળજી રાખવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે આ દિશામાં શ્રી લોહાણા મહાપરિષદ તથા કચ્છની પર્યાવરણ પ્રેમી કેટલીક સંસ્થાઓ દ્વારા સારું કામ થઈ રહ્યું છે. આજના સમયમાં વાતાવરણની સ્થિતિ એટલી ખરાબ જણાય છે કે, વ્યક્તિ દીઠ માત્ર એક વૃક્ષનું વાવેતર કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં ઓક્સિજન મેળવવું કઠીન બનશે. તેમજ અનેક પ્રકારના રોગોનું પ્રમાણ ભયંકર રીતે વધી શકે છે. આપણને ખબર છે કે, પ્લાસ્ટિક બેગ વાતાવરણ માટે ખૂબ નુકસાનકારક છે. તેથી પ્લાસ્ટિક બેગ વાપરવાનું બંધ થવું જોઈએ. પ્રદૂષણને અટકાવવા ઝીરો વેસ્ટનો પ્રોજેક્ટ દરેક સોસાયટીમાં બનાવવો જોઈએ. જેનાથી વેસ્ટ મેનેજમેન્ટ થશે અને વાતાવરણ શુદ્ધ રહેશે. વળી કચરાને રિસાઈકલ કરવાથી આવકનું સાધન ઊભું થઈ શકે છે. એક વસ્તુ સમજવી જોઈએ કે,* ***આપણે જે કંઈ કરીએ તેની સીધી કે આડકતરી અસર પર્યાવરણ પર થયા વિના રહેતી નથી.*** *પેટ્રોલના ધૂમાડા હોય કે પ્લાસ્ટિકનો ઉપયોગ હોય કે પછી નદી-નાળામાં ઠાલવવામાં આવતો કચરો હોય.* ***આ રીતે પ્રદૂષિત થઈ રહેલા પર્યાવરણને બચાવવા દરેક નાગરિકની અગ્રતાક્રમે ફરજ બને છે.*** *તેથી પર્યાવરણની જાળવણી માટે પોતાનાથી બનતા દરેક પ્રયત્નો કરવા જોઈએ. આ પ્રકારની કામગીરીમાં વન અને પર્યાવરણ, માર્ગ અને મકાન, શહેરી વિકાસ, ગ્રામ વિકાસ વિભાગ સાથે સ્વૈચ્છિક - સેવાભાવી દરેક સંસ્થાઓએ પોતાનું યોગદાન આપવું પડશે. આ બધું થશે તો જ પર્યાવરણ અને સ્વચ્છતા સંબંધી ઉમદા પરિણામ જોવા મળશે. માત્ર વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવાથી કામ થશે નહીં.* ***વપરાશયુક્ત બધા જ પ્લાસ્ટિકનું રિસાઇકલિંગ કરીને પ્લાસ્ટિકથી થતું પ્રદૂષણ નિવારવાની દિશામાં અથવા તો પર્યાવરણ સ્વચ્છતા અભિયાનમાં પ્રગતિ થઈ શકશે.*** *પ્લાસ્ટિક વેસ્ટમાંથી રિસાઈકલ દ્વારા પર્યાવરણ બગડે નહીં તેમજ વિકાસની ગતિવિધિ સાથે પ્રદૂષણ નિયંત્રણનું સંતુલન રાખવા સંકલ્પબદ્ધ થવું પડશે.*

### પર્યાવરણ ક્ષેત્રે એક ઝલક...

- *શક્ય એટલા સ્થળોએ વૃક્ષો વાવીને તેનું જતન, યોગ્ય જાળવણી થવી જોઈએ.*
- *પ્લાસ્ટિક જેવી વપરાશયુક્ત તમામ વસ્તુઓનું રિસાઈકલિંગ થવું જોઈએ.*
- *દરેક સોસાયટી લેવલે આ દિશામાં જરૂરી પ્રોજેક્ટ તૈયાર કરીને, તેનો યોગ્ય રીતે અમલ કરવા આગળ આવવું પડશે.*

- *૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિકની થેલીનો ઉપયોગ - વપરાશ સદંતર બંધ થાય તે અંગે કાર્યવાહી કરવી પડશે.*
- *શહેરોને એર પોલ્યુશનથી મુક્ત રાખવા તથા હવા પ્રદૂષણના કારણો તપાસવા અર્થે તાત્કાલિક ઉપાય કરવા જરૂરી છે.*
- *સુજલામ્ સુફલામ્ જળ અભિયાન સફળ થયે અને તે યોજનાને પ્રોત્સાહિત કરવા પર્યાવરણ જતન સાથે જોડીને યોગ્ય દિશામાં કામગીરી થવી જોઈએ. આ અભિયાન અંતર્ગત જે તળાવો ઊંડા કરવામાં આવ્યા છે તે તળાવોની શુદ્ધતા જળવાઈ રહે તે માટે રાજ્ય સ્તરે કાર્યવાહી થવી જોઈએ.*
- *ઉદ્યોગગૃહોએ પ્રદૂષણ નિયંત્રણના નિયમોનું ચુસ્તતાપૂર્વક પાલન કરવાની હિમાયત કરીને પ્રદૂષણ નિયંત્રણ માટે કડક કાર્યવાહી કરવાની પ્રતિબદ્ધતા રાજ્ય સરકારોએ રાખવી જરૂરી છે.*
- *આ બધી કામગીરી માટે વૈજ્ઞાનિક ક્ષેત્રનો ઉપયોગ કરવા સંકલ્પબદ્ધ બનવું પડશે.*

*પર્યાવરણની જાળવણી માટે ઉપર મુજબનું યોગદાન, સાથ-સહકાર દરેક ક્ષેત્રમાંથી મળવો જોઈએ. તે સાથે જરૂરી કામગીરી અર્થે સરકારની પણ પ્રતિબદ્ધતા હોવી જરૂરી છે. આ પ્રકારની મનોભાવના કેળવાશે અને સરકાર તથા ખાનગી ક્ષેત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી થશે તો રાજ્યનું નૂતન નિર્માણ થઈ શકશે, રાજ્ય સ્વસ્થ - તંદુરસ્ત બનશે તેમાં કોઈ શંકા ન હોવી જોઈએ.* ■

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow
• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010
• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

WITH BEST WISHES FROM
MORBIA GROUP OF COMPANIES
sofa wala The Sofaz Expert
WORLD link IT Rental & Sales
furniture mall
SUKHLAL MORBIA & FAMILY
112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
M. : 98252 36494, 98252 27499

પ્રાસંગિક

# ઇશ્વરને ત્યાં 'વિનોદ'ની જરૂર પડી હશે....



પાર્થ દવે - પત્રકાર

**તા. ૨૩ મે, ૨૦૧૮ના રોજ વિદાય લઈ ચૂકેલા ગુજરાતના દિગ્ગજ હાસ્ય કલાકાર તથા સાહિત્યકાર વિનોદ ભટ્ટને સ્મરણાંજલિ**

- *જીવનથી કોઈ અસંતોષ, ફરિયાદ કે અફસોસ ખરો?*

**વિનોદ ભટ્ટ :** (વિચારીને) હા ફરિયાદ છે... ફરિયાદ એટલી જ છે કે દોઢસો-બસો વર્ષ જીવતા હોત તો સારું થાત! બધા જોડે લાંબો વખત રહી શકત. (હસતા હસતા) પણ હવે બે પાંચ વર્ષમાં જતા રહેવું પડશે. *('પરાગ' પૂર્તિ, કચ્છમિત્ર : ૧૪-૦૧-૨૦૧૫)*

આ પ્રશ્ન ત્રણ વર્ષ પહેલા વિનોદ ભટ્ટના જન્મદિવસે તેમને પૂછ્યો હતો અને શબ્દસઃ આ જ જવાબ તેમણે આપ્યો હતો.



*શ્રી વિનોદ ભટ્ટની સાથે લેખક (પત્રકાર) શ્રી પાર્થ દવે*

★

મને પાક્કી ખાતરી છે કે આસમાનની પેલે પાર (જો હશે તો) ભગવાનને પણ નિર્દોષ હાસ્ય સાંભળવાની ઇચ્છા થઈ હશે. ડાર્ક સટાયર, બ્લેક હ્યુમર માણવાની ઇચ્છા થઈ હશે. નહિંતર વિનોદ દાદા આવું કરે નહીં. અહીં – પૃથ્વી પર – આ ડરામણી દુનિયામાં મોઢું અને દિલ બેઉ ખોલીને હસતા અને હસાવતા રહેતા માણસની સખ્ત જરૂર છે પણ કદાચ ઉપર વધારે જરૂર હશે. આમ પણ જલસા અવતાર સમા ચિનુ મોદી અને હાસ્યના બેતાજ બાદશાહ તારક મહેતા ખડખડાટ હસવા અને મહેફિલ જમાવવા ઉપર રાહ જ જોઈ રહ્યા છે....

★

હજુ થોડા જ સમય પહેલા 'કચ્છમિત્ર'માં વિનોદ ભટ્ટની લવ સ્ટોરી લખી હતી. તેમની અને નલિની બહેનની લવ સ્ટોરી : 'જ્યારે લગ્ન બાદ વિનોદને નલિની મળી...' નલિની બહેન આ વર્ષની ૨૯મી જાન્યુઆરીએ વિદાય થયા. વિનોદ ભટ્ટે તે લેખ વાંચ્યો હતો, તેમને ખૂબ ગમ્યો હતો. વિનોદ ભટ્ટના ઘેર બેસવા જતા ત્યારે તેઓ નિરાંતે વાતો કરતાં અને તેઓ બોલતા એથી વધારે તમારું સાંભળતા. આવા લેખક જૂજ હોય છે, જે સામેવાળાને સાંભળે! અને આ તો દિગ્ગજ અને લોકપ્રિય હાસ્યલેખક હતા, છતાંય. કોઈ કંઈ બોલે નહીં તો વિનોદ દાદા સામેથી કહે, 'એક કામ કરો, તમારા વિશે પાંચ વાક્યો બોલો.'

છેલ્લે તેમને મળ્યા ત્યારે થાક્યા હતા થોડા. મેં કહ્યું, 'હવે નિરાંતે આવીશ.' તેમણે સામું જોઈ, સહેજ હસીને કહેલું, 'નિરાંત ઉતાવળે લાવજો.'

★

વિનોદ ભટ્ટનો જન્મ ઉત્તરાયણના દિવસે – ૧૪મી જાન્યુઆરી, ૧૯૩૮ના રોજ થયેલો. તેઓ હંમેશ કહેતાં કે આ દિવસે ભીષ્મદાદા ઉપર ગયા અને હું ઉપરથી નીચે આવ્યો. જન્મનું સ્થળ અમદાવાદ દહેગામનું નાંદોલ ગામ. વર્ષ ૧૯૫૫માં તેઓ મેટ્રીક પાસ થયેલા અને ૧૯૬૧માં અમદાવાદની એચ.એલ.માં કોમર્સ પ્રવાહમાં દાખલ થયા અને એચ.કે. આર્ટસ કૉલેજમાં આર્ટસ કર્યું. તેમાં પણ તોફાન કરવાને કારણે કાઢી મૂકેલા. ત્યાર પછી અંતે જી.એલ.એલ. આર્ટસ કૉલેજમાં બી.એ. કર્યું. (આ બધું રમૂજી રીતે જ લખાઈ જાય છે. કેમકે લખતી વખતે તેઓ જે રીતે આ બધું કહેતા

એ યાદ આવે છે. વિનોદ ભટ્ટ એ અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રમાં બી.એ. કર્યું હતું. તેઓ કહેતાં કે, 'આ બેમાંનો એકેય વિષય ચડ્યો નથી!) એ પછી તેમણે એલ.એલ.બી.ની ડિગ્રી પણ મેળવી હતી. તેઓ પિતા સાથે સેલ્સ ટેક્સ - ઈન્કમટેક્ષમાં વેરા સલાહકાર તરીકે કામ કરતા હતા. પણ આ અને આવી બધી માહિતીઓ તો ઠીક મારા ભઇ! મારે તો એ કહેવું છે કે, અફલાતુન કવિ અને ઠીકઠાક રાજકારણી એવા કુમાર વિશ્વાસ છેલ્લે અમદાવાદ આવ્યા હતા ત્યારે તેમણે સ્ટેજ પરથી કહેલું કે, 'યે ગુજરાત હાસ્યલેખક વિનોદ ભટ્ટકા ગુજરાત હૈ!' ઓશો રજનીશે પણ તેમના લેક્ચર્સમાં વિનોદ ભટ્ટનું નામ લીધેલ છે.

આમ તો આ કોઈ અચરજ પમાડતી વાત નથી. કેમકે, વિનોદ ભટ્ટને મળો એટલે તમને સમજાય કે આ બધું જ પામી ગયેલો માણસ છે. એકદમ સહજ. જેમ ઉંમર વધતી જાય છે તેમ આ માણસ હળવો થતો જાય છે. કોઈપણ સિચ્યુએશનમાં હાસ્ય, મસ્તી અને જલ્સો! ૧૮મી મે ની વાત છે. ભાગ્યેશ જહા અને રતિલાલ બોરીસાગર તેમને મળવા ગયા હતા. વિનોદ દાદાનું શરીર નબળું પડી ગયું હતું. કિડની બરાબર કામ નહોતી કરતી. વાત કરતા કરતા તેમની આંખો બંધ થઈ જતી હતી. ભાગ્યેશ જહાએ કહ્યું, 'વાત કરતા કેમ ઊંઘી જાવ છો?'

વિનોદ ભટ્ટ કહે, 'ઇચ્છા તો એવી છે ઊંઘમાં વાતો કરું. પણ દોસ્ત, મજા નથી આવતી...'

રતિલાલ બોરીસાગરે પૂછ્યું, 'શું થાય છે?'

***વિનોદ ભટ્ટ :*** 'બધા ગાત્રો શિથિલ થઈ ગયા છે...'

***ભાગ્યેશ જહા :*** 'મગજ તો બરાબર છે...'

***વિનોદ ભટ્ટ :*** 'એ તો ક્યારનુંય નથી ચાલતું...'

***ભાગ્યેશ જહા :*** 'ક્યારનું એટલે?'

***વિનોદ ભટ્ટ :*** 'બસ, તમે મળ્યા ત્યારથી...'

આ છે વિનોદ વૃત્તિ. આ હતી વિનોદ વૃત્તિ. વિનોદ ભટ્ટ અને ભાગ્યેશ જહાના સંબંધો અતિ નીકટ અને મસ્તી મજાકના રહ્યા છે. વિનોદ ભટ્ટે અનેક જાહેર કાર્યક્રમોમાં ભાગ્યેશ જહા અને બક્ષી સહિત સૌની નિર્દોષ મસ્તી કરી છે. શ્રોતાઓને જલ્સા કરાવ્યા છે.

★

વિનોદ ભટ્ટે વર્ષ ૧૯૫૬થી મેગેઝિનોમાં લખવાનું શરૂ કર્યું. ત્યારબાદ ૧૯૬૬થી 'સંદેશ'માં તેમની 'ઇદમ તૃતિયમ' કોલમ શરૂ થઈ, જે ૩૨ વર્ષ સુધી ચાલી. ત્યારબાદ 'ગુજરાત સમાચાર'માં 'મગનું નામ મરી' નામની કોલમ લખી અને પછી વર્ષ ૨૦૦૬થી ગયા રવિવાર સુધી 'દિવ્ય ભાસ્કર'માં તેમની 'ઇદમ્ તૃતિયમ' કૉલમ આવતી હતી. આ કૉલમ ખાસ્સી લોકપ્રિય હતી. વિનોદ ભટ્ટનું પહેલું પુસ્તક 'પહેલું સુખ તે મૂંગી નાર' હતું. ત્યારબાદ 'વિનોદ ભટ્ટની અરહસ્યકથાઓ', 'વિનોદ ભટ્ટના પ્રેમપત્રો', 'ઇતમ ચતુર્થમ્', 'વિનોદની નજરે', 'નરો વા કુંજરો વા' વગેરે પુસ્તકો હતા. તેમના એક પુસ્તકનું નામ 'વગેરે વગેરે વગેરે...' હતું. 'વિનોદની નજરે'માં વિનોદ ભટ્ટે સાહિત્યકારોના 'વિશિષ્ટ' રેખાચિત્રો રજૂ કર્યા હતા. તેમની કૉલમ 'કુમાર' મેગેઝિનમાં પ્રગટ થઈ હતી અને કહેવાની જરૂર નથી કે તેણે એ સમયે કાફી ધમાલ મચાવી હતી. તેના બીજા ભાગ સમું પુસ્તક 'તમે યાદ આવ્યાં' ૨૦૧૪માં આવ્યું. તેમનું ઐતિહાસિક પાત્રોના હળવા આલેખન કરતું પુસ્તક 'અને હવે ઇતિ-હાસ' પણ નોંધપાત્ર છે. ૧૯૯૯માં તેમની આત્મકથા 'એવા રે અમે એવા' આવી હતી, જે ગુજરાતી આત્મકથા સાહિત્યમાં ટોચનું સ્થાન ધરાવે છે. આ તમામ સહિત તેમના કુલ ૪૦ પુસ્તકો છે. ઉપરાંત 'શ્લીલ-અશ્લીલ', 'ગુજરાતની હાસ્યધારા', હાસ્યાયન, હાસ્યેન્દ્ર-જ્યોતીન્દ્ર, હાસ્ય તેત્રીસી વગેરે ૧૪ જેટલા પુસ્તકોનું સંપાદન તેમણે કર્યું છે. તેમણે હિંદીમાં 'મન્ટો એક બદનામ લેખક', 'બૈતાલ છત્તીસી', 'દેખ કબીરા રોયા', 'વિનોદ મેલા' વગેરે ૧૧ જેટલા પુસ્તકો આપ્યા છે. ઉપરાંત હિંદી, મરાઠી, અંગ્રેજી, કન્નડ અને ઉડિયામાં તેમના પુસ્તક અનુવાદિત થયા છે. વિનોદ ભટ્ટ વર્ષ ૧૯૯૫માં બે વર્ષ માટે ગુજરાતી સાહિત્યના પરિષદના પ્રમુખ બન્યા હતા.

વિનોદ ભટ્ટને વર્ષ ૧૯૭૬માં કુમાર ચંદ્રક, ૧૯૮૯માં રણજિતરામ સુવર્ણ ચંદ્રક, ૨૦૧૬માં રમણભાઈ નીલકંઠ પુરસ્કાર અને જ્યોતિન્દ્ર દવે હાસ્ય પારિતોષિક એનાયત થયા હતા. વિનોદ ભટ્ટની પુસ્તક પરિચયની કૉલમ 'ચિત્રલેખા'માં પ્રકાશિત થતી હતી. વિનોદ ભટ્ટની કલમે ગીધુકાકાથી માંડીને ગાંધી, મોરારજી દેસાઇ, ઇન્દિરા ગાંધી, એલિઝાબેથ ટેલર, ચાર્લી ચેપ્લિન, મન્ટો વગેરેનો પરિચય કરાવ્યો છે. તેમણે જ્યોતિન્દ્ર દવે, ચીનુભાઈ પટવા 'ફિલસૂફ', મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી', તારક મહેતા, ધનસુખલાલ મહેતા વગેરેની શ્રેષ્ઠ હાસ્ય રચનાનું સંપાદન કર્યું છે.

વિનોદ ભટ્ટને પહેલી વખત મળવા માટે 'કચ્છમિત્ર'નો ઈન્ટરવ્યુ જ નિમિત્ત બન્યો હતો અને ત્યાર પછી તેમનો પ્રેમભર્યો આગ્રહ નિમિત્ત બનતો ગયો.

'એવા રે અમે એવા'ના છેલ્લા પાને તેમની જીવન ઝરમર

ટૂંકમાં આપેલી છે. તેનું શિર્ષક આપ્યું છે : 'લેખકના જીવનની કેટલીક નજીવી (વધુ તો ફાલતુ) ઘટનાઓ...'

તેમાં સૌથી છેલ્લો પોઈન્ટ છે 'મૃત્યુ'નો. તેની સામે લખ્યું છે : 'અફર છે, છોડવાનું નથી એની ખબર છે; અલબત્ત તારીખની ખબર નથી.'

વિનોદ ભટ્ટસાહેબ, આ તમારા માટે ફાલતુ ઘટના હશે, અમારા માટે જરાય નથી.

કાંકરિયા પાસે વેદ મંદિર પાસેની ધર્મયુગ કોલોનીમાં ૭મા નંબરની બહાર ટુ વ્હીલ પાર્ક કરીએ એટલે આંગણામાં બેઠેલી એક આકૃતિના ચહેરા પર સ્મિત છલકાય. તે ચહેરો ઊંચો થઈને તમને વેલકમ કહેતો હસવા માંડે. આ ચહેરો હવે ગાયબ થઈ ગયો છે.

વિનોદ દાદા, એક કામ કરો... તમારી યાદોને પણ સાથે જ લઈ જાઓ ને!

*ત્રણ વર્ષ પહેલાં, તેમના જન્મદિવસે પબ્લિશ થયેલા ઈન્ટરવ્યુમાં કચ્છ વિશે તેમણે કહેલું : 'પાર્થભાઈ, મેં મારા જીવનની પહેલી અને છેલ્લી નોકરી કચ્છમાં, ભુજમાં કરેલી અને ૧૯૬૧ની સાલમાં હું ૩ મહિના નાગર ચકલામાં, મણિલાલ વૈદ્યના ભાડાના મકાનમાં એક જણ જોડે રહેતો હતો. જેટલો પણ અનુભવ રહ્યો ખૂબ સારો રહ્યો. કચ્છ એટલે કચ્છ. ગુજરાતના બધા નગરો કરતાં અલગ ભાત પાડતું, કંઈક જુદું જ નગર છે અને વારંવાર જવાનું ગમે એવું છે. પ્રેમથી માણસ એમાં આમ... અડધો અડધ થઈ જાય એવું છે કચ્છ...!.*

*– વિનોદ ભટ્ટ*

## આજના સમયમાં સર્જક અને સમાજનું પરસ્પર કર્તવ્ય શું?

**(અનુસંધાન : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)**

જાય છે. વાસ્તવિક્તા અને સચ્ચાઈનું પ્રગટીકરણ કરે એ સર્જક સમાજ પાસેથી માન્યતા મેળવી શકે છે.

આપણે ત્યાં છેલ્લા પાંચ-સાત વર્ષથી સાહિત્યકારની ફરજ અને ઉત્તરદાયિત્વ વિશે કેટલીક ચર્ચા ચાલે છે. કટોકટી અને એ પછીની ઘટનાઓ દરમિયાન આ પ્રશ્ન ખૂબ ગંભીર બનેલો. એ અરસામાં લેખકોના એક મોટા જુથે રાજકારણમાં ચંચુપાત કરીને પોતાના અભિપ્રાયો દર્શાવેલા અને સાહિત્ય પરિષદોએ ઠરાવો કરેલા. બીજી તરફ કેટલાક 'પ્રતિબદ્ધ' સર્જકોએ એસ્ટાબ્લિશમેન્ટ તરફી વલણ લીધું અને કેટલાકોએ સમૂળગી પોતાની જાતને વેચી પણ નાખી. આમ છતાં, એક વાત નક્કી છે. અનુભૂતિ અને અભિવ્યક્તિ સમકાલીન ઘટનાઓ તરફી આંખમિંચામણ ન કરી શકે. વિશ્વમાં પણ આ જ મત સ્વીકારાયો છે. એમ ન હોત તો સોલ્ઝેનિત્સીન જેવા સર્જકોને આટલી કીર્તિ ન મળી હોત.

આજે સર્જક પાસે મોટા પડકારો ઊભા છે. એનો સમાજ વિઘટનના આરે છે અને વિશ્વશાંતિ ઉપર મોટો ભય તોળાઈ રહ્યો છે. આપણા દેશની વાત કરીએ તો લોકોના જુદા જુદા વર્ગો વચ્ચે સંઘર્ષ તીવ્ર ગતિથી વધી રહ્યો છે. આ સ્થિતિમાં સર્જક શું શાહમૃગી નીતિ અપનાવીને બેઠો રહેશે? કે એ સમાજને પોતાની સાથે લાગતી વળગતી ચીજ તરીકે સ્વીકારશે અને પોતાના સર્જનમાં એનું પ્રતિબિંબ વિદાયક રીતે ઝીલશે?

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

## વૈશ્વિક ચિત્તભ્રમ દિવસ : ૨૪ મે – (૨)

**(અનુસંધાન : પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

### કાર્ય શક્તિ

૧. કામમાં એકાગ્રતા ન રહે, બેધ્યાનપણું આવે.
૨. ધંધા કે ઓફિસના કામમાં ભૂલો થાય.
૩. સમજાવવા છતાં પોતાની ભૂલ ન સમજાય. પોતાની ભૂલ દર્દી સ્વીકારે નહીં.
૪. કામ પર અનિયમિત જાય. કારણસર ગેરહાજર રહે.
૫. કારણ વગર વારંવાર નોકરીઓ બદલે.
૬. રસોઈમાં ભૂલો થાય, ગેસ ચાલુ રહી જાય, ગેસ બંધ કરવાનું યાદ ન આવે, દૂધ ઊભરાઈ જાય, રોટલી, શાક બળી જાય, રસોઈમાં મીઠું નાંખવાનું ભૂલી જવાય કે બમણું મીઠું નાખી દે વગેરે.

### ભણતર પર અસર

૧. વિદ્યાર્થી વારંવાર નાપાસ થાય. ક્ષમતા કરતાં ઓછા ગુણાંક મળે.
૨. એકાગ્રતા ઓછી રહે.
૩. સ્મરણશક્તિ ઘટી જાય.
૪. અભ્યાસ કરે પણ યાદ ન રહે.
૫. વિદ્યાર્થી ભણતર ચાલુ ન રાખે.
૬. સ્કૂલ / કોલેજમાં અનિયમિત હાજરી આપે.

*ચિત્તભ્રમ બીમારી વિશેની ગેરસમજ તથા સારવાર આવનારા લેખમાં ચર્ચા કરીશું.*

*(ક્રમશઃ)*

*With Best Compliments From*

***Exclusive Business Partner***

Lyson® DIGITAL INKJET INKS

aryan™

Aryan Trade World Pvt. Ltd.

**Mahesh Majithiya**
**+91 98 79 65 34 32**

**Vinit Majithiya**
**+91 98 25 72 11 43**

imagem
PRINT YOUR IMAGINATIONS...

# Imagem Print Solutions

**Ink, Toner Powder, Blades & Other Cartridge Parts,**
**Teflon Sleeves, Pressure Roller & Other Printer Parts,**
**Wide range of Compatible Toner & Ink Cartridges**

B/907, Fairdeal House, Opp. Jain Dairy,
Swastik Cross Road, Navnragpura, Ahmedabad-380 009.
**Ph. : (079) 66314291 ● E-mail : mailtoimagem@gmail.com**

વિચાર મંચ

# આજના સમયમાં સર્જક અને સમાજનું પરસ્પર કર્તવ્ય શું?



ડૉ. યાસીન દલાલ

દરેક દેશમાં સર્જક અને ચિત્રકાર અથવા શિલ્પી અથવા ફિલ્મકાર રહેતા હોય છે. સાહિત્યકાર મોટેભાગે સમાજ સાથે જોડાયેલો રહે અથવા અળગો પણ રહે. આપણા દેશમાં અને ખાસ તો ગુજરાતીમાં સર્જકો જીવાતા જીવનથી અળગા રહેવાનું પસંદ કરે છે. ગુજરાતમાં ૨૦૦૨માં ભીષણ રમખાણો થયા એ વિશે ભાગ્યે જ કોઈ સાહિત્યકારે કલમ ચલાવી છે. જો કે નરોત્તમ પલાણે 'હુ હુ' નામની નવલકથા લખી હતી પણ એ સિવાય ભાગ્યે જ કોઈએ જીવાતા જીવન ઉપર કલમ ચલાવી છે. શ્રી ભગવતીકુમાર શર્માએ પણ જીવાતા જીવન ઉપર ક્યારેક લખ્યું છે.

સર્જક સંવેદનશીલ હોય છે એનો મોટામાં મોટો દાખલો અંગ્રેજી કવિ કીટ્સનો છે. એને કેટલાક કડક વિવેચકોએ એટલો બધો ઉતારી પાડ્યો કે ૨૬ વરસની યુવાનવયે એનું અવસાન થયું. આપણા ઉર્મિ કવિ કલાપીનું પણ ૨૬ વરસની ઉંમરે અવસાન થઈ ગયું. એમનું અવસાન પણ રહસ્યમય છે. જાણીતા ફિલ્મસર્જક અને 'પ્યાસા' જેવી અમર કૃતિ બનાવનાર ગુરુદત્તે પણ ૩૯ વરસની ઉંમરે આપઘાત કરી લીધો. ગુરુદત્ત પ્રકૃતિથી અત્યંત સંવેદનશીલ હતાં. વિદેશની વાત કરીએ તો નોબેલ પ્રાઇઝ વિનર અર્નેસ્ટ હેમિંગ્વેએ પણ આપઘાત કર્યો હતો. એ કહેતા કે દુનિયામાં વેદના અને ત્રાસ સિવાય કશું જ નથી. કોઈ બાળક મરી જાય તો પણ કહેતા કે એ બાળક નસીબદાર ગણાય કે આ ક્રૂર દુનિયાને જોવામાંથી બચી ગયો. આવા અનેક લેખકોના દાખલા ઈતિહાસમાં મળી આવે કે જેઓ ખૂબ કીર્તિ અને ખૂબ ધન કમાવા છતાં નિરાશ હતાં. દુનિયાની મહાન ફિલ્મો પણ આવી જ નિરાશા વ્યક્ત કરે છે. 'મધર ઇન્ડિયા' હોય કે 'દો બીઘા જમીન' હોય કે પછી 'બાયસિકલ થીપુ' હોય બધામાં વેદના અને નિરાશા એ કોમન મિનિમમ અવયવ હોય છે. આપણે ત્યાં ગાંધી યુગમાં ગરીબો પ્રત્યે સહાનુભૂતિની કવિતાઓ રચાઈ હતી. ઉમાશંકરે કહ્યું હતું કે 'ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે. ખંડેરની ભસ્મકણી ન લાદશે.'

અંગ્રેજીમાં 'વુધરીંગ હાઈટ્સ' નામની નવલકથા લખનાર એમિલી બ્રોન્ટી માત્ર ૨૬ વરસની ઉંમરે ગુજરી ગઈ. બ્રોન્ટી કુલ ત્રણ બહેનોમાંની એક હતી. એમનો ભાઈ એ લોકોને ખૂબ ત્રાસ આપતો હતો. જાણીતા ફિલ્મ અભિનેતા દિલીપકુમારને આ વાર્તા ખૂબ ગમી ગઈ. એના ઉપરથી નિર્માતા કારદારે 'દિલ દિયા દર્દ લીયા' નામની ફિલ્મ બનાવી. જો કે આ પહેલા પણ દિલીપકુમારના અભિનયવાળી 'હલચલ' અને 'આરઝુ'માં આ જ વાર્તા હતી. મૂળ વાર્તાનો હીરો હિથ ક્લીપ છે જે એક દત્તક લીધેલો પુત્ર છે. એના કુટુંબમાં એને બહુ ત્રાસ વેઠવો પડે છે. એ ઘરેથી ભાગી જાય છે અને નક્કી કરે છે કે બહારથી પૈસો કમાવીને હું લાવીશ અને બદલો લઈશ. એમ જ થાય છે અને એ બદલો લે છે. આ ફિલ્મમાં દિલીપકુમારે ઉત્તમ અભિનય કર્યો છે પણ ભારતીય પ્રેક્ષકો નાયક બદલો લે, એ વાતને સ્વીકારી શક્યા નહીં.

બ્રિટીશ લેખિકા વર્જીનીયા વુલ્ફ પણ નિરાશાથી પીડાતા હતા અને એમણે પણ આપઘાત કર્યો હતો. જર્મન વાર્તાકાર ફ્રાંસ કાફ્કા ૪૦ વરસની ઉંમરે મરી ગયા. એમનો વ્યવસાય વીમા એજન્ટનો હતો. બાકીના સમયમાં તેઓ લખતા હતા પણ હયાતીમાં એમણે એકપણ લખાણ છપાવ્યું નહીં. તેઓ ઇચ્છતા કે તેઓ મરી જાય પછી એમની બધી કૃતિઓ બાળી નાખવામાં આવે પણ એક અંગત મિત્રે તેમની આ ઇચ્છા પૂરી ન કરી અને એમના લેખો છપાયા અને તેઓ બહુ મશહૂર થયા.

અત્યારે ગુજરાતી ભાષામાં કેટલાક વિવેચકો અત્યંત કડક છે. તેઓ સર્જકની વેદનાને સમજી શકતા નથી અને સુથારની જેમ હાથમાં આવેલી કૃતિને છોલી નાંખે છે. પરિણામે પેલો લેખક હતાશ થઈ જાય છે. ખરેખર તો લેખકે આવી હતાશામાંથી બહાર નીકળી જવું જોઈએ. સાચી વાત એ છે કે લેખક કૃતિ લખે એ પછી એની માલિકી સમાજની થઈ જાય છે. કોઈ સમાજ કૃતિના વખાણ કરે કે કોઈ સમજ્યા વિના એની ટીકા પણ કરે. લેખકે આવો માલિકીભાવ રાખ્યા વિના તટસ્થ બનવું જોઈએ. ઈતિહાસમાં એવા પણ દાખલા છે કે કોઈ લેખક જીવતો હોય તો એને સતત અન્યાય જ થાય. રવિન્દ્રનાથ ટાગોર આવા જ એક લેખક હતા. યુવાન વયે સંખ્યાબંધ કૃતિઓ

સામયિકોને મોકલી એ બધાએ એને નકારી કાઢી. અંતે એમણે એક તુક્કો લગાવ્યો. એમણે એમ જાહેર કર્યું કે આ બધી કૃતિઓ એક મૃત લેખકની છે. તરત જ ધડાધડ એ બધી કૃતિઓ છપાઈ ગઈ. આ પછી એમણે જાહેર કર્યું કે એ લેખક મરી ગયો નથી પણ જીવતો છે અને એ હું જ છું. આ જ વાત ગુરુદત્તના 'પ્યાસા'માં સારી રીતે કહેવાઇ છે. વિજયની કૃતિઓ કોઈ અખબારમાં લેવાતી નથી. અંતે શિયાળાની કડકડતી ઠંડીમાં એક પુલ પાસેથી એ પસાર થાય છે અને ઠંડીમાં ધ્રુજતા ભિખારીને પોતાનો કોટ આપી દે છે. ટ્રેન અકસ્માતમાં એ ભિખારી મરી જાય છે અને ખિસ્સામાંથી મળેલી ડાયરીનાં આધારે લોકો એમ માને છે કે વિજય નામનો કવિ માર્યો ગયો. તરત જ એ રાતોરાત પ્રખ્યાત થઈ જાય છે અને એને શ્રદ્ધાંજલિ આપવા એક સભા યોજાય છે જેમાં એ ગીત ગાય છે 'દુનિયા અગર મિલ ભી જાયે તો ક્યા હૈ...'

સર્જકની કોઈ પણ અસંવેદનશીલ સમાજ કેવી હાલત કરે છે એનું સુંદર વર્ણન જર્મન પુસ્તક 'એનિમી ઓફ ધી પીપલ'માં જોવા મળે છે. આ એક ડૉક્ટરની વાત છે જે સાબિત કરે છે કે ગામનાં ઝરણામાં જે પાણી મળે છે તે રોગ મટાડતું નથી પણ રોગ વધારે છે. ગામના મેયર આ ડૉક્ટરના સગાભાઈ છે. એને આ વાત ગમતી નથી. ઝરણા ઉપર તો ગામની આવકનો આધાર છે. એટલે મેયર કાવત્રા કરીને ડૉક્ટર વિરુધ્ધ પ્રચાર કરે છે. ડૉક્ટર એક જાહેરસભા બોલાવે છે એમાં મેયરના માણસો ઘૂસી જાય છે. ડૉક્ટર બોલે છે ત્યારે એનો હુરિયો બોલાવાય છે અને 'આ તો આપણો દુશ્મન છે' એમ કહીને પથ્થર ફેંકવામાં આવે છે. ડૉક્ટર નિરાશ થઈને ગામ છોડી દે છે. આ જ વાર્તા ઉપરથી સત્યજીત રાયે 'ગણશત્રુ' નામની ફિલ્મ પણ બનાવેલી.

આપણા દેશમાં સર્જકો પ્રત્યે કેવો વર્તાવ થાય છે એ જાણવા જેવું છે. દિલ્હીમાં ગાલીબની કબર હતી ત્યાં અત્યારે કોલસાની વખાર થઈ છે. નડિયાદમાં મણિલાલ નભુભાઈનું ઘર હતું ત્યાં ટ્યુશન ક્લાસ ચાલે છે. ધૂમકેતુએ આ જ વિષય ઉપર એક વાર્તા પણ લખી છે. મણિલાલ નભુભાઈની આત્મકથા એમના અવસાનના થોડા વરસ પછી ધીરુભાઈ ઠાકરે બહાર પાડેલી. ખરેખર મણિલાલની ડાયરી હતી. ગુજરાતીમાં ગાંધીજીની આત્મકથા પ્રખ્યાત છે અને એ અનેક ભાષાઓમાં અનુવાદિત પણ થઈ છે.

દરેક સાહિત્યકાર, દરેક સર્જક પોતાન સમાજ, પોતાના રાજ્યોનો એક અંગભૂત હિસ્સો હોય છે. એનો સમાજ સાથેનો સંબંધ બે સ્તરે ચાલે છે. એક તો વ્યક્તિગત ધોરણે અને બીજો એક સાહિત્યકાર તરીકેનો. ફૈઝે કહ્યું છે તેમ, એણે આ બંને જવાબદારી બરાબર નિભાવવાની હોય છે. સાહિત્યકાર તરીકેની એની ફરજ વિશેષ ગંભીર છે. અલબત્ત, આ બંને ફરજો એકબીજાથી જુદી નથી, તેમ વિરોધી નથી, પણ પૂરક છે.

વિશ્વના ઘણા લેખકોએ વિશ્વની ચિંતા કરવાનું તો દૂર રહ્યું, પણ એના અસ્તિત્વને સમૂળગું નકારી કાઢ્યું છે અને પોતાના અલગ જ વિશ્વમાં રમવાનું પસંદ કર્યું છે. બીજી તરફ સંખ્યાબંધ સર્જકોએ સમાજના નાના મોટા પરિવર્તનોમાં સક્રિય ભાગ લીધો છે. આંદ્રે માલરોએ ચીનના યુદ્ધમાં ભાગ લીધેલો અને બાંગ્લાદેશના આઝાદી યુદ્ધ વખતે પણ હાથમાં બંદુક પકડવાની ઇચ્છા દર્શાવેલી. આ સાહિત્યકારની તદ્દન સામા છેડાની પ્રક્રિયા છે. કેટલાક સર્જકો સમાજના વિઘટનમાં જ રસ લે છે, અરાજકતાવાદ કે નક્સલવાદ જેવા અંતિમવાદી પરિબળોને ટેકો જાહેર કરે છે. બીજી તરફ લેખકોનું એક જૂથ એમ માનતું આવ્યું છે કે સર્જકે માત્ર 'સત્યમ્ શિવમ્ અને સુંદરમ્'નું જ ચિત્રણ કરવું જોઈએ અને એનો સમાજ પ્રત્યેનો અભિપ્રાય સૌંદર્યલક્ષી હોવો જોઈએ.

સાહિત્યકાર પોતાની રચનાઓમાં સમાજનું માત્ર વર્ણન કરતો નથી પણ એનું અર્થઘટન પણ કરે છે. આ અર્થમાં એ સમાજની સાથે સંકળાઈ જ જાય છે. સમાજથી અલગ વ્યક્તિ એનું અર્થઘટન કરી શકે નહીં, કરવાનો એનો અધિકાર પણ નથી એની અનુભૂતિમાં ક્યારેક ભાવના પણ મળે છે. ચાર્લ્સ ડિકન્સની કૃતિઓમાં આવી ભાવના પ્રધાનતા જોવા મળશે. હેરિયર બીયર સ્ટોવેની કૃતિ 'અંકલ ટોમ્સ કેબીન'એ અમેરિકામાં હબસી તરફી આંદોલનને કેટલી મદદ કરેલી એ સુખ્યાત છે. સર્જક પોતાની અનુભૂતિની પ્રક્રિયામાં ઘટનાઓનું વિશ્લેષણ પણ કરે છે, અને એ પક્ષે આંકડાઓ સત્ય ઘટનાઓની પણ મદદ લે છે. વિશ્વના ચેતન અને અચેતન પદાર્થોનું એ સંયોજન કરી બતાવે છે. સર્જક પોતાના વ્યક્તિત્વના વર્તુળમાં ઘેરાયેલો રહેતો હોય છે. પણ કેટલાક સર્જકો એમાંથી બહાર નીકળીને સામાજિક વર્તુળ અથવા સમગ્ર માનવીય વર્તુળમાં પ્રવેશ કરે છે. સર્જકની ફરજ જેટલી ઊંચી, તેટલું એનું વર્તુળ પણ ઊંચું. દરેક વર્તુળ એના માનસમાં તરંગો પેદા કરે છે અને એમાંથી સુખ-દુઃખ, રતિ-વિરક્તિ, રાગ-વૈરાગ્ય જેવા ભાવો જન્મે છે. એના અહેસાસનું વર્તુળ એક નવા પરિમાણ ઉપર એને લઈ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧ ઉપર)**

# મત્સ્યોદ્યોગ ક્ષેત્રે કચ્છ જિલ્લાનું આગવું પ્રદાન



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

કચ્છ જિલ્લાની સૂરજબારીથી લખપત સુધીની ૪૦૫ કિ.મી. દરિયાઈ પટ્ટી પર ૬૩ મત્સ્ય કેન્દ્રો આવેલા છે. જેમાં મત્સ્યોદ્યોગની દૃષ્ટિએ સૂરજબારી, કંડલા, તુણા, ભદ્રેશ્વર, મુંદ્રા, મોઢવા, મોટા સલાયા, માંડવી, જખૌ, કોટેશ્વર, લખપતનું વિશેષ મહત્ત્વ છે.

- **જિલ્લા વિશેષતા :**

કચ્છ જિલ્લો ગુજરાત રાજ્યનો ૨૩.૨૭ ટકા ભૌગોલિક વિસ્તાર ધરાવે છે. જે ૪૫,૨૬૨ ચો.કિ.મી. છે. કચ્છના ૧૦ તાલુકા છે. જે રણ, દરિયા, ડુંગરાળ પ્રદેશોથી શોભી રહ્યા છે. કચ્છ જિલ્લો સરહદી વિસ્તાર છેવાડાનો મનાય છે. જિલ્લાની વિશાળ દરિયાઈ પટ્ટી, ખાડીઓ ૧૮૦ જેટલી મધ્યમ તથા નાની સિંચાઈઓ મત્સ્યોદ્યોગના વિકાસ તથા નિકાસનું માધ્યમ બની રહેલ છે.

જિલ્લાના ૬૩ મત્સ્ય કેન્દ્રો પરથી આર્થિક રીતે અગત્યતા ધરાવતી માછલીઓનું ઉત્પાદન મેળવવા અંદાજે ૧૮,૦૦૦ માછીમારો તેમની ૧૫૮૯ બોટોથી કાર્યરત છે. જિલ્લાનું સરેરાશ મત્સ્ય ઉત્પાદન ૭૦,૦૦૦ મેટ્રિક ટન છે. લાંબો સાગરકાંઠો ધરાવતા કચ્છ માટે મત્સ્યોદ્યોગના વિકાસને અનુલક્ષીને રૂા. ૧૬.૬૭૫ લાખના ખર્ચે માછીમાર વસાહતોનું નિર્માણ કરવા તેમજ માછીમારના કલ્યાણ અર્થે રૂા. ૧૩૨ લાખ ઉપરાંતનો ખર્ચ કરેલો છે. જેથી માછીમારોનો ઉત્કર્ષ થશે.

- **માછીમારો માટે જખૌ અગ્રેસર બંદર :**

મત્સ્ય સીઝનમાં જખૌ બંદરે અંદાજે ૧૫,૦૦૦ની વસતિ હોય છે. કચ્છ જિલ્લામાં મત્સ્ય ઉત્પાદનમાં ૭૫થી ૮૦ ટકા જખૌ બંદરનો ફાળો છે. સીઝનમાં ૮૦૦થી ૧૦૦૦ બોટો અત્રે આવે છે. માછીમારોને પૂરતી સુવિધા પ્રાપ્ત થાય તે માટે અત્રે ફિશરીઝ ટર્મિનલ ડિવિઝન સ્થપાયું છે. જખૌ અને તેની આસપાસના વિસ્તારમાં લગભગ છ જેટલા બરફના કારખાનાઓ પ્રસ્થાપિત થયા છે.

- **માછીમારો માટે વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ :**

માછીમારોના સામાજિક ઉત્કર્ષ માટે માછીમાર વસાહત યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે માછીમારોને પોતાનું ઘર ન હોય તેને મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ આવાસો બાંધી આપશે. કચ્છ જિલ્લામાં નાના લાયજા, તુણા, મુંદ્રા, શેખડિયા, કડુલી, નીમણી વાંઢ, ભારાવાંઢ, આસીરા વાંઢમાં ૭૩ આવાસો બનાવાયા. ૩૫ ચો.કિ.મી. જમીન પર ખાતાની ડિઝાઈન મુજબ મકાન બાંધકામ કરવાનું રહે છે. બે મત્સ્યોદ્યોગ સહકારી મંડળીને ૬ ટ્રોલર્સ ૯૫,૧૪,૦૦૦ મંજૂર કરાયા છે.

- **પગડિયા માછીમારોને સહાયઃ**

જે માછીમારો પાસે બોટ નથી, પગે ચાલીને દરિયામાં જાળ લઈ જાય છે, તેઓ પગડિયા માછીમારો કહેવાય છે. તેમની જવા આવવાની તકલીફ નિવારવા ખાતા તરફથી સાઈકલ તથા ઈન્સ્યુલેટેડ બોક્ષ અપાઈ રહ્યા છે. જેનો લાભ સારા પ્રમાણમાં માછીમારો લઈ રહ્યા છે.

- **આંતરદેશીય મત્સ્યોદ્યોગ ક્ષેત્રે આગે કદમ :**

કચ્છ જિલ્લામાં પાણીની વ્યાપક તંગી છે છતાં અત્રે મત્સ્યબીજ ઉત્પાદન ક્ષેત્રે "હેચરી"ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ભુજ તાલુકાના રાયધણપર ગામે પ્રથમ ખાનગી ક્ષેત્રે આ વ્યવસ્થા સાકાર થઈ છે. જામનગર, મહેસાણા, બનાસકાંઠામાં આ મત્સ્ય બીજ મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા અપાય છે.

- **ઉપસંહાર :**

માછીમારોની આર્થિક - સામાજિક ક્ષેત્રે પ્રગતિ થાય તે અર્થે ભારત સરકાર તથા રાજ્ય સરકાર બેનમૂન વિકાસના પગલાં ભરી રહી છે. માછીમારોના બાળકોની શિક્ષણ વ્યવસ્થા, આવાસ વ્યવસ્થા, સાધન વ્યવસ્થા માટે સરકાર કટીબધ્ધ છે.

તાજેતરમાં જ કચ્છમાં કોટેશ્વર બંદરના વિસ્તારમાં પાકિસ્તાનની સરહદ તરફ દરિયાઇ ક્ષેત્રે કચ્છના સાહસિક માછીમારોને દુર્લભ ગૉલ માછલીનો અતિ દુર્લભ મનાતો ખજાનો મળી આવ્યો. ૮૦૦ ગૉલ માછલીની કિંમત ૫૬ લાખ રૂપિયાની થઈ. આ સાહસિક માછીમારો રાતોરાત લખપતિ બની ગયા.

સરકારશ્રીની યોજનાઓથી માછીમારો આર્થિક રીતે અવશ્ય સધ્ધર બનવા પામશે.

*સંસ્કાર નગર, લીમડા લાઈન,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*



खईके पान महकवाला
महक गया, मस्त मूड हमारा
MICHI'S®
Candies & Toffees
₹ 1/- PER PIECE
Maha Masti
MICHI'S
Pan Mahek
सब' मस्त है!
SUGAR BOILED CONFECTIONERY
Visit us on: http/www.jrjfoods.com//www.michis.in
Email: salessupport@jrjfoods.com facebook.com/MichisTreats
MichisTreats
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12 info@jrjfoods.com jrjfoods.com

દૃષ્ટિકોણ

### ૧૯૬૨, ૧૯૬૫, ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધમાં સેવા આપનાર વિમાન ચાલક

# સંત પાયલોટ બાબા



**ગોવિંદ વી. ખોખાણી**
**પ્રેસ રીપોર્ટર**

મિગ વિમાન ઉડાડનાર ભારતીય એરફોર્સના પાયલોટ, વૈભવશાળી જીવન પસાર કરનાર પાયલોટ કપિલ એ પોતે પણ ક્યારેય વિચાર્યું નહીં હોય કે પોતાની સરહદ રખેવાળીની ફરજ દરમિયાન પોતાનું જીવન અધ્યાત્મના માર્ગે વળી જશે અને આકાશની ઉંચાઈએ મૌન ધારણ કરી આત્મા, ઈશ્વરીય શક્તિ સાથે વાતો કરતો થશે. પોતાની કૌશલ્ય શક્તિથી પાયલોટ બનનાર કપિલ આજે ભારતીય સંત સમુદાયમાં પાયલોટ બાબા તરીકે જાણીતા છે.

આજે સંત સમુદાયમાં હિંદુ સનાતન ધર્મને લાંછન લગાડનાર ઢોંગી સંતો પોતાના સાંપ્રદાયિક વાડાઓ ઊભા કરી ભોળી પ્રજાને પ્રલોભન આપી, ગૃહસ્થ જીવનમાં ભ્રષ્ટાચાર ઊભો કરી રહેલ છે ત્યારે પાયલોટ બાબા અંધશ્રધ્ધા, ખોખલી વાતોથી દૂર રહી ઉપદેશ આપતાં માત્ર એક વાત કરે છે કે, 'દરેક માણસ પોતાની જાતે જ મહેનત કરી ભગવાનને મેળવી શકે છે.' બધા જ ધર્મોનું એકમાત્ર લક્ષ્ય આધ્યાત્મિક શોધ છે અને યોગ દ્વારા પરમાત્માની પ્રાપ્તિ સરળ છે તેમ માનનારા પાયલોટ બાબા અન્ય સંતોની જેમ ધર્મ, પૂજાપાઠ, અર્ચના, મંત્રજાપ સાથે જીવવાની કળા અને સ્વયં શરીર અંગે વધુ બોલે છે. બાબાનો જીવન પ્રત્યનો દૃષ્ટિકોણ ખૂબ જ વ્યવહારિક અને વૈજ્ઞાનિક છે.

૨૦૦૧માં અલ્હાબાદ કુંભમેળામાં બાબા સાથે પ્રથમ મુલાકાત થઈ. ત્રિવેણી સંગમના તળ પર વિશાળ સંખ્યામાં ફેલાયેલ સાધુ, સંતો, મહંતો, પીઠાધીશોના તંબુઓ વચ્ચે કાલી સડક રોડ પર પસાર થતાં અચાનક પાયલોટ બાબાનું બેનર જોવા મળ્યું. આ સંતની જીવનચર્યા અંગે સાહિત્ય દ્વારા વાંચવા મળેલ. તેથી તુરંત ટેન્ટમાં પહોંચી ગયા. બપોરના સમયે બાબા એકલા જ બેઠા હતા. શ્રદ્ધાળુઓની ચહલપહલ ઓછી હતી. બાબાને વંદન કરી નતમસ્તકે ઊભો રહ્યો કે બાબાએ તુરંત ખુરશી પાસે ખેંચી, બેસવા આદેશ કર્યો. વાર્તાનો દોર શરૂ કરતાં બાબાએ વતન અંગે માહિતી મેળવી, પરિવારના ખબર અંતર પૂછ્યા. ધાર્મિક ઉપદેશ આપતા સંત જીવન જીવવાની કળા અને સ્વયં શરીર અંગે વિસ્તાર પૂર્વક સમજણ આપતાં શરીરમાં આત્માના વાસ અને આત્માથી પરમાત્માના દર્શન અંગે ગૂઢ રહસ્યની વિસ્તાર પૂર્વક સમજણ આપે છે. જે આ જ્ઞાની સંતમાં દર્શન શાસ્ત્રનું જ્ઞાન જોવા મળે છે. લાંબા સમય સુધી ઉપદેશ મેળવી વિદાય લીધા પછીની આ પ્રથમ મુલાકાત કાયમી બની જાય છે. હરિદ્વાર, અલ્હાબાદ, ઉજ્જૈન તેમજ નાસીકના કુંભમેળામાં જ્યારે પણ જવાનું થાય છે ત્યારે પાયલોટ બાબાના સ્થાનની શોધ કરી તેમના દર્શન કરી જીવનમાં ધન્યતાનો અનુભવ કરવાની તક ઝડપી લઉં છું.

બિહારનો આસારામ જિલ્લો, જે ગૌતમ બુધ્ધનું જન્મ સ્થળ છે, ત્યાં ૧૫ જુલાઇ, ૧૯૩૮ના પાયલોટ બાબાનો જન્મ. બાલ્યાવસ્થાનું નામ 'કપિલ'. ઘરનું વાતાવરણ શરૂઆતથી જ આધ્યાત્મિક અને તેનો પ્રભાવ કપિલ પર ખરો જ. પ્રાથમિક શિક્ષણ દાર્જિલિંગ હોસ્ટેલમાં રહી પૂર્ણ કરી બનારસમાં બી.એસ.સી.ની ડિગ્રી મેળવી. પાયલોટિંગ પ્રશિક્ષણ મેળવી ભારતીય વાયુદળમાં જોડાઈ ગયા અને ૧૯૬૨માં ચીન સરહદે નેફા વિસ્તારમાં ફરજ બજાવી.

૧૯૬૨ પછી ૧૯૬૫ તેમજ ૧૯૭૧માં ભારતની પશ્ચિમ સરહદે પોતાના હવાઇ યુદ્ધની કુશળતાનો પરિચય આપ્યો. તેમની આ વીરતા બદલ તેમને શૌર્યચક્ર, વીરચક્રથી ભારત સરકારે સન્માનિત પણ કર્યા.

પોતાની હવાઇદળની ફરજ દરમિયાન બનેલ એક ઘટનાએ વાયુદળ પાયલોટ કપિલના જીવનમાં પરિવર્તન લાવી દીધું. ૧૯૯૬ના વર્ષની વાત છે. પાયલોટ કપિલ ઉત્તર ભારતની પૂર્વોત્તર સરહદે મિગ વિમાન ઉડાડી રહ્યા હતા. અચાનક વિમાનમાં આગ લાગી. એન્જિન બંધ થઈ ગયું. આ પરિસ્થિતિમાં વિમાનને નીચે ઉતારવાનું પણ મુશ્કેલ હતું. મુશ્કેલીના આ સમયે પાયલોટ કપિલને પોતાના ગુરુ હરિબાબા યાદ આવ્યા. વિમાનની કોકપીટમાં ગુરુ હરિબાબાના દર્શન થયા. વિમાન ક્રેશ થયું પરંતુ ગુરુની અજ્ઞાત શક્તિથી પાયલોટ કપિલ સલામત

ઉતરી ગયા અને બચી ગયા.

બસ, આ ઘટનાએ પાયલટ કપિલને એક નવી જ જિંદગી જીવવાની પ્રેરણા આપી. પાયલોટ કપિલને કુટુંબ સાથે લાગણી ગાઢ નહીં. તેને લાગવા માંડ્યું કે જીવનમાં હજું ઘણું કરવાનું બાકી છે. પાયલોટની નોકરી છોડી, ગુરુ દીક્ષા લઈ, સંન્યાસ ગ્રહણ કરી લીધો અને નવી ઓળખાણ સાથે નવું નામ પાયલટ બાબા.

સંન્યાસ ગ્રહણ કર્યા પછી પાયલોટ બાબા હિમાલયમાં તપસ્યામાં લીન થઈ ગયા. સતત ૩૩ દિવસ સુધી બરફ વચ્ચે સમાધિ લીધી. આ સમાધિસ્થ અવસ્થા દરમિયાન હિમાલયમાંથી આદેશ મળ્યો, 'હવે તારો હિમાલય તપસ્યાનો સમય પૂરો થાય છે. અહીંથી જા અને વિશ્વશાંતિના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા લોકોની વચ્ચે જઈ અધ્યાત્મ માર્ગનું માર્ગદર્શન આપ. એ જ સંતનું કર્તવ્ય છે.'

પોતાની આધ્યાત્મિક અને યૌગિક શક્તિના બળના ઉપયોગ દ્વારા બાબા પરમાત્માની શક્તિનો પરિચય કરાવે છે. વ્યક્તિગત રીતે બાબા કોઈ ઢોંગ કે ચમત્કારને માનતા નથી. ન તો તેઓ એ વાતને વધુ પ્રોત્સાહિત કરે છે. બાબાનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ વ્યવહારિક છે.

પાયલોટ બાબા જૂના અખાડાના વરિષ્ઠ મહામંડલેશ્વર પૈકી એક છે. તેમના આશ્રમ ગંગોત્રી, હરિદ્વાર, વૃંદાવન અને નૈનીતાલમાં આવેલ છે. બાબા તેમના શિષ્યો સાથે ધર્મ, અધ્યાત્મ અને જનકલ્યાણનાં કાર્યોમાં સતત વ્યસ્ત રહે છે અને ભારત તેમજ વિદેશોમાં વિચરણ કરતા રહે છે. પાયલોટ બાબા માત્ર ભારત જ નહીં પરંતુ વિશ્વના અનેક દેશોમાં પોતાના અનુયાયીઓ ધરાવે છે. જાપાન, અમેરિકા અને યુરોપના દેશોમાંથી લોકો તેમના આશીર્વાદ લેવા નિયમિત આવે છે. બાબા વિશ્વશાંતિ અભિયાન, મહાયોગ ફાઉન્ડેશન અને યોગમાતા / ફાઉન્ડેશન ટ્રસ્ટના ઉપક્રમે સમાજ સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવે છે.

વિશ્વશાંતિ અભિયાનની અલખ જગાવતા મહાયોગી સંત પાયલોટ બાબા કહે છે, યોગના દરેક પ્રયોગથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને હંમેશાં નવી દિશા મળતી રહે છે.

*નવા વાસ, મુ.પો. માધાપર,*
*તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૪૨૬૯ ૬૭૮૧૮*

*પૈસો માણસને યોગ્ય બનાવતો નથી. મસલ પાવર પણ માણસને યોગ્ય બનાવતું નથી. માત્ર ચરિત્ર જ માણસને યોગ્ય બનાવે છે.*

Splendid
**P & G Enterprise**
*Kitchenware, Household Products & Corporate Gifts*
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**
**• PACKED & MARKETED BY •**
**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599
K C I
**KARMA**
**CHEMICAL INDUSTRIES**
**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**
**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

વાયબ્રન્ટ હાસ્ય

# લાફ્ટર થેરાપી

## લાફ્ટર ઇસ ધી બેસ્ટ મેડિસિન – (૫)

• તુલસી કંસારા •

દર વરસે મે મહિનાના પ્રથમ રવિવારે વર્લ્ડ લાફ્ટર ડે ઉજવવામાં આવે છે. આ વરસે ૬ઠ્ઠી મે ના રોજ પ્રથમ રવિવારે તે ઉજવવામાં આવ્યો. પ્રથમ વખત આ દિવસની ઉજવણી આજથી ૨૦ વર્ષ પહેલાં મે ૧૮, ૧૯૯૮ના મુંબઈમાં કરવામાં આવેલ અને તેનું આયોજન વર્લ્ડ વાઇડ લાફ્ટર યોગા મુવમેન્ટના ફાઉન્ડર ડૉ. મદન કટારિયા દ્વારા કરવામાં આવેલ હતું.

લાફ્ટર એટલે કે ખડખડાટ હાસ્ય એક પોઝિટિવ – હકારાત્મક અને પાવરફુલ મનોભાવ છે. એક એવી લાગણી છે, કે જેનામાં વ્યક્તિના આંતરમનને બદલવાના અને તે દ્વારા તેના વિચારોમાં હકારાત્મકતા લાવવાના દરેક ગુણ રહેલ છે અને તે રીતે દુનિયામાં શાંતિ ફેલાવવાનો રચનાત્મક સંદેશ રહેલ છે. આ વૈશ્વિક હાસ્ય દિવસની ઉજવણી દ્વારા વિશ્વમાં ભાઇચારા અને મિત્રતાની ભાવના ફેલાવાનો હેતુ ખડખડાટ હાસ્યમાં રહેલ છે. કોઈપણ ક્રિયા જ્યારે તમે સમૂહમાં, હકારાત્મક ભાવ સાથે કરો, ત્યારે સ્વાભાવિક રીતે ભાઇચારા અને મિત્રતાની ભાવના ઉત્પન્ન થતી હોય છે.

આપણે અત્યાર સુધીના ચાર હપ્તામાં હાસ્ય ક્લબની કસરતો કેવી રીતે કરવામાં આવે છે તે જોઈ ગયા. કસરતના ફાયદાઓનો તો આપણને અંદાજ છે જ, જેવા કે કેલેરીનું દહન થવું અને પરિણામે બેઝલ મેટાબોલીક રેટમાં વધારો થવો, વજનમાં ઘટાડો થવો, મગજને લોહી વધારે મળવાથી તેની કાર્યક્ષમતા વધવી, કોર્ટીસન જેવા માનસિક તનાવ, સ્ટ્રેસ ઉત્પન્ન કરતા હોર્મોનમાં ઘટાડો થવો, બી.પી., ડાયાબિટીસ જેવા રોગોની શક્યતામાં ઘટાડો, ફેફસાની ક્ષમતામાં વધારો થતાં શ્વાસોચ્છવાસને લગતી અસ્થમા જેવી બીમારી સામે રક્ષણ વગેરે. પરંતુ હવે આપણે લાફ્ટર એટલે કે ખડખડાટ હાસ્યના ફાયદાઓ જોઈશું. ડૉ. મુકુંદ મહેતા તેમના લાફ્ટર એન્ડ હેલ્થ નામના એપ્રિલ-૨૦૧૮ના તંત્રી લેખમાં લખે છે તેમ ઝેન મોનેસ્ટ્રીમાં રહેતા સાધુઓ આખો દિવસ કારણ હોય કે ના હોય, એકબીજાને મળે ત્યારે કે એકલા હોય ત્યારે ખડખડાટ હસવાની ક્રિયા કરે છે અને જીવનભર તંદુરસ્ત રહે છે.

થોડીવાર માટે પણ હસવાની ક્રિયા થાય છે ત્યારે તમે એક પ્રકારની ધ્યાનાવસ્થામાં આવી જાઓ છો. તમારા મનમાં ચાલતા સારા-નરસા વિચારો અદશ્ય થઈ જાય છે. તમે અનુભવશો કે હસવું અને વિચાર કરવો એ બંને સાથે થઈ શકે નહીં. તદુપરાંત હસવાથી તમારા શરીરમાં પ્રાણવાયુ વધારે પ્રમાણમાં જાય છે, જેને કારણે તમારા શરીરમાં એન્ટીબોડીઝની સંખ્યા વધે છે. જેને કારણે રોગપ્રતિકારક શક્તિ, ઇમ્યુનિટી વધે છે. હાર્ટ એટેક સ્ટ્રોક કે બ્રેઇન એટેક સામે રક્ષણ મળે છે.

અહીં મારો એક સ્વાનુભવ ટૂંકમાં કહું તો ૨૦૧૩ના ઓગસ્ટમાં મારી હેલસિન્કી (ફિનલેન્ડ)ની મુલાકાત દરમિયાન મને ઍરપોર્ટ ઉપર જ મુંઝારો થયેલ અને તુરત જ સોડાની બોટલ લઇને પીધેલ. ઘેર પહોંચી, મારા પુત્ર સાથે બહાર થોડું ચાલવા ગયો તો થાક લાગ્યો, ફટીક જણાયું એટલે પરત આવ્યા. ત્યારબાદ ૩-૪ દિવસ સુધી ખેંચ્યુ. ઊંડા શ્વાસોચ્છવાસ લઇને, ઇનો પીને વગેરે અને લગભગ ત્રીજા દિવસે ડૉક્ટરને દેખાડ્યું. તેણે ટ્રેડમિલ ટેસ્ટ વગેરેની ભલામણ કરી, અઠવાડિયા પછીની તારીખ આપી. રાત્રે વધારે તકલીફ થતાં બ્લડ પ્રેશરની દવા લેવા માટે મારા પુત્રને બજારમાં મોકલ્યો. પરંતુ પ્રિસ્ક્રીપ્શન વગર કોઈ દવા ના આપે. એક કેમિસ્ટની દુકાનેથી સલાહ મળી કે કોઈ દવા તમને મળશે નહીં. જરૂર પડે તો યુનિવર્સિટીની હોસ્પિટલમાં ફોન કરીને એમ્બ્યુલન્સ મંગાવી લો. રાત આખી એ જ રીતે ઊંડા શ્વાસોચ્છવાસની ક્રિયાથી પસાર કરીને સવારે અન્ય કન્સલ્ટિંગ હોસ્પિટલમાં પહોંચ્યા. ત્યાંથી પણ પેલી યુનિવર્સિટીની હોસ્પિટલમાં જવાની સલાહ મળી. પરંતુ થાક ખૂબ જ લાગતો હોવાથી ફરી ત્યાં જઈ જે પણ દવા હોય તે આપવા વિનંતી કરી અને દરમિયાનમાં બાથરૂમ ગયેલ ત્યાં જ જોરદાર ઍટેક આવ્યો અને ચક્કર આવવા લાગ્યા. માંડ બેડ સુધી પહોંચ્યો અને ડૉક્ટરે તાત્કાલિક કોઈ સોરબીટ્રેટ જેવી દવા મોઢામાં નાખી અને એમ્બ્યુલન્સ બોલાવી યુનિવર્સિટીની હોસ્પિટલમાં ખસેડ્યો, જ્યાં માત્ર એક જ આર્ટરી - ધમનીમાં ૯૦ ટકા ઉપર બ્લોકેજ જણાયેલ ત્યાં સ્ટેન્ટ બેસાડી આપેલ. ડૉક્ટરોને પણ નવાઈ લાગેલ કે માત્ર એક જ ધમનીમાં બ્લોકેજ કેવી રીતે આવ્યું કારણકે બાકીની રક્તવાહિનીઓમાં તો માત્ર ૪૦થી ૪૫ ટકા જ બ્લોકેજ હતું, જે નોર્મલ કરતાં પણ સારું કહી

શકાય. મારા આ હાર્ટ ઍટેક સામે ત્રણ-ચાર દિવસ ટકી રહેવાનો યશ તો હું મારી લાફિંગ ક્લબની કસરતોને જ આપું છું અને તેને કારણે ઊંડા શ્વાસ લેવાની પડેલ ટેવને પણ.

- **મન અને શરીર માટે ખડખડાટ હાસ્ય શા માટે એક મીઠી દવા છે?**

હાસ્ય એ સ્ટ્રેસ, દર્દ અને સંઘર્ષ સામે એક પાવરફુલ એન્ટિડોટ છે. એક જોરદાર હાસ્ય સિવાય અને તેના જેટલી, તમારા મન અને શરીરને પરત બેલેન્સ કરવા માટે કોઈપણ અન્ય ચીજ કામ કરતી નથી. હસમુખો સ્વભાવ તમને કોઈપણ સંજોગોમાં હળવા રાખે છે, એક આશા જગાવે છે, સંબંધો બાંધે છે અને વાસ્તવિક્તાની નજદીક મનને કેન્દ્રિત કે ધ્યાનસ્થ અને સતર્ક રાખે છે. એ તમને ગુસ્સો થૂંકી નાખવામાં અને માફ કરી ઉદાર થવામાં મદદરૂપ થાય છે.

આટલા બધા ફાયદા ધરાવતું અને દુઃખ દર્દને દૂર કરી શરીર અને મનને પ્રફુલ્લિત કરતું, માત્ર મનુષ્યને સહેલાઈથી અને મનને ગમે ત્યારે સુલભ હાસ્ય, એ તો ખરેખર, દરેક સમસ્યાઓનો એક અદ્‌ભુત ઉકેલ છે, જે સંબંધોમાં સુધારો કરે છે અને ભાવનાત્મક તેમજ શારીરિક બંને પ્રકારની તબિયતને સુધારતું એક ઉત્તમ ઔષધ છે, એક પાવરફુલ ઝરણાનું મૂળ છે. તે એક હસી મજાકમાં મફતમાં મળી રહેતી અને સહેલાઈતી ઉપયોગમાં લઈ શકાય તેવી અમૂલ્ય દવા છે.

- **હાસ્ય દ્વારા મળતા આ લાભોની એક ટૂંકી સમરી બનાવીએ તો નીચે મુજબ બને :**

૧. ખડખડાટ હાસ્ય શરીરને સંપૂર્ણપણે રિલેક્ષ કરી આપે છે, ઢીલું કરી દે છે, સ્નાયુ વ.ને શિથિલ કે હળવા કરી આપે છે. જે આવા હાસ્ય પછી લગભગ પીસ્તાળીસ મિનિટ સુધી હળવા રહે છે.

૨. આપણી ઈમ્યુન સિસ્ટમ, રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. તે સ્ટ્રેસ હોરમોન્સમાં ઘટાડો કરે છે અને રોગપ્રતિકારક સેલમાં વધારો કરે છે. તેથી ચેપી રોગો સામે લડવાની શક્તિમાં વધારો થાય છે.

૩. એન્ડ્રોફિન્સ નામના કેમિકલ્સ ખડખડાટ હસવાથી ઉત્પન્ન થાય છે, જે તમને એક તંદુરસ્તીનો અહેસાસ કરાવે છે અને તેથી થોડા સમય માટે તમે કોઈપણ દુઃખ દર્દ ભૂલી જાઓ છો.

૪. તમારા હૃદયનું તે જતન કરે છે. તમારી બ્લડ વેસલ્સની કાર્યક્ષમતામાં વધારો થતાં રક્તનો પ્રવાહ વધે છે જે તમારા હૃદયને હાર્ટ એટેક જેવા રોગો સામે રક્ષણ આપે છે.

૫. દિવસ દરમિયાન દસથી પંદર મિનિટ સુધીનું હાસ્ય લગભગ ૪૦ કેલેરી બાળે છે. જેથી તમને જીમમાં જઈને કસરત કરવાની જરૂર પડતી નથી. અને આવી જ રીતે રોજ કેલેરી બળતી રહે તો વજનમાં પણ ઘટાડો થાય છે. વરસે લગભગ ૩થી ૪ રતલ વજન ઘટી શકે છે.

૬. ગુસ્સાના ભારને હળવો બનાવે છે. બીજી કોઈપણ પ્રક્રિયા તમારા ગુસ્સાને કાબૂમાં લઈ શકવા સક્ષમ નથી, સિવાય કે હાસ્ય. ગુસ્સો કરતા માનવ સામે પણ તમે હસીને વાત કરશો તો તેનો ગુસ્સો ઘટી જશે.

૭. તમને લાંબી આવરદા બક્ષવામાં ખડખડાટ હાસ્ય મદદરૂપ થાય છે. જે લોકોમાં સ્ટ્રોન્ગ સેન્સ ઑફ હ્યુમર મતલબ રમૂજવૃત્તિ ઠાંસી ઠાંસીને ભરેલ હોય તેમની આવરદા લાંબી હોય છે. ખાસ કરીને આવો સ્વભાવ કેન્સર જેવા રોગોના પ્રતિકાર માટે ખૂબ જ લાભદાયી નીવડે છે.

૮. તમે લાફિંગ બુધ્ધાની જેમ કદાચ એકલા એકલા હસી શકો પરંતુ જે ક્રિયા સામૂહિક રીતે થાય તે કદાચ એકલા કરવામાં તકલીફ પડે, સંકોચ થાય. માટે જ સવારના પહોરમાં કોઈ નજદીકની લાફિંગ ક્લબમાં જઈને ખડખડાટ હસવાથી ઉપર જણાવેલ અનેક ફાયદાઓ થશે.

૯. અને છેલ્લે, આ લાફિંગ ક્લબમાં માત્ર હસવાનું અને કસરતો જ નથી હોતા, ત્યાં તમોને વિવિધ કંપની પણ મળી રહે છે, મિત્ર વર્તુળમાં વધારો થાય છે અને તમે તમારા સુખ-દુઃખ વહેંચી શકો છો. જે વેચવાથી સુખમાં વધારો થશે અને દુઃખમાં ઘટાડો!

- **લાસ્ટ એન્ડ ફર્સ્ટ :**

*રજનીશજીનું એક વાક્ય :*

"जो निःशुल्क है, वही सबसे ज्यादा किंमती है... नींद, शांति, आनंद, हवा, पानी, प्रकाश और सबसे ज्यादा हमारी सांसे।"


અને આ લીસ્ટમાં એક ઓર આઇટમ જોડું તો – લાફિંગ ક્લબની કોઈ સભ્ય ફી નથી. ત્યાં પણ ખડખડાટ હાસ્ય અને કસરતો તદ્દન નિઃશુલ્ક છે!

***feedback : tulsi_66@yahoo.in***

*પાપ શરીર નથી કરતું, વિચારો કરે છે અને ગંગા વિચારોને નહીં, શરીરને ધૂએ છે.*

વાર્તા

# છેલ્લી ટપાલ



બલવીરસિંહ જાડેજા

'આવતીકાલનો દિવસ યાદ છે ને મહારાજ?'

પોસ્ટ માસ્ટર ઠક્કર સાહેબે ટપાલી નરભેરામ શુક્લ ઉર્ફે મહારાજને આવતીકાલની અણગમતી યાદ દેવડાવી. આવતીકાલે નરભેરામ મહારાજની નોકરીનો છેલ્લો દિવસ હતો. જો કે ઠક્કર સાહેબને પણ નરભેરામ મહારાજ નિવૃત્ત થાય તે ગમતું તો નહોતું જ. પણ લાચાર હતા. નિયમ કે કાયદો એટલે કાયદો. શું થાય? વરસોથી એક જગ્યાએ સાથે કામ કરનાર, જાણે પોતાનું અંગ હોય ને છૂટું થઈ જાય તેવી લાગણી થાય.

મહારાજને ટપાલીની નોકરીમાં ૪૭ વરસ થયા હશે. પોસ્ટ માસ્ટરો ઘણા બદલાઈ ગયા. કોઈ નિવૃત્ત થયા, કોઈએ વતનમાં બદલી માંગી કે બદલી થઈ. પણ ટપાલી તરીકે ગામના નરભેરામ કાયમ રહ્યા. પહેલા તો ત્રણ-ચાર ગામની ટપાલ મહારાજ વહેંચતા પણ હવે તો બધે પોસ્ટ ઓફિસો ખૂલી એટલે કામ સાવ ઓછું થઈ ગયું. વળી પાછું હવે પહેલા જેવું ક્યાં રહ્યું છે. મોબાઇલ, ઇન્ટરનેટ આવતા ઘણું ઓછું થયું તેમ ટપાલ વ્યવહાર પણ ઓછો થયો. માંડ એકાદ ટપાલ હોય. ક્યારેક તો વલ્લભદાસ શેઠ, જે વરસો મુંબઈ રહેલા ને હવે વતનમાં રહેતા, એ આગલા દિવસનું મુંબઈ સમાચાર મંગાવે. તે તો પોસ્ટ માસ્તર સાહેબ નવરા હોય ત્યારે વાંચે અને પછી જ શેઠને આપવા મોકલે. એમાં પણ સેર બજારના સમાચાર અને સગાવહાલાના મરણ - સાદડીના જ વધુ સમાચાર જોવા મંગાવે. બાકી તો બધું ટી.વી.માં આવી જાય.

આજે તો બે જ ટપાલ હતી. એક પરબીડિયું જે ઠક્કર સાહેબે પોતાની પાસે રાખી લીધું. મહારાજને એમ કે કોઈ સરકારી પરિપત્ર કે એમનો અંગત કાગળ પણ હોય. એવું કાંઈક હશે. મહારાજને એની કાંઈ લપ્પન છપ્પન નહીં. બસ, એમને મુંબઈ ગયેલા દીકરા સુરેશ કે સૂરિયાના સમાચારની ઈંતેજારી. માંડ આઠ ચોપડી ભણેલો સૂરિયો, બાજુના તાલુકાના શહેરની વીશીમાં રસોઇનું કામ શીખવા મૂકેલો. ખાવું-પીવું ને રહેવું પણ ત્યાં જ. બે વરસમાં તો પાકો રસોઇયો બની ગયો.

મુંબઇ વસેલા સૂરિયાના ભાઈબંધ કિરણે વતન આવી મુંબઈની જાહોજલાલીની આંબલી પીપળી બતાવી એટલે મુંબઈ જવાની હઠ લઈ બેઠો. એકનો એક લાડકો છોકરો એટલે એની મા લખમીએ મહારાજ પાસે ધરાર મુંબઈ મોકલવા 'હા' ભણાવી. જિલ્લાના જૂના ઓળખીતા દુર્ગા શંકરની 'વિષ્ણુ વિજય હિંદુ લોજ'માં રસોઇનું કામ કરવાની શરતે મહારાજે સુરેશને મુંબઈ મોકલ્યો.

પછી તો સુરેશ મહિને-બે મહિને પાંચસો-હજાર-બે હજાર મોકલે. જે મહારાજ પોસ્ટ ખાતા બચત યોજનામાં જમા કરે. સુરેશના લગ્ન વખતે કામ આવશે સમજીને. એમનું પૂરું તો પગારમાંથી જ થઈ જાય. કોઈવાર કાગળ આવે, તેમ મહારાજ કાગળ લખે. એમાં પણ તું મજામાં હોઈશ, અમે મજામાં છીએ. બસ, કિરણ મળતો હશે વગેરે વગેરે.

ધીમે ધીમે કાગળ આવતા બંધ થયા પણ પૈસા આવવાના ચાલુ રહ્યા અને તે પણ કોઈવાર ૧૦ હજાર - પાંચ હજાર. કાગળ લખીને જાણ્યું કે વીશીમાંથી સુરેશ છૂટો થઈ ગયો છે અને પોતાનો ધંધો કરે છે. શું કરે છે એ ખબર પડતી નહીં. 'હશે, છોકરો કમાય તો છે!' બસ, એટલે મહારાજ ને લખમી મા રાજી થાય અને હરખાય.

આજે આવેલો કાગળ પોસ્ટ માસ્તરે મૂકીને મહારાજ છાપું આપવા શેઠની હવેલીએ ગયા ત્યારે ફોડીને વાંચ્યો અને ચોંકી ગયા. આમ તો પરબીડિયા ઉપર સરકારી છાપ અને રજી. કાગળ તે પણ મહારાજના નામે. નક્કી કાંઈક હશે. મહારાજને અંગત સંબંધે સીધે સીધો કાગળ આપવાનું યોગ્ય ન લાગ્યું. મુંબઈના વડાલાના પોલીસ કમિશનરની ઓફિસમાંથી પત્ર હતો. જે આજે મહારાજની નિવૃત્તિના છેલ્લા દિવસે જ મળ્યો. વિગત વાંચી ઠક્કર સાહેબ મુંઝાઈ ગયા. મહારાજને સમાચાર કેમ આપવા? શેઠની હવેલીએ જ જઇને શેઠને વાત કરું એમ વિચારી શેઠની હવેલીએ પહોંચ્યા અને વિગત વંચાવી.

શેઠે નરભેરામ મહારાજને બોલાવવા નોકરને રવાના કર્યો.

'શેઠને સમી સાંજે મારું શું કામ

પડ્યું?' વિચારતા હવેલીએ પહોંચ્યા. ત્યારે ઠક્કર પોસ્ટ માસ્તર સાહેબ પણ હાજર અને હાથમાં, સવારમાં આવેલું ખાખી પરબીડિયું.

'આવો, મહારાજ.' શેઠે આવકાર આપ્યો.

મહારાજ, તમે તો કાલથી નિવૃત્ત થાવ છો ને? હવે બીજો કોઈ ટપાલી આવશે પણ તમે હવે શું કરશો? આખી જિંદગી ટપાલી તરીકે પસાર કરી, હવે સમય કેમ પસાર થશે?

'બસ, એમ જ હું ને સુરેશની બા એકવાર મુંબઈ સુરેશ પાસે જઈ આવીશું પછી એના લગ્ન કરવાનો વિચાર છે...' ત્યાં તો વલ્લભદાસ શેઠે, મહારાજને કેમ બોલાવ્યા હશે? એવું તે શું કામ પડ્યું, કે નોકરે તાત્કાલિક આવી જવા કહ્યું છે? એ જાણી લખમી ગોરાણી પણ પાછળ પાછળ શેઠની હવેલીએ પહોંચ્યા અને મહારાજને કહેતા સાંભળ્યા કે સુરેશના લગ્ન કરવાનો વિચાર છે.

શેઠે વાત કાપતા જ કહ્યું, 'હશે મહારાજ, પણ આપણે વિચારીએ કાંઈ અને ઉપરવાળો કરે કાંઈક. તમે તો જીવનના અનુભવોથી શીખ્યા જ છો એટલે મારે તો એટલું જ કહેવાનું કે હિંમત રાખજો અને હવે તમારે ક્યાંય જવાની જરૂર નથી. હૈયું મજબૂત રાખજો. મુંબઈના પરાના પોલીસ કમિશનરની આજની આ છેલ્લી ટપાલ તમારા નામે જ છે. કમિશનર સાહેબ લખે છે કે, 'સુરેશ નરભેરામ શુક્લ ઉર્ફે સૂરિયો કાઠિયાવાડી ઉર્ફે જાવેદ અહેમદ ઉર્ફે મુમતાઝબાનુનો ખાવિંદ નામનો યુવાન છેલ્લા કેટલાય સમયથી પોલીસના ચોપડે ખંડણી, ધાક ધમકી, દારૂ-ચરસની હેરાફેરી, જુગારના અડ્ડા ચલાવવા જેવા ગેરકાયદેસર ધંધાના ગુનામાં નાસતો ફરતો હતો, તે પોલીસ સાથેની અથડામણમાં માર્યો ગયો છે. તેની લાશનો કબજો લેવા દિવસ-૧૫માં આવી જશો નહિંતર સરકારી ધોરણે લાશનો નિકાલ કરી નાખવામાં આવશે તેની નોંધ લેશો.'

આ શબ્દો સાંભળતા જ લખમી ગોરાણી ફસડાઈ પડ્યા. હાજર સૌ દોડ્યા પણ ઘણું મોડું થઈ ગયું હતું. પોતાના સંતાનની કદી સ્વપ્નામાં પણ નહીં વિચારેલી આવી કામગીરીની સજારૂપે, આવા અપમૃત્યુને, એક મા ક્યાંથી સહન કરી શકે?

મહારાજે લખમી... લખમી... કહી ઢંઢોળ્યા પણ ગોરાણી તો દીકરાને મળવા ઉપર જતા રહેલા.

'શેઠ, પોસ્ટ માસ્ટર સાહેબ, મારા જીવનની આ છેલ્લી ટપાલ હતી. નોકરીની નિવૃત્તિ સાથે ઉપરવાળાની મરજી મુજબ નવી પ્રવૃત્તિ લઈને આવી છે. મારા નામે જમા પૈસા કે મારું પેન્શન પાંજરાપોળ સંસ્થાને, લખમીના નામે દાન કરી દેજો. હું પણ હવે પાંજરાપોળમાં, મૂંગા જીવોની સેવા કરવામાં બાકીનું આયખું પૂરું કરીશ.' કહીને મહારાજ લખમી ગોરાણીની લાશ પાસે, સૌને હાથ જોડીને રડી પડ્યા.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*ચાઇલ્ડ કેર હોસ્પિટલ પાછળ,*
*પ્રોફેસર કોલોની સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## શા માટે યોગ જરૂરી છે?

**(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)**

આંતરડાના કેન્સર થવાની શક્યતા ખૂબ વધી જાય છે. બેઠાડું જિંદગીને માનસિક હતાશા (ડિપ્રેશન) સાથે સીધો સંબંધ છે. નિયમિત યોગ આત્મવિશ્વાસ **વધારે છે તથા હતાશા દૂર કરે છે. અમેરિકામાં થતા કુલ મૃત્યુ પામતા લોકોના ૧૨ ટકા જેટલા લોકો યોગ ન કરવાને કારણે કમોતે મરે છે.** એક સરખી ઉંમર માટે બેઠાડું જીવન જીવનાર વ્યક્તિની સરખામણીએ કસરતી શરીર ધરાવનાર અને યોગ કરનાર વ્યક્તિઓમાં મૃત્યુના દરનું પ્રમાણ ત્રીજા ભાગનું હોય છે. તાજેતરમાં થયેલા અનેક અભ્યાસો જણાવે છે કે બેઠાડું જિંદગીને માનસિક હતાશા ડિપ્રેશનની બીમારી સાથે સીધો સંબંધ છે. આજકાલ જે હદે માનસિક હતાશા અને અન્ય તકલીફો વધી રહી છે એ જોતાં, આ અભ્યાસ ઘણું અગત્યનું માર્ગદર્શન આપે છે. આખો દિવસ બેઠા બેઠા દુનિયાભરના વિચારો અને ચિંતા કર્યા કરતો માણસ બિલકુલ શારીરિક શ્રમ છોડી દે ત્યારે માનસિક સંતુલન ગુમાવી દે એવી શક્યતાઓ ઘણી વધારે રહે છે. યોગ કરવાથી વ્યક્તિને માનસિક સુખશાંતિનો અનુભવ થાય છે અને આત્મવિશ્વાસ વધે છે.

તો આજે જ નહીં, કાયમ માટે યોગને અપનાવીએ, ને આપણા શરીરને રોગમુક્ત બનાવીએ.

*પરમેશ્વરી, પ્લોટ નં.-૧૬૫,*
*વિજય નગર એરિયા,*
*હોસ્પિટલ રોડ, ખાવડા મેસુબ ઘર પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*સાચો નિર્ણય તમારા વિશ્વાસને એકદમ વધારી દેશે. જ્યારે ખોટો નિર્ણય તમને સારો અનુભવ કરાવશે. બંને પરિસ્થિતિ આપને ફળદાયક જ રહેશે. તેથી તમે તમારા પ્રયત્નો ચાલુ જ રાખો.*

સ્વાસ્થ્ય

# વૈશ્વિક ચિત્તભ્રમ દિવસ : ૨૪ મે - (૨)
# World Schizophrenic Day : 24th May




ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

વિશ્વભરમાં ૨૪ મે વૈશ્વિક ચિત્તભ્રમ દિન (24th May : World Schizophrenia Day) તરીકે મનાય છે.

આપણે ગયા લેખમાં જાણ્યું કે વિશ્વ વસતિના ૧% લોકો ચિત્તભ્રમ બીમારીથી પીડાય છે. ભારતમાં ૧.૨૫ કરોડથી વધુ લોકો ચિત્તભ્રમ બીમારીના શિકાર બનેલા છે. જેમને યોગ્ય સારવાર અત્યંત જરૂરી છે.

ચિત્તભ્રમ બીમારીના કારણો વિશે આપણે ગયા લેખમાં જાણ્યું કે ત્રણ મુખ્ય પરિબળો કારણભૂત છે : (૧) અનુવાંશિક (વારસાગત) : ચિત્તભ્રમ વારસાગત રોગ છે. (૨) શારીરિક પરિબળ : મગજમાં આવેલા મનના અવયવોમાં કદ તથા રચનામાં ફેરફારો થાય છે તથા સંદેશવાહક હોરમોન્સની (ન્યુરો ટ્રાન્સમિટર્સની) માત્રામાં ફેરફારો થાય છે. જેથી મનના કાર્યોમાં લક્ષણો જોવા મળે છે. (૩) મનોવૈજ્ઞાનિક પરિબળ : વ્યક્તિત્વ તથા જીવનમાં બનતી નકારાત્મક ઘટનાઓનો સામનો કરવાની માનસિક ઉર્જાની ઉણપ વ્યક્તિને રોગી બનાવે છે.

આ લેખમાં ચિત્તભ્રમ બીમારીના લક્ષણો વિશે જાણકારી મેળવીએ.

- **ચિત્તભ્રમ બીમારીના લક્ષણો :**

મનના કાર્યો જેવા કે વિચારો, ભણકારા / ભાસ, વાણી, વર્તણૂંક, લાગણી, કાર્યશક્તિ, ભણતર વગેરે પર વિપરીત અસર થાય છે.

### વિચારો

દર્દીને સતત વિચારો આવે છે. દર્દી પોતાના વિચારો પરનો કાબૂ ગુમાવી બેસે છે. વિચારો દર્દીનો કાબૂ મેળવી લે છે. થોડાંક દર્દીઓમાં વિચારો આવતા જ નથી, શૂન્યાવકાશ સર્જાય છે.

વિચારો વિશેની નીચે પ્રમાણેની અન્ય માહિતી મેળવવી જરૂરી છે. વિચારો વાતચીત, પ્રશ્નોત્તરી અને / અથવા દર્દીના લખાણ પરથી જાણી, સમજી શકાય છે.

(અ) વિચારોની હારમાળા (Flow of thoughts)
(બ) વિચારોનો વિષય (content of thoughts)
(ક) વિચારો પ્રત્યે દર્દીનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા.
(ડ) વિચારો પ્રત્યે કુટુંબીજનોનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા.

**(અ) વિચારોની હારમાળા :**

દર્દી વિચારોમાં ખોવાઈ જાય છે. દર્દી એમાંથી બહાર આવી શકતો નથી. ઘણી વખત આજુબાજુનું ભાન રહેતું નથી. આજુબાજુ શું થઈ રહ્યું છે એના તરફ ધ્યાન રહેતું નથી.

વિચારો ઘણી વખત ત્રુટક ત્રુટક આવે છે. બે વિચારો વચ્ચે થોડોક શૂન્યાવકાશ આવી જાય છે (thought block).

ઘણી વખત બે વિચારો વચ્ચે કોઈ મેળ હોતો નથી (derailment of thoughts).

**(બ) વિચારોનો વિષય - ભ્રમ (delusion) :**

ખોટી માન્યતા જેવા ભ્રમ આવે. ગમે તેટલું સમજાવ્યા છતાં દર્દી સમજે નહીં. પોતાના ભ્રમ બદલે નહીં. ગમે તેટલી સત્યની સાબિતી આપીએ છતાં દર્દી પોતાના વિચારો / ભ્રમ બદલે નહીં. એ વિચારો / ભ્રમને સત્ય સમજે તથા એ વિચારો / ભ્રમ પ્રમાણે વર્તણૂંક કરે.

૧. દર્દીને શંકાઓ આવે. બધા મારી વાતો કરે છે, લોકો મારી વિરૂધ્ધ છે, મારા દુશ્મન છે. હું જ્યાં જાઉં છું ત્યાં મારી પાછળ આવે છે. સી.આઈ.ડી., પોલીસ મારી પાછળ છે. વીજાણુંયંત્રો દ્વારા મારા પર દેખરેખ રખાય છે. મને ખાવામાં ઝેર આપશે, હું ઘરની બહાર નીકળીશ તો મને શારીરિક નુકસાન પહોંચાડશે વગેરે.
૨. લોકો મારા પર નજર રાખે છે, મારો પીછો કરે છે. ઘરના બારીબારણાં, બારીના પડદા દિવસના પણ બંધ રાખે. જેથી લોકો મને જોઈ ન શકે.
૩. જીવનસાથી પર શંકાઓ કરે. જીવનસાથી બીજા જોડે પ્રેમ કરે છે, લફરું કરે છે.
૪. મારા વિચારો બીજા લોકો જાણી જાય છે. મારી વાતો,

મારા વિચારો ટી.વી. વર્તમાનપત્રોમાં આવે છે. મારા વિચારો ફેસબુક, ટ્વીટર પર આવે છે (thought broadcasting).

૫. મારા વિચારો મારા નથી પરંતુ બીજી વ્યક્તિએ મારા મનમાં એના વિચારો મૂકી દીધા છે. મારી મરજી વિરૂધ્ધ ઘુસાડી દીધા છે. હકીકતમાં હું નથી બોલતો / વિચારતો, એ લોકો બોલે છે / વિચારે છે (Thought insertion).

૬. સંવાદ / વાતચીતમાં શાબ્દિક અર્થ જ સમજાય છે (concreteness). એની સાથે રહેલો ગુઢાર્થ સમજાતો નથી. અંદરનો ભાવાર્થ સમજાતો નથી.

આ લક્ષણની મનોવૈજ્ઞાનિક તપાસમાં દર્દીને કહેવતનો ભાવાર્થ પૂછવામાં આવે છે. દા.ત. 'નાચવું નહીં તો આંગણ વાંકુ.' ચિત્તભ્રમનો દર્દી કહેશે કે આંગણ / જમીન વાંકીચૂકી હોય એટલે વ્યક્તિ નાચી ન શકે. આ કહેવતનો ગૂઢાર્થ કે ભાવાર્થ સમજાતો નથી.

**(ક) પ્રતિભાવ તથા પ્રતિક્રિયા :**

શંકાઓને / વિચારોને દર્દી સાચું માને છે. એટલે દર્દી ભયભીત રહ્યા કરે. ઘરની બહાર ન નીકળે. ઘરમાં બારીબારણા બંધ રાખે, પડદા બંધ રાખે. જેથી બહારના લોકો એને જોઈ ન શકે. ઘરમાં ન જમે, બધા લોકો જમતા હોય એવી જગ્યાએ (હોટલમાં) જમે. (હોટેલ કે જાહેરમાં જમવામાં ઝેર ન આપી શકાય.)

**(ડ) વિચારો વિશે કુટુંબીજનોનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા :**

કુટુંબીજનો દર્દીને સમજાવવાનો પ્રયત્ન કરે, દર્દીને એના વિચારો છોડી હકારાત્મક વિચારો લાવવાની સલાહ આપે. ઘણી વખત દર્દી કુટુંબીજનોની આ સમજાવવાની વર્તણૂંકને નકારાત્મક અર્થમાં લે. દર્દીને લાગે છે કે 'કુટુંબીજનો બહારના લોકો સાથે ભળી ગયા છે અને મારી વિરૂધ્ધ છે.'

**ભણકારા / ભાસ**

આસપાસમાં કે આજુબાજુમાં કોઈપણ ન હોય છતાં એનો આભાસ થાય. અન્ય વ્યક્તિઓ કે કુટુંબીજનોને આ આભાસ થતો નથી. પાંચેય ઈન્દ્રિયોમાંથી કોઈ પણ એક અથવા વધારે ઈન્દ્રિયોમાં ખલેલ પહોંચે છે.

**(૧) કાન :** સ્પષ્ટ અવાજો આવવાનું, સાંભળવાનું લક્ષણ સૌથી સામાન્ય છે. અવાજ કોઈનો પણ હોય, જાણીતી કે અજાણી વ્યક્તિનો અવાજ હોય.

**(૨) આંખ :** પરીચિત કે અપરીચિત વ્યક્તિઓ દેખાય. આખું શરીર કે ઘણી વખત શરીરનો એક ભાગ દેખાય.

**(૩) નાક :** દુર્ગંધ આવે.

**(૪) ત્વચા :** ત્વચા પર જીવજંતુઓ ચાલે છે, માથાના વાળમાં જીવજંતુઓ છે એવું સતત લાગ્યા કરે.

**(૫) જીભ :** જીભ પર અલગ પ્રકારનો સ્વાદ આવે. મોઢામાં ખોરાક ન હોય છતાં.

**વાણી (Speech)**

૧. અસંબંધ્ધ વાતો કરે (Irrelevant talk)

૨. મનમાં ને મનમાં બોલ્યા કરે, હોઠ ફફડાવ્યા કરે. શું બોલે છે એ કોઈને સંભળાય નહીં.

૩. અસંબંધ્ધ જવાબો આપે.

૪. પોતે જ બોલ્યા કરે. બીજાને બોલવા જ ન દે.

૫. સામેની વ્યક્તિનું અપમાન થાય એવા શબ્દો બોલે. દર્દીને એમાં અજુગતું ન લાગે.

**વર્તણૂંક (Behaviour)**

૧. ચિત્ર વિચિત્ર હાવભાવ કરે, હાથના ચેનચાળા કરે.

૨. કારણ વગર ઉત્તેજીત થઈ જાય, ઉગ્ર થઈ જાય.

૩. હિંસક વર્તન કરે, મારપીટ કરે, વસ્તુઓ તોડી નાખે. ટી.વી., મોબાઈલ, ફોન, કોમ્પ્યુટર, મોંઘી વસ્તુઓ તોડી નાખે.

૪. દિવસો સુધી બહાર ભટક્યા કરે.

૫. ગુમસુમ થઈ જાય. ઘરમાં એકાંતમાં રહે. બધાથી અલિપ્ત રહે. પોતાની દુનિયામાં ખોવાઈ જાય.

૬. દિવસો સુધી ઘરની બહાર ન નીકળે.

૭. જમવાનું, નાહવાનું, સુવાનું વગેરે નિત્યક્રમ પોતાના સમયે (કસમયે) કરે અથવા દિવસો સુધી ન કરે.

૮. કારણ વગર હસ્યા કરે.

૯. અરીસામાં જોઈ ચિત્રવિચિત્ર હાવભાવ કરે.

**લાગણી (Feelings, emotions)**

૧. લાગણીશૂન્યતા અનુભવે. નજીકના કુટુંબીજનના મરણ પ્રસંગે પણ દુઃખ ન અનુભવે.

૨. બીજી વ્યક્તિની લાગણીની પરવા ન કરે.

૩. પરસ્પરના સંબંધો ન જાળવે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧ ઉપર)**

સ્વાસ્થ્ય

# શા માટે યોગ જરૂરી છે?



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, ૨૧ જૂન એટલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ. આપણા વડાપ્રધાનની મહેનતને કારણે આ દિવસ ઉજવાય છે. યોગ તો આપણા ભારતનું ગૌરવ છે અને વેદો અને પુરાણોમાં આનો ઉલ્લેખ છે. તો આવો, તેના વિશે જાણીએ અને માણીએ.

યોગ શા માટે જરૂરી છે? તે જોઈએ તો યોગથી શારીરિક ફાયદાઓ ખૂબ થાય છે. જેમકે આખા શરીરની કામ કરવાની ક્ષમતામાં વધારો થાય છે. નિયમિત યોગ કરવાથી અકાળે થતા મૃત્યુની શક્યતામાં નોંધપાત્ર ઘટાડો થાય છે. હૃદયની કાર્યક્ષમતામાં વધારો થાય છે અને હૃદયને લોહી પહોંચાડતી નવી નવી ધમનીઓ વિકસે છે. જેથી એક ધમનીના અવરોધ સમયે કુદરતી રીતે જ બીજી ધમની બાયપાસ તરીકે કામ આપે. યોગ શરીરમાં ચરબીનાં ચયાપચય ઉપર અસર કરે છે કે જેથી ધમનીમાં ચરબીનો જમાવ (એથેરોસ્ક્લેરોસીસ) થવાની ગતિ અટકી જાય કે ધીમી પડી જાય છે. **પરિણામે હૃદયરોગ થવાની અને હાર્ટ એટેકથી મૃત્યુ થવાની શક્યતા ઘટે છે.** ઘણા લોકોને મનમાં એવો પ્રશ્ન થાય છે કે 'આ યોગ કરવાનું શું કામ છે? ખાઓ, પીઓ અને મજા કરો!' દુર્ભાગ્યે આવા લોકો જ લાંબાગાળે બેઠાડું જીવન અને શ્રમવિહીનતાને કારણે મેદસ્વીપણું, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ અને હૃદયરોગનો ભોગ બનતા હોય છે. જગતની ૬૫% વસતિ જરૂર કરતાં ઓછી શારીરિક સક્રિયતા દાખવે છે અને બેઠાડું જિંદગી જીવે છે. જેને કારણે દર વર્ષે ૨૦ લાખ લોકોનાં અકાળે મૃત્યુ થાય છે. માત્ર શરીરને પૂરતી યોગ આપવાની આળસ અથવા બિનઅનુકૂળતા આટલા બધા લોકોના મોતનું કારણ બને છે! **બેઠાડું જીવનશૈલી, એ વિશ્વમાં સ્વાસ્થ્ય માટે જોખમી અને મૃત્યુ તથા અપંગતા (નિર્યોગ્યતા) માટે જવાબદાર પ્રથમ દસ પરિબળમાં સ્થાન પામે છે.** યોગને કારણે ઈન્સ્યુલીનની જરૂરિયાત ઘટે છે. લોહીનાં ગ્લુકોઝ પર નિયંત્રણ આવી શકે છે અને ડાયાબિટીસ થવાની શક્યતા ઘટે છે. યોગને કારણે સ્નાયુઓ ઉપરાંત હાડકાં અને સાંધાની મજબૂતી પણ વધે છે. નિયમિત યોગ, કમરના દુઃખાવાને થતો જ અટકાવે છે અને દુઃખતી કમરને રાહત આપે છે. નિયમિત યોગ કરનાર વ્યક્તિનું સરેરાશ વજન તંદુરસ્ત વજનની મર્યાદામાં જળવાઈ રહે છે. હાઈ બ્લડપ્રેશર થતું જ અટકાવવામાં અને વધી ગયેલ બ્લડ પ્રેશરને કાબૂમાં રાખવામાં સહાય મળે છે. નિયમિત યોગ કરનારાઓને આંતરડાનું કેન્સર (અને કદાચ સ્તન કેન્સર પણ) થવાની શક્યતા ખૂબ ઘટી જાય છે. **વૃદ્ધ વ્યક્તિના શરીરનું સંતુલન જાળવવામાં અને હરફર ચાલુ રાખવામાં યોગ ખૂબ ઉપયોગી થાય છે.** જો તરુણાવસ્થાથી યોગ કરવાની ટેવ પાડવામાં આવે તો તમાકુ જેવી કુટેવ પડવાની શક્યતા ઓછી રહે છે. શારીરિક સક્રિય બાળકો શાળાની પરીક્ષામાં વધુ સારો દેખાવ કરી શકે છે. નાનપણથી જ શારીરિક શ્રમ મળે એવી જૂથ રમતોમાં રમવાથી બાળકમાં સામાજિક ગુણોનો સારો વિકાસ થાય છે. તે ઉપરાંત બાળકોમાં યોગની એક કાયમી ટેવ પડે છે જે મોટી ઉંમરે ખૂબ ઉપયોગી થાય છે. **નિયમિત યોગને કારણે ઘણા લોકો ચિંતા અને હતાશા (ડિપ્રેશન)માંથી મુક્ત થઈ શકે છે.** યોગથી આત્મવિશ્વાસ વધતો જાય છે. મનની શાંતિ અને પ્રફુલ્લિતતા જળવાઈ રહે છે અને માનસિક સ્વાસ્થ્ય સુધરે છે. બેઠાડું જીવન શરીરમાં શક્તિ (કેલરી)નો વ્યય ઘટાડી નાખે છે, ચરબીનો ભરાવો થવા દે છે. પરિણામે જાડાપણું થવાની શક્યતા વધે છે. ઈન્સ્યુલીનની અસરકારકતા ઓછી કરે છે. પરિણામે ડાયાબિટીસ થવાની શક્યતા વધી જાય છે. કેટલાક અભ્યાસો જણાવે છે કે અઠવાડિયે ૫૦૦ કેલેરી જેટલી યોગ ઘટવાથી ડાયાબિટીસની શક્યતા ૬ ટકા જેટલી વધે છે. લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ વધતું જાય છે, જે હૃદયરોગ થવા માટે જવાબદાર છે. **બેઠાડું જીવન જીવતી વ્યક્તિમાં હૃદયરોગ થવાની શક્યતા ૧.૯ ગણી વધી જાય છે.** અમેરિકન અભ્યાસો જણાવે છે કે બેઠાડું લોકોમાંથી ૩૫ ટકા લોકોને હાર્ટ એટેક આવવાની શક્યતા માત્ર નિયમિત યોગ કરવાથી અટકી જાય છે. બેઠાડું જિંદગીને કારણે હાડકાં નબળાં પડે છે, જેને ઓસ્ટીઓપોરોસીસ કહે છે. પરિણામે હાડકાંના ફ્રેક્ચર થવાની શક્યતા ખૂબ વધી જાય છે. બેઠાડું જિંદગીને કારણે

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૨ ઉપર)




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો



TRITON

ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઊપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટનં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

પરિવર્તન

# વડીલો વિચારે

• પુષ્પાબેન એચ. ઠક્કર •

બુઝુર્ગ વડીલો એવી માન્યતા ધરાવે છે કે આજનો યુવાવર્ગ જ્ઞાતિ સંસ્થાઓ અને મહાજનોથી વિમુખ થઈ ગયો છે. વાસ્તવમાં તેમની આ માન્યતા અતિશયોક્તિ ભરેલી, નકારાત્મક અને એકતરફી કહી શકાય તેવી હોવા છતાં તેને સાચી માની કારણો શોધવાના પ્રયત્ન કરીએ તો...

આજના યુવાનોનો એક વર્ગ એવો છે કે જે પોતે સમાજમાં સ્વમાનપૂર્વક ટકી રહેવા પોતાની આર્થિક સ્થિતિ મજબુત કરવા ઝઝુમી રહ્યો છે. આવો વર્ગ ઘણો મોટો છે. સમાજમાં સામાજિક સ્તર જાળવવા આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવી પડે. એ માટે આજે દરેકને ઝઝુમવું પડે છે. એ સ્થિતિમાં પહેલાં પોતાનું કરાય પછી શેઠ (સંસ્થાઓ)નું કરાય તેવી માન્યતા તેઓ ધરાવતા હોય છે.

યુવાનોનો બીજો વર્ગ એવો પણ છે કે જે જ્ઞાતિ સંસ્થાઓના કાર્યો કરવા સદા ઉત્સાહિત, તત્પરતા દાખવતો હોય પણ તેને સ્ટેજ પર, યોગ્ય સ્થાન પર આવવામાં અનેક સ્થાપિત હિતો નડતરરૂપ બનતા હોય છે. આજે સત્તા સ્થાન પર રહેલ ૯૦ વર્ષના વડીલો પણ સ્વેચ્છાએ ખુરશી છોડવા તૈયાર ન હોય અને યુવા વર્ગ તેમની સામે સ્પર્ધામાં ઉતરે તો તેને અવિનયીનું મહેણું મારી દઈ તેની બોલતી ચૂપ કરી દેવામાં આવે છે. આવા સંજોગોમાં યુવાનો તેનાથી દૂર રહેવાનું બહેતર સમજે છે.

અને આવી માન્યતામાં ઠરેલપણું નજરે પડતું સૌએ જોવું જોઈએ. સત્તાનો પણ એક નશો હોય છે. તેમાં વળી કેટલીક જ્ઞાતિ સંસ્થાઓમાં તો રીતસરનું રાજકારણ ખેલાતું હોય છે. તેમાં સેવાની ભાવનાથી જોડાયેલા નવોદિતોને હાથા બનાવતા હોય તેવા સંજોગોમાં યુવાનો વિમુખ બને તો તેમાં દોષ કોનો? કોઈપણ પદ, સ્થાન પર રહેલાઓ, વર્ષોના વર્ષ સત્તા ભોગવ્યા પછી પણ મૃત્યુ પર્યંત તે સ્થાન છોડવા ન ઈચ્છતા હોય તેવા વડીલોએ, પ્રાચીન ઋષિ પરંપરાની આશ્રમ વ્યવસ્થા (બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાશ્રમ)નો માર્મિક સૂચિતાર્થ સમજવા પ્રયત્ન કરવો જોઈએ.

સિનિયર સિટીઝનનો લાભ લેનાર વડીલો સ્વેચ્છાએ પોતાનો બોજો યુવા વર્ગ પર લાદી પોતે ભાર રહિત હળવાફુલ થવાની મહેચ્છા રાખવી જોઈએ. આર્થિક પગભર થવા માંગતા યુવાનો અને કેટલાક શહેરી ગુમરાહ યુવાનોને બાદ કરતાં આજના યુવાનોમાં કર્તવ્યનિષ્ઠા અને ફરજ પરાયણતાનો અભાવ જણાતો નથી. પરંતુ છળકપટ દ્વારા સત્તા મેળવવા કે સત્તામાં ટકી રહેવાના રાજકારણમાં તેમને રસ ન હોય તો દૂર રહે એ સ્વાભાવિક છે. પણ વડીલોએ ઘરની, કુટુંબની કે સમાજની જવાબદારીઓ એમને સોંપવી જોઈએ. ત્યારબાદ તે સલાહ લેવા ઈચ્છે તો આપવી પણ એવો આગ્રહ ન રાખવો જોઈએ. એમ કરવાથી કદાચ અપેક્ષિત લક્ષ્યાંક કરતાં કંઈક ઓછું પણ મળે છતાં એ ઈષ્ટ અને યોગ્ય ગણાશે.

આજનો યુવાન કહ્યાગરો થઈને વર્તે એવી અપેક્ષા રાખવી યોગ્ય ન ગણાય. વડીલો નિર્મિત મૂલ્યો એને બંધનરૂપ જણાતા હોય તો એ નવા મૂલ્યો પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો પણ કરે ને એમ કરવામાં એની દૃષ્ટિએ એ સાચો પણ હોઈ શકે. માટે પરિવર્તનને પણ સ્વીકારી લેવાની તૈયારી સાથે યુવાનોને લગામ સોંપવી જોઈએ. મરણ સુધી માથે લઈ ફરવું એ તો યોગ્ય ન જ ગણાય. વડીલો, એ ગઈકાલ છે, તો યુવાનો, એ આવતીકાલ છે. વડીલોની કેટલીક માન્યતાઓ આવતીકાલની દૃષ્ટિએ ખોટી પણ હોઈ શકે. જેમ કહેવાય છે કે ગાંધીજીએ રેલવેનો ઘણો જ વિરોધ કરેલ હતો. ભારત દેશમાં રેલવે ન હોવી જોઈએ એવું તેઓ માનતા.

અભ્યાસક્રમમાં ઇંગ્લિશ ભાષાને મહત્ત્વ ન આપવું જોઈએ એવું કેટલાક ગુજરાતીઓ માને છે. કચ્છમાં ઔદ્યોગિક એકમો ન સ્થપાવા જોઈએ. કચ્છનો ઔદ્યોગિક વિકાસ ન થવો જોઈએ એવું પર્યાવરણ અને ખેતીને નુકસાન થવાના બહાને કેટલાક લોકોનું માનવું છે. દહેજ ભૂખ્યા તલ્લાકી યુવકોને કુંવારા જાહેર કરવા જેથી તેઓ જ્ઞાતિજનોને ગુમરાહ કરી શકે (હોદ્દેદારોના સગા થતા હોય તો...!)

આવી અનેક માન્યતાઓ આજના યુવાને સ્વીકારી લેવી જોઈએ એવો હઠાગ્રહ, દુરાગ્રહ, પૂર્વગ્રહ જો સત્તાધીશોનો હોય તો પછી યુવાનો છેટા જ રહેને?

શારીરિક આરોગ્ય, માનસિક કાર્યક્ષમતા અને સાંયોગિક પરિબળો અનુસાર પ્રત્યેક વ્યક્તિની નિવૃત્તિ વય અલગ અલગ હોઈ શકે. તેમ છતાં શક્ય હોય એટલા વહેલા હળવા બનવાની તમન્ના હોવી ઈચ્છનીય જ ગણાય. હા, મૂળ જવાબદારીમાંથી મુક્ત થયા પછી જીવન પ્રવૃત્તિશીલ તો રહેવું જ જોઈએ પણ તે અસ્થાયી જવાબદારીવાળી પ્રવૃત્તિઓ મુક્તમને આનંદદાયક થતી હોય. તેમાં એવું ન હોય કે સંકટનો ભાર શ્વાન તાણે રે... ■


S.S.C. - H.S.C.
પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?
એન્જીનીયરીંગ ક્ષેત્રે કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...
ડીપ્લોમાં એન્જી. થઈ શકો છો.
100% નોકરી
તાલીમ પ્રાપ્ત કરનારને પ્રમાણપત્ર...
સરકાર માન્ય તેમજ ખાનગી ડિપ્લોમાં...
ઈલેક્ટ્રોનિક્સ એન્જી. કોમ્પ્યુટર સોફ્ટવેર એન્ડ હાર્ડવેર નેટવર્કીંગ એન્જી.
ઈલેક્ટ્રીકલ એન્જી.
રેફ્રીજરેશન એન્ડ એસી. એન્જી.
સિવિલ - મીકેનીકલ એન્જી.
ટી.વી. - ડી.વી.ડી. - મોબાઈલ રીપેરીંગ
ઈલેક્ટ્રીશીયન • વાયરમેન
મોટર રીવાઈન્ડીંગ • ટર્નર • ફીટર
સરનામું : મોરલીધર નો વહેરો, રાયપુર દરવાજા પાસે. Ph.: 079-22149765
એપરલ (ગારમેન્ટ) ટ્રેનીંગ સેન્ટર
બેઝીક સોઈંગ મશીન ઓપરેટર
ગારમેન્ટ કટર • લેડીઝ ટેલર
સ્પે. સોઈંગ મશીન ઓપરેટર
સરકાર માન્ય પ્રમાણપત્ર
દિકરીને આપો.. શિક્ષાનું દાન..
બ્યુટી કલ્ચર એન્ડ હેર ડ્રેસીંગ ટ્રેનીંગ
બ્યુટી થેરાપી એન્ડ હેર સ્ટાઈલ
બ્રાઈડલ મેકઅપ આર્ટીસ્ટ


ખુશ ખબર... ખુશ ખબર... ખુશ ખબર...
ડી. એન. પોલીટેકનીક
સંચાલિત
આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?
You can be a Fashion Designer
ફેશન ડીઝાઈનીંગ ક્ષેત્રે
કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક
ડિપ્લોમાં ઈન ફેશન ડીઝાઈનીંગ ટેક્નોલોજી સાથે
બ્યુટી પાર્લર ફ્રી
સંસ્થાની વિશિષ્ટતાઓ :
૪૦ વર્ષથી સ્કીલ ડેવલોપમેન્ટની સફળતાપૂર્વક તાલીમ આપતી સંસ્થા.
દરેક વિદ્યાર્થીને સ્વતંત્ર પ્રેક્ટીકલ મળી શકે તેવી ખૂબ જ અદ્યતન ઈમ્પોર્ટેડ મશીનરીઓની વિશાળ લેબ.
ફેશન ડીઝાઈન તજજ્ઞ મહેમાન દ્વારા વિશેષ વાર્તાલાપ અને માર્ગદર્શન.
તાલીમ દરમિયાન વિવિધ ગાર્મેન્ટ ઈન્ડસ્ટ્રીઝ અને સેમીનાર એક્ઝીબિશનની મુલાકાત.
ખૂબ જ નજીવી ફી માં અભ્યાસ, નોકરી-ધંધાની સાથે પણ આ કોર્ષ થઈ શકે તે મુજબની વ્યવસ્થા.
નીચેના ડોક્યુમેન્ટની પાંચ નકલ સાથે આજે જ પ્રવેશ મેળવો.
પાસપોર્ટ સાઈઝના ફોટા
રહેઠાણનો પુરાવો
જાતિનો દાખલો
માર્કશીટ
સ્કૂલ લીવીંગ
આધાર કાર્ડ
:: સંપર્ક ::
બાપુનગર : પટેલ વાડી, ઘંટી સ્ટેન્ડ પાસે, બાપુનગર. Ph.: xxxxxxxx
દહેગામ : B/401-404, નીલકંઠ આર્કેડ, S.T. બસ સ્ટોપ પાસે, દહેગામ. Ph.: xxxxxxxx
મણીનગર : હિમાની એપાર્ટમેન્ટ, હિરાભાઈ ટાવરની પાછળ, ઉત્તમનગર. Ph.: 25462436
મેઘાણીનગર : શાયોના સ્કુલ કેમ્પસ, રામેશ્વર પોલીસ ચોકી સામે. Ph.: 22685333
નરોડા : દિપજ્યોત કોમ્પલેક્ષ, દેવી સિનેમા સામે, નરોડા. Ph.: 22814235
રાયપુર : મોરલીધર ની પોળ, રાયપુર દરવાજા પાસે. Ph.: 22161403
રાયપુર : મોરલીધર નો વહેરો, રાયપુર દરવાજા પાસે. Ph.: 22149765
વાપી : ઝંડા ચોક, બેંક ઓફ ઈન્ડીયાની સામે, જી. વલસાડ. Ph.: 0260 2462588

પરિવર્તન

# પ્રેમાળ દીકરી

## 'ડૉટર-ઇન-લૉ' નહીં પણ 'ડૉટર-ઇન-લવ'



અતુલ જે. ઉપાધ્યાય,
નિવૃત્ત સિવિલ ઇજનેર (સિંચાઇ)

પૃથ્વી ઉપર સ્ત્રીએ તેના જીવનમાં ચાર-ચાર પાત્ર ભજવવાનાં — દીકરીનું, પત્નીનું, માં નું અને સાસુનું. એટલે એમ લાગે કે પરાધીન સપનેય સુખ નહીં (કિત બિધિ સૃજી નારી જગ માહી પરાધીન સપને હુ સુખ નાહી) સ્ત્રીના આ ચાર પાત્રો માટે ભગત બાપુએ સાચું કહ્યું છેઃ

*માતા દયાની મૂર્તિ છે,*
*બેન ક્ષમાની મૂર્તિ છે,*
*સ્ત્રી સંતોષની મૂર્તિ છે,*
*અને દીકરી કરુણાની મૂર્તિ છે.*

જીવતરમાં ભજવવાનાં આ ચાર પાત્ર પૈકી પહેલું પાત્ર દીકરી તરીકેનું લગભગ ૨૦ વર્ષ હોય ત્યાં સુધી માવતરે રહેવાનું. પરિવારમાં ઉછરતા પરણવા જેવી થાય ત્યારે યોગ્ય પાત્રની શોધ શરૂ થાય છે. લગભગ દરેકની ઇચ્છા Made for each other જેવી જોડી ગોઠવાય એ જ હોય છે. થોડી બાંધછોડ થાય અને 'દો કદમ તુમ ચલો, દો કદમ હમ ભી ચલેંગે' માની જીવતરનો પ્રારંભ થાય.

દીકરીનાં બાકી ભજવવાનાં ત્રણ પાત્રો જે પહેલાં પાત્ર કરતાં ભજવવા કઠીન, સંઘર્ષભર્યા હોય છે. કચ્છ ભુજોડીનાં સંત શ્રી પુંજલ રબારીનાં 'ઘીડી પરાયું ધન'માં તેઓએ ભુજોડી ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. મમુભાઈ રબારીની દીકરીનાં લગ્ન વેળાએ લખેલ વિચારોની વા-ઝડીમાં આ પાત્રો વિશે સવિસ્તર જણાવ્યું છે.

આદિ - અનાદિ કાળથી દીકરીને સાસરવાટે વળાવવાની પ્રથા રીત-રસમ ચાલી આવે છે. દીકરી વળાવતા આ પ્રસંગો ઉપર ઘણા કવિઓ - વિવેચકોએ ઘણું બધું લખ્યું છે.

જેના કેટલાક અંશો જોઈએ તો શ્રી હરિન્દ્ર દવેનાં 'સંગાથ'ની કેટલીક પંક્તિ :

*'રોતાં મેલીશું મીઠું માયરુ ને*
*વળી હસતાં ઝાલીશું તારો હાથ*
*લીલુડાં વન કેરી માયાં મૂકીને*
*જશું પરદેશી તારે સંગાથે,–*

દીકરીને વળાવતાં..... સં. પ્રા. શોભના તન્ના દ્વારા સુંદર પંક્તિઓ વર્ણવી છે. જેમાં સૌનું પ્રિય એવું 'કન્યા વિદાય' સમી સાંજનો ઢોલ ઢબુકતો, જાન ઉઘલતી મ્હાલે... અનિલ જોષીનું તો વાંચતાં આંખમાં ભાદરવો આસો કે ગંગા જમના વહેવા માંડે. એવું જ બાલમુકુંદ દવેનું 'લાડકડી'.

થોડા સમય પહેલાં પ્રા. કમલ મહેતાની 'ગોધૂલિ' કટારમાં (કચ્છમિત્ર 'પરાગ' પૂર્તિમાંથી) રડતા પપ્પાને જોવાનું કઈ દીકરીને ગમે? એ શિર્ષક હેઠળનું વાંચ્યું ત્યારે મારી લાડકી (લવિંગ ડોલ) સાથે આ વિષયે થોડી ચર્ચા કરી ત્યારે મારી લાડકીએ એક જ વાક્ય કહ્યું : 'પપ્પા, હું જે ઘરમાં જઈશ ત્યાં મારા પપ્પાજીને કહીશ કે મને ડૉટર-ઈન-લૉ (પુત્રવધૂ) નહીં પણ તમે ડૉટર-ઈન-લવ (પ્રેમાળ દીકરી) તરીકે અપનાવજો.' મારી લાડકીનાં આ શબ્દો સાંભળી મને આ વિષયે કંઈક લખવાની પ્રેરણા મળી. મને થયું કે બાવીસ વર્ષે મારી દીકરી કેટલી મેચ્યોર (પરિપક્વ) થઈ ગઈ છે.

દીકરીને ગમે તેવું સાસરૂ શોધી કાઢીએ ત્યારે દીકરીનાં હોઠનાં સ્મિતમાં આંસુની ખારાશ મીઠાશમાં બદલાઈ જતાં દીકરી કહે છે, 'થેંક્યુ પપ્પા' અને પપ્પાનાં મન સાથે જડાયેલા અને જોડાયેલાં સંસ્કાર જ્યારે દીકરીમાં દેખાય અને એ પપ્પાનું નામ રોશન કરે (જેમ મારી લાડલીએ ગોલ્ડ મેડલ લઈ કર્યું છે) ત્યારે દીકરી પણ આવી જ આગવી ઓળખ ઊભી કરે છે. ત્યારે પપ્પા પણ 'I am proud of You' કહે છે. પરિવારમાં મમ્મીની ઓળખ પણ ઓછી આંકી નથી. સખી, બહેન, અભિન્ન અને અતૂટ સંબંધ ધારિણી, લાડકી કહે મને તો હસતી અને રડતી મમ્મી ગમે! તેનાં હોઠ હસે તો ફાગુન અને આંખ ઝરે તો સાવન એવી મમ્મી મને ગમે.

કિશોર શાહએ કહ્યું છે તેમ – ''પછી''

*કન્યા વિદાય પછી*
*ઘરની શૂન્યતા*
*આંસુઓથી નથી ભરાતી*
*એને*
*આશીર્વાદથી સજાવવી પડે છે.*

દીકરીનો સંબંધ બંધાય ત્યારે હવે આપણે લગ્ન (Marriage)નો અર્થ જોઈએ તો –

| | | |
|---|---|---|
| M | – Margin | : આત્મસમર્પણ |
| A | – Ambition | : મહત્વાકાંક્ષા |
| R | – Respect | : સન્માન |
| R | – Response | : પ્રતિસાદ |
| I | – Intimacy | : ગાઢ ઐક્ય |
| A | – Accrediting | : વિશ્વાસ |
| G | – Gaiety | : આનંદ |
| E | – Eternity | : શાશ્વતતા |

એક પુત્રીએ ઉક્ત શબ્દોની પૂર્તિ માટે જયારે કોઈથી ઐક્ય સાધ્યું હોય – કોઈ પરિવારથી સંબંધ બાંધ્યો હોય ત્યારે તેઓ તરફથી તેને પૂરતી હૂંફ – લાગણી મળવી જ જોઈએ.

'દીકરી વહાલનો દરિયો' એમ કહીએ ત્યારે હવે સાસરિયામાં દીકરીઓ સુખી નથી હોતી એમ સામાન્ય રીતે મનાય છે, તે સંપૂર્ણપણે સાચું નથી. આ માટે આપણે આપણો દૃષ્ટિકોણ બદલવો પડશે. તે બાબતે મનોમંથન કરીએ તો આપણા માનવ સમાજમાં પુત્રી સમજણી થાય ત્યારથી કામ શીખવતાં વડીલ સ્ત્રીઓ, માં, દાદી, નાની, કાકી વગેરે એને એક જ વાક્ય કહી ટોકે છે, 'સાસરામાં શું કરીશ?' આમ કર, આમ ન કર. સાસરામાં આ નહીં ચાલે, તે નહીં ચાલે. સાસરા કોઈના સોનાના ન હોય. આમ તેનાં માનસપટલ પર સાસરા માટે એક જ છાપ ઉપસી જાય છે.

બીજું પરિબળ જોઈએ તો મારા અભ્યાસ - નિરીક્ષણ મુજબ મોટાભાગનાં માવિત્ર પક્ષો પોતાની પરણેલી દીકરીને વાર-તહેવાર પ્રસંગોની ઉજવણી પોતા સાથે કરવા જ ભારપૂર્વક જણાવે છે. જયારે દીકરી - વહુ તહેવારોમાં સાસરાની શોભા છે. ઘણા કુટુંબો પોતાની દીકરીને પોતાની સાથે બહુ અવરજવરનો નાતો રાખવા પ્રેરે છે. જેને કારણે ઘણા વર્ષો સુધી તેણી સાસરીયામાં સેટ થઈ શકતી નથી. દીકરી માટેનું આ વાક્ય - બે પરિવાર એટલે (માવતર - સાસરા) બંનેને લાગુ પડે છે. પરિવારમાં એક દીકરી તો ઝાકળની ભીનાશમાં ગંગા રાશિ સમાન છે. જેમાં રાતરાણીની નશીલી 'ખુશ્બુ', પારિજાતની પવિત્રતા અને ગુલાબનું ગૌરવ છે.

સામાન્ય રીતે સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન હોય તેવું જણાય છે. એક દાખલો ટાંકુ તો સવિતાબેનને રમાબેન મંદિરે મળ્યા. રમાબેને પૂછ્યું, 'કેમ સવિતાબેન આજે મંદિર આવવા મોડું થયું?' સવિતાબેન બોલ્યા, 'શું કરૂં, અમારી વહુરાણી આઠ વાગે ઉઠે પછી ચા મળે, એટલે.' થોડી આડીઅવળી વાતો પછી અંતમાં રમાબેને પૂછ્યું, 'તમારી મીનાને સાસરામાં કેમ છે?' સવિતાબેન બોલ્યા, 'અરે એને તો લીલાલહેર છે. ઘરે નોકર-ચાકર છે. સવારે આઠ વાગ્યા સુધી તેને કોઈ ઉઠાડે નહીં. મરજી પડે તેમ કરે.'

આમ, એક સ્ત્રીની દૃષ્ટિ જેવી પુત્રી પ્રત્યે છે તેવી પુત્રવધૂ પ્રત્યે નથી. એક સ્ત્રી પરણીને આવે છે ત્યારે તેનો પતિ મા-બાપની સેવા કરતો જણાય છે. માનું દરેક માનતો. એટલે સ્ત્રી તેને માવડિયો કહે છે. તે જ સ્ત્રીના પુત્રનાં લગ્ન થાય છે અને તેનો પુત્ર પોતાની પત્નીને માન-સન્માન આપે ત્યારે સ્ત્રીથી એ સહન થતું નથી અને તેને તે વહુઘેલો કહે છે.

પુરુષોમાં આ પ્રકારની ઈર્ષ્યા પ્રમાણમાં ઘણી ઓછી હોય છે. પરંતુ આ લોકવાયકા કે સાસરિયા દુઃખ આપે એ પૂરતું તથ્યવાળું નથી. ઘણા પરિવારોમાં પુત્રવધૂનું માન પરિવારનાં પુત્રો-પુત્રીઓ કરતાં પણ વધારે હોય છે તેવું જોવા મળે છે. અમારા ૧૮ જણાના સંયુક્ત કુટુંબના પરિવારમાં મારી પત્નીનું, મારા પિતાશ્રી એટલે કે તેણીના સસરા સાથે એટલું બનતું કે આજની તારીખે તેઓ હયાત નથી પણ તેને યાદ કરવા સાથે મારી પત્ની રડી પડે છે. તેણી તેના પપ્પા કરતાં પણ મારા પપ્પાને વિશેષ ચાહે છે.

આજના આ સમયનાં શિક્ષિત સમાજમાં હવે દીકરીઓને પણ સાસરામાં પૂરતું માન - સન્માન મળે છે. પરંતુ આજની પુત્રીઓ - સંતાનોની અપેક્ષાઓ વધારે થઈ ગઈ છે, જે પરિપૂર્ણ કરવી શક્ય ન હોય તો પણ તે પૂર્ણ કરવાની હઠને કારણે ક્યારેક સાસરા પક્ષને નછૂટકે બદનામ કરાય છે. હકીકતમાં તે પક્ષનો કોઈ વાંક-ગુનો હોતો નથી.

આદિ - અનાદિકાળથી જે પ્રથા ચાલી આવે છે એનાથી વિપરીત પરિસ્થિતિની આપણે કલ્પના કરીએ તો…

જેમ દીકરીને સાસરે મોકલાય છે તેમ દીકરાને વિદાય આપવાનો રિવાજ આવે તો – એક પરિવારનો કમાઉ - લાગણીશીલ દીકરો જયારે પરણીને સાસરે જાય ત્યારે 'દીકરો - પ્રેમનો સાગર' એવા શિર્ષક હેઠળની કવિતાઓ રચાશે. શું આપણો સમાજ આ સ્વીકારી શકશે? કદાપી નહીં.

મેં ઘણાં એવા કુટુંબો જોયા છે જેમાં બે પુત્રી કે એક પુત્રીનાં માતા-પિતા પોતાના જમાઈને પુત્ર તરીકે જ રાખે છે. મનીષાબેન અને અરવિંદભાઈ હંમેશાં તેના ઘરની કોઈ પણ જાતની ચર્ચા વિચારણા, કોઈ કામગીરી હોય ત્યારે પોતાના જમાઇ કમલેશની હાજરી જરૂરી જ માને છે. કમલેશ બેંગ્લોરથી છુટ્ટીઓમાં આવશે ત્યારે જ ઘરનું સુધારા-વધારા પ્લાનિંગ તેની સલાહ સૂચનથી અને તેની હાજરીમાં જ કરીશું એવું તેઓ ગર્વથી કહે છે.

અંતમાં રજનીશે કહ્યું છે તેમ પ્રેમ અને વિવાહના સંબંધ ઉપર કહું તો તમે વિવાહ એટલે લગ્ન છે તે માનવે રચેલી વ્યવસ્થા છે. જયારે પ્રેમ છે તે પરમાત્માએ સ્થાપેલી વ્યવસ્થા છે. એટલે ચાલો, આપણે પરમ દયાળુ પરમાત્માએ આપેલ પ્રેમ વ્યવસ્થાથી આપણે રચેલી લગ્ન વ્યવસ્થાને પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ, શક્તિ સાથે સુંદર બનાવવા પ્રયાસ કરીએ અને કોઈની દીકરીને ડૉટર-ઈન-લૉ તરીકે ગણવાને બદલે ડૉટર-ઈન-લવ તરીકે સ્વીકારીએ.

*"શ્રી", સી-૮૪૭, ઓધવસૃષ્ટિ સામે,*
*પુષ્પકર્ણા લગ્નવાડીની બાજુમાં,*
*મુંદ્રા રિલોકેશન સાઇટ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૦૯૧ ૨૦૫૦૨*

વાનગી

# કઈ રીતે થયું 'કેચપ'નું સેટઅપ?



નજમા વાય. ગોલીબાર

કેટલું જાણો છો તમે કેચપ વિશે?

તમને કેચપ વિશે વધારેમાં વધારે એટલી જ જાણકારી હશે કે એને ટામેટામાંથી બનાવવામાં આવે છે. આ કોઈ શાકભાજી નથી કે એને બર્ગર, ફ્રાઈઝ, હોટડોગ વગેરે સાથે ખાવામાં આવે છે. પરંતુ અમેરિકન યુનિવર્સિટીના પ્રોફેસરના એક પુસ્તક 'ધ લેંગ્વેજ ઑફ ફૂડ' મુજબ કેચપની શરૂઆત ૧૭મી સદીમાં ચીનમાં થઈ હતી. પહેલા કેચપ માછલીના સોસ તરીકે આવ્યો હતો. તેમાં ટામેટાનો ઉપયોગ થતો ન હતો.

- **ફિશી સ્ટાર્ટ :**

ચીનમાં કેચપને કે-ચપ, ગે-ચપ અથવા ક્યુ-ચિયપના નામથી ઓળખવામાં આવતો હતો. ત્યાં 'ચપ'નો અર્થ 'સોસ' એવો થતો હતો. ચીની લોકો જ તેને દક્ષિણ એશિયાઇ દેશોમાં લઈ ગયા. બ્રિટનના લોકોએ એને દરિયાઈ મુસાફરી દરમિયાન લોકોને વહેંચ્યો. ત્યારપછી એ અમેરિકા સુધી પહોંચી ગયો અને અઢારમી સદીમાં એનો ફેલાવો વધારે થયો.

- **ટોમેટો કેચપની શરૂઆત :**

ઈ.સ. ૧૮૦૦ પહેલાં કેચપને બનાવવા માટે એન્કોઇ માછલી, મશરૂમ, અખરોટ અને ઓઇસ્ટર માછલીનો બેઝ ઉપયોગમાં લેવામાં આવતો હતો. ત્યાર પછી રેસીપી બનાવવા માટે ટામેટાનો ઉપયોગ કરવામાં આવ્યો. ૧૯મી સદીમાં ટામેટાની સાથે મીઠાશ લાવવા માટે તેમાં ખાંડ નાખવામાં આવી. કારણકે આવો કેચપ અમેરિકનવાસીઓને ખૂબ જ પસંદ હતો.

ટોમેટો કેચપ એક એવી વસ્તુ છે કે જે દરેક વ્યક્તિને પસંદ પડે છે. તમે એને ઘરમાં પણ ખૂબ જ સરળતાથી બનાવી શકો છો. આજે કેચપની કેટલીય વેરાયટી બજારમાં ઉપલબ્ધ છે.

જો તમે ઇચ્છો કે કેચપ ઘણા સમય સુધી સારો રહી શકે અને ખરાબ ન થાય, એનો સ્વાદ પણ એવો ને એવો રહે તો એક્સપર્ટના કહેવા અનુસાર તમે એને ફ્રિજમાં જ રાખો. એ કેચપ ફ્રિજમાં ૬ મહિના સુધી રાખી શકો છો.

- **શું હોય છે બજારમાં બનતા કેચપમાં?**

એફ.ડી.એ. મુજબ કેચપ ટામેટાની સાથે વિનેગર, ખાંડ, વિવિધ મસાલા, ફ્લેવર, ડુંગળી અને લસણને મેળવવામાં આવે છે. આમ તો મીઠાશ માટે ફ્રુકટોઝ, કોર્ન સીરપ પણ મેળવાય છે. પરંતુ એ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક હોય છે. એટલે જો તમે કેચપ ખરીદવા જાવ તો એના ઉપર બ્રાન્ડ કોર્ન સીરપની જગ્યાએ ખાંડનો જ ઉપયોગ કરે છે.

- **કેચપમાં ફળોનો પણ ઉપયોગ થાય છે :**

બનાનાના કેચપ અને બનાનાના સોસ પણ ખૂબ જ લોકપ્રિય છે. એ પણ ખૂબ જ સ્વાદિષ્ટ હોઇ એમાં ઘણા પ્રકારના મસાલાનો ઉપયોગ થાય છે. એમાં ટામેટાની જગ્યાએ કેળાનો ઉપયોગ કરવામાં આવે છે. એમાં કેળા, વિનેગર, ખાંડ, મીઠું અને મસાલા હોય છે. આ સામાન્ય કેચપ કરતાં પાતળો અને એમાં ફળોનો સ્વાદ હોય છે. એમાં ફૂડ કલરનો ઉપયોગ પણ કરવામાં આવે છે.

- **કેચપની જાળવણી માટે એને ફ્રિજમાં ક્યારે મૂકી શકાય અને ક્યારે નહીં?**

જો તમે કેચપની બોટલ ખોલી નાખી હોય તો એને ફ્રિજમાં જ રખાય. પરંતુ કોઈ સંજોગોમાં એને તમારે બહાર રાખવાની હોય તો ખુલ્લી બોટલ એક મહિના સુધી બહાર રાખી શકો અને બંધ બોટલ ૧ વરસ સુધી બહાર રાખી શકો. કારણકે કેચપની બોટલમાં ગેસ ભરેલો હોય છે. એને કારણે એ લાંબો સમય સુધી બહાર સારો રહી શકે છે.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## પાના નં.-૩૫ ઉપર આપેલ ક્વીઝ "પસંદગીના તડકા"ના જવાબો

(૧) થમ્સ અપ, (૨) ફેર એન્ડ લવલી, (૩) નવરત્ન હેર ઓઇલ, (૪) મારૂતિ કાર, (૫) આઇડિયા, (૬) ગોદરેજ ફેર ગ્લો સાબુ, (૭) પોલો, (૮) સર્ફ એક્સલ, (૯) સફોલા તેલ, (૧૦) હીરો હોન્ડા, (૧૧) પર્ક - કેડબરી, (૧૨) એશિયન પેઇન્ટ્સ, (૧૩) કેપ્ટન કૂક આટા, (૧૪) મેંગો ફ્રુટી, (૧૫) ક્રેક ક્રીમ, (૧૬) રેમન્ડ, (૧૭) ક્વિક ફીક્સ, (૧૮) ડેરી મિલ્ક, (૧૯) રોટોમેક્સ બોલપેન, (૨૦) એક્વાફ્રેશ, (૨૧) બિંગો, (૨૨) ડાબર આમલા તેલ, (૨૩) પેપ્સી, (૨૪) ગોદરેજ હેર ડાઇ, (૨૫) ડેટોલ, (૨૬) મેકડોનાલ્ડ, (૨૭) એમ.ડી.એચ. મસાલા, (૨૮) કુરકુરે, (૨૯) મેગી, (૩૦) કીટકેટ - કેડબરી, (૩૧) ટાટા ટી (ચા), (૩૨) ટાટા સ્કાય, (૩૩) પ્રિયા ગોલ્ડ બિસ્કીટ, (૩૪) ગાર્નિયર, (૩૫) એલ.જી., (૩૬) એલ્પેન લીબે, (૩૭) એચ.ડી.એફ.સી. લાઇફ ઇન્સ્યુરન્સ, (૩૮) લેઝ - વેફર્સ, (૩૯) સ્પ્રાઇટ, (૪૦) મેન્ટોસ, (૪૧) ક્લોરમિન્ટ, (૪૨) અમૂલ, (૪૩) ક્લોઝ અપ, (૪૪) મેગી મસાલા, (૪૫) વી-જોન, (૪૬) બોર્નવિટા બિસ્કીટ, (૪૭) ડોમિનોઝ પીઝા, (૪૮) એ.ટી.સી. પોપકોર્ન, (૪૯) ઘડી ડિટર્જન્ટ, (૫૦) વ્હીલ, (૫૧) હોરલિક્સ, (૫૨) એમ.આર.એફ. ટાયર, (૫૩) રસના, (૫૪) લાઇફબોય, (૫૫) બિગ બાઝાર, (૫૬) લક્ષ્મી તુવેરદાળ, (૫૭) કાયમ ચૂર્ણ, (૫૮) આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, (૫૯) ફેવિકોલ, (૬૦) બજાજ ટ્યુબ લાઈટ્સ, (૬૧) લક્સ, (૬૨) એફ.એમ. રેડિયો.

# પ્રતિભાવ

## 'કચ્છશ્રુતિ' પ્રતિભાવ

'કચ્છશ્રુતિ' માસ મે-૨૦૧૮ના અંકમાં સૌથી વધુ કોઈ લેખ ગમ્યો હોય તો તે છે શ્રી અશોક મહેતા લિખિત 'વિજ્ઞાને જાતીય વાસનાના ક્ષેત્રમાં સફળતા મેળવવાની બાકી છે.' આશારામ બાપુની ભુજમાં નાગર ચકલામાં ઈસ્ત્રી કરવાની દુકાન હતી. મેં એકવાર તે દુકાન જોઈ હતી. આ લેખ વાંચવાથી તેનું સ્મરણ થયું છે. તે જ રીતે **ડૉ. યાસીન દલાલ**નો 'મોબાઈલના આક્રમણ સામે લુપ્ત થઈ રહેલી પત્ર લેખનની કળા' વિષયનો લેખ પણ મનનીય રહ્યો છે. જ્યારે 'દાણા દાણા પર લખેલી સંસ્કૃતિની કહાણી' લે. **નજમા વાય. ગોલીબાર**ના લેખથી ચોખાના દાણા અંગે ઘણું જાણવા મળ્યું. ઉપરાંત, દરરોજ કેટલીય રૂા. ૧૦ની નોટ હાથમાં આવે છે પણ **ભાવનાબેન એ. ઝવેરી**એ જે માહિતી આપી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. કાવ્યો બધા સારા છે પણ વધારે જચ્યું હોય તો તે છે **રમીલા પી. મહેતા** રચિત 'ગોઠડી' કાવ્ય.

સમગ્ર અંકનું સંપાદનકાર્ય પ્રશંસાપાત્ર છે. બધાને અભિનંદન.

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', એડવોકેટ - ભુજ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

★

## 'કચ્છશ્રુતિ' માસ મે-૨૦૧૮ માટેનો પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'ના મુખ્ય તંત્રીનો 'વિજ્ઞાને જાતીય વાસનાના ક્ષેત્રમાં સફળતા મેળવવાની બાકી છે!' – સામાન્ય રીતે કોઈને વિચાર પણ નહીં આવ્યો હોય તે વિષય પર લેખ લખવો અને તે વાંચકો માટે તો એક ઉમદા અનુભૂતિ ગણાય તેવું આ લખનારનું માનવું છે.

જો 'રોબોટિક સાયન્ટિસ્ટો' ધારે તો ચોક્કસપણે આ દિશામાં પણ સફળતા મળી શકે.

ઘણી જગ્યાએ 'રોબોટ' પાસે સાવ સામાન્ય પ્રકારના કામ લેવાય છે. દાખલા તરીકે 'રેસ્ટોરન્ટ'માં વેઈટર તરીકે! આવા કામ તો લોકોની 'બેરોજગારી'માં વધારો કરે છે. તેના કરતાં રોબોટ્સ પાસે એવા ઘણા કામ લઈ શકાય જે સમાજને ઘણા ઉપયોગી બની શકે (કદાચ લેવાતા પણ હશે!)

*આવા કામના ૨-૩ દાખલા જોઈએ :*

૧. ગટરની ગંદકીમાં ગટર સાફ કરાવવાનું અમાનવીય કામ.
૨. ન્યુક્લિયર પાવર સ્ટેશનના રીએક્ટરમાં હાઈ એટોમિક રેડિયેશનવાળું યુરેનિયમ ફ્યુઅલ ભરાવવાનું અથવા એને આનુસંગિક કામ.
૩. 'ભ્રષ્ટાચારની નદીઓ' ટાઈપના કલેક્ટર ઓફિસના મહેસૂલી કામો વગેરે.

મજાકમાં એમ પણ કહી શકાય કે 'ઉત્તર કોરિયા'ના ગાંડા શાસકના મગજને ઠીક કરવા માટે!

*હવે મે માસના અંકમાં વાંચેલ બીજા લેખો અંગે :*

★ **શ્રી કિરણ ચાંપાનેરી** લિખિત લેખમાં સૌરાષ્ટ્રના યુરોલોજિસ્ટ ડૉ. પ્રદીપ કણસાગરા અને તેમની સેવાકીય પ્રવૃત્તિઓની જાણ થઈ. વાંચીને આનંદ થયો અને તે બદલ તેમને બંનેને અભિનંદન.

★ **શ્રી હંસરાજ કંસારા** દ્વારા હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગર લિખિત બંને પુસ્તકો અંગે સારો પરિચય આપવામાં આવ્યો છે.

★ **ભુજમાં શ્રી ચંદ્રવદન મહેતા**ના પુત્ર **શ્રી મેહુલ મહેતા**એ આઈસ્ક્રીમ પાર્લર શરૂ કરેલ છે. તે માટે તેમને અભિનંદન સાથે મારું હાસ્ય કટાક્ષનું પુસ્તક 'ચાલો, ખવડાવો આઈસ્ક્રીમ!' આપવાની મારી ઈચ્છા છે!

*આ ઉપરાંત નીચેની વ્યક્તિઓને પણ અભિનંદન.*

★ **શ્રીમતી અલ્કા અરવિંદ સંઘવી**ને તેમના કાવ્ય 'આંસુ' બદલ. તેમજ શ્રી અરવિંદ સોમૈયાને 'હાઈકુ' બદલ.

★ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી તેમજ ખજાનચી શ્રી અતુલભાઈ સોનીના સુપુત્ર **શ્રી પુનિત સોની**ને ગૂગલ કંપનીમાં ઉચ્ચપદે નિયુક્તિ અંગે. ('બાપ-બેટે' દોનોં કો અભિનંદન!)

★ ડી.એન. પોલીટેકનિકના **શ્રી દીપક ચૌહાણ**ને નેશનલ ઍવોર્ડ બદલ અભિનંદન.

★ 'વિદ્યાર્થી દત્તક યોજના' સમિતિના કન્વીનર શ્રી હિમાંશુ ઠક્કરને તેમજ એ યોજનાના દાતાઓને તથા સરસ્વતી સન્માનના દાતાઓને પણ ખૂબ ખૂબ અભિનંદન.

મુંબઈમાં ગુજરાતી સમાજનું ઉદ્‌ઘાટન થયેલ છે તે સમાચાર વાંચી આનંદ થયો. હવે આ અંગે લખનારનું એક સજેશન છે કે જો કોઈ કચ્છી સમાજ - અમદાવાદના સભ્યોને મુંબઈ જવાનું થાય અને ત્યાં રહેવાની જરૂરિયાત ઊભી થાય તો તેમને પ્રાયોરીટી મળે તેવી વ્યવસ્થા મુંબઈના ગુજરાતી સમાજના કર્તાહર્તા સાથે આપણા પ્રમુખશ્રીને કરવા વિનંતી છે.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષ્યમાં શ્રી લોહાણા મહાપરિષદ - પર્યાવરણ સમિતિ આયોજિત પરિસંવાદ

શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા ૫ જૂન – વિશ્વ પર્યાવરણ દિનના ઉપલક્ષ્યમાં દેશી લોહાણા વિદ્યાર્થી ભવન, કાંકરિયા, અમદાવાદ ખાતે તા. ૨૭ મે, ૨૦૧૮ના રોજ પર્યાવરણને સંલગ્ન વિવિધ વિષયો પર પરિસંવાદનું સુંદર આયોજન થયું હતું. દીપ પ્રાગટ્ય અને રઘુવંશી ધ્વજવંદન ગીત ગાનથી કાર્યક્રમની શરૂઆત થઈ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષે સ્વાગત પ્રવચન કરી સૌને અંતરના ઉમળકાથી આવકાર્યા હતા અને છેલ્લા અઢી વર્ષમાં પર્યાવરણ સમિતિ દ્વારા ભારતભરમાં થયેલી વિવિધ પ્રવૃત્તિઓ અંગે સૌને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદની આરોગ્ય, શિક્ષણ, થેલેસેમિયા નાબૂદી, જરૂરિયાતમંદ દર્દી પરિવારોને વિનામૂલ્યે રહેવાની સહાય અને ભાગવત્ વિદ્યાપીઠ મુકામે નવીનીકરણ પામેલ અતિથિ નિકેતન વિશે સૌને માહિતગાર કર્યા હતા. પર્યાવરણ સમિતિ દ્વારા સમયાંતરે કરવામાં આવતા આયોજનોને પણ ખૂબ બિરદાવી નવી પેઢીને સેવાકીય પ્રવૃત્તિઓમાં સાંકળવા માટે શ્રી કિરીટભાઈ ભીમાણીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

## ભાણજી કેશવજી વિદ્યાલય - ગોધરા (કચ્છ)નો ષષ્ટીપૂર્તિ સમારંભ

કોઈ પણ શાળાની ષષ્ટીપૂર્તિ ઉજવાય તે એક ઉત્તમ ઘટના કહેવાય. પણ કચ્છના ગ્રામ્ય વિસ્તારની શાળાની ષષ્ટીપૂર્તિ ઉજવાય તે ખરેખર વિરલ ઘટના જ ગણાય. આજથી સાંઇઠ વર્ષ પહેલાં ૧૯૫૮માં, દાતા શ્રી ભાણજી કેશવજી ભેદાએ કચ્છના માંડવી તાલુકાના ગોધરા ગામે પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, દવાખાનું અને સહાયક કેન્દ્ર સ્થાપવા માતબર રકમનું દાન આપ્યું હતું. સાંઈઠ વર્ષ પછી પણ આ બધી જ સંસ્થાઓ ખૂબ શ્રેષ્ઠ રીતે કાર્યાન્વિત છે.

તાજેતરમાં ૨૦૧૮માં સંસ્થાને સાંઈઠ વર્ષ પૂરા થતા હોઈ, કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓને પોતાની જીવન ઘડતર કરનારી તીર્થભૂમિ સમી શાળા યાદ આવી. આપણે પૂર્વ વિદ્યાર્થીઓ શાળાની સાંઇઠમી વર્ષગાંઠ સાથે મળીને શાળાના પ્રાંગણમાં ઉજવીએ તો? અને સાથે ગુરુવર્યોનું સન્માન કરવાની તક ઝડપી લઈએ. પછી તો આવા શુભ વિચારને પ્રસરતા કેટલી વાર? મુંબઇ અને કચ્છમાં રહેતા કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓએ બીડું ઝડપી લીધું. સંપર્ક સેતુ બંધાયો. પૂર્વ વિદ્યાર્થીઓની શોધખોળ શરૂ થઈ. કોઈ દાદા-દાદી અને નાના-નાની બની ગયેલા. ફોનમાં ને વૉટ્સએપમાં અવાજ કે ચહેરાય ન ઓળખી શકે! જોતજોતામાં આ સંખ્યા સેંકડોમાં પહોંચી ગઈ.

તારીખો નક્કી થઈ. બુકિંગ થયા. વયસ્થ એવા ગુરુજનોનો સંપર્ક થયો. તેમની ઉપસ્થિતિની સંમતિ મેળવાઈ. એક વિશેષ ખૂબ સરસ વિચાર એક વિદ્યાર્થીને આવ્યો : 'આપણા સૌનો કાયમી રેકોર્ડ તૈયાર કરીએ તો કેવું?' નામ અપાયું 'સ્નેહ શૃંખલા.' પ્રાપ્ત તમામ વિદ્યાર્થીઓનો ફોટો સાથે બાયોડેટા, ગુરુવર્યોના ફોટા, પૂર્વ વિદ્યાર્થીઓના અનુભવો અને સિધ્ધિની વાતો તેમાં આવરી લેવાઈ.

આખરે શુભ ઘડી આવી પહોંચી. ૨૮ અને ૨૯ એપ્રિલ, ૨૦૧૮ના દિવસો ગોધરા ગામ માટે અનમોલ બની ગયા. ગામમાં ધાર્મિક કે સામાજિક પ્રસંગે સૌ પોતપોતાની અનુકૂળતા મુજબ આવે. આ તો શાળાનું ઋણ અદા કરવા અને એક સાથે સહુ સાથે મળ્યા. એમાંય વિશિષ્ટ વાત એ હતી કે ગામમાં કન્યા છાત્રાલય હતું એટલે ગામ ગામની કેટલીય કન્યાઓ અહીં રહી, ભણીને હવે સાસરિયા શોભાવતી હોય. પોતાની પચીસ-ત્રીસ વર્ષ પહેલાની સખી મળે તો કેવું દૃશ્ય સર્જાય તેની કલ્પના કરવી જ શક્ય નથી.

બે જણા સામે સામે જુએ. બે ઘડી થોભે – ઓળખવા માટે ને પછી જોર લગાવીને ભેટે. વર્ષોનો રોકેલો સ્નેહ વ્યક્ત થાય. આવા તો અનેક અદ્‌ભુત દૃશ્યો સર્જાતા રહ્યા. શાળા સમયના સ્મરણો વાગોળતા કોઈ થાકતા નહોતા. હવે શરૂઆત થઈ ગુરુ વંદનાની. કોઈની આંખમાં હર્ષના આંસુ તો કોઈના ચહેરા પર ઋણનો ઉપકાર ભાવ. **૮૨ વર્ષના ઓઝા સાહેબની ખુશી એમની ઝાંખી આંખોમાં દેખાતી હતી. 'સ્નેહ શૃંખલા' સ્નેહમિલન સ્મરણિકાનું વિમોચન થયું. રાત્રે લોક સંસ્કૃતિની અભિવ્યક્તિ થઈ.** ગોધરાના વિખ્યાત 'અંબે ધામ'માં સૌએ દર્શન કરીને ગામ અને શાળાની ચિરંજીવી પ્રગતિની મા જગદંબા પાસે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીને ફરી

મળવાની શ્રદ્ધા સાથે સૌ વિખરાયા. સાથે સાથે ભવિષ્યમાં બી.કે. વિદ્યાલય માટે કરવાની નેમ મનમાં ધરતા ગયા અને સમાજમાં એક દાખલો બેસાડતા ગયા કે ગમે તેટલા વર્ષો વીતે પણ તીર્થભૂમિ શાળાને તો ન જ ભૂલી શકાય. ઉત્તમ અનુકરણીય છાપ મૂકાઈ એનો આનંદ સૌના ચહેરા પર હતો.

*પ્રસ્તુતકર્તા : દિનેશભાઈ માંકડ*

## જાતને ઓગાળીને સતત લખતા રહેવાની પ્રક્રિયાથી કાવ્ય સર્જન નીપજે – કવિ વંચિત કુકમાવાલા




*'કાવ્ય નિર્ઝરી-૨'ના વિમોચન પ્રસંગની એક ઝલક*

ભુજમાં કવિયત્રિઓની સંસ્થા 'કાવ્ય નિર્ઝરી'એ તા. ૧૨-૫-૨૦૧૮ના આર્ય સમાજ હોલમાં સાહિત્ય પ્રેમીઓની ભરચક હાજરી વચ્ચે 'કાવ્ય નિર્ઝરી-૨' કાવ્ય પુસ્તકનું વિમોચન કર્યું હતું. પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન વૈદ્યે મુખ્ય મહેમાન ડૉ. પલ્લવી શાહ, અતિથિ વિશેષ ઍડવોકેટ શ્રી શંકરભાઈ, કવિશ્રી વંચિત કુકમાવાલા તેમજ મદનકુમાર અંજારિયા, ડૉ. કાંતિભાઈ ગોર, સાંધ્યદીપના પ્રમુખ શ્રી કનુભાઈ જોષી તેમજ શ્રી ગૌતમભાઈ જોશી અને પધારેલા તમામ સાહિત્ય પ્રેમીઓનું શાબ્દિક સ્વાગત કરતાં આનંદની લાગણી વ્યક્ત કરી હતી. દીપ પ્રાગટ્ય મંચસ્થ મહેમાનોએ કર્યું અને પુષ્પ અને પ્રતીક ભેટથી મુખ્ય મહેમાન, અતિથિ વિશેષશ્રીનું સ્વાગત સંસ્થાના હોદ્દેદારોએ કર્યું. 'કચ્છમિત્ર'ની મહિલા જગતના સંપાદક શ્રીમતી મુક્તાબેન જે. ખત્રી, કવિકલા વૃંદના શ્રી સુરેશભાઈ જેઠી, આર્ય સમાજના ટ્રસ્ટી શ્રીમતી ભાનુબહેન પટેલ, મંજુલા ઉપાધ્યાય, કાશ્મીરાબેન ભટ્ટ (મંત્રી છ.બા.મ. મંડળ), જયદેવ જોશી, સુધા મહેતાનું સન્માન સુધા ઝવેરી, બિંદિયા જાની, દીના ભૂડિયા, કાજલબેન ઠક્કર, સરસ્વતીબેન સોલંકી, ઉષ્મા શુક્લ, અરુણા ઠક્કર, નિહારીકાબેન ધોળકિયા, કમલાબહેન ઠક્કર, ચેતના જોષી અને પૂજને કર્યું. કાવ્ય નિર્ઝરીના ઉપપ્રમુખ રમીલાબેન મહેતાએ સંસ્થાની સ્થાપના ૨૦૧૪માં કરવામાં આવી ત્યારથી ૨૦૧૮ સુધી વિવિધ સ્થળે બેઠકનું આયોજન કરી નવોદિત મહિલા સર્જકને પ્રોત્સાહિત કરે છે અને શબ્દ સર્જનયાત્રામાં વર્ષ ૨૦૧૫માં અને ૨૦૧૮માં એમ બે વખત કાવ્ય નિર્ઝરી-૧ અને ૨ પુસ્તકો પ્રકાશિત કર્યા છે. સંસ્થાએ તે મુશાયરાનું આયોજન, પ્રવાસ વગેરે ગોઠવેલ છે તેની વિગતો પૂરી પાડી હતી.

ઍડવોકેટ શ્રી શંકરભાઈ સચદેએ ટૂંક સમયમાં સંસ્થાએ જે પ્રગતિ કરી છે તે માટે હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા. ટૂંક સમયમાં કાવ્ય નિર્ઝરી પુસ્તક સરસ રીતે તૈયાર કરવા બદલ શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન'નું સંસ્તા વતી પ્રતીક ભેટ આપી સન્માન કર્યું. તેમણે કવિતાની વાત પરબ, શબ્દસૃષ્ટિની વાત કરીને કવિ રમણિક સોમેશ્વરને યાદ કર્યા. વિનોદ ભટ્ટના લેખમાંથી કવિ અને કવિતા વિશે વાત કહી, મહિલા કવયિત્રીની સંસ્થાની બહેનો અને સંપાદક મંડળને અભિનંદન પાઠવ્યા.

અતિથિ વિશેષ ગુજરાતના જાણીતા કવિઓ પૈકીના એક શ્રી વંચિત કુકમાવાલા કાવ્ય સર્જનની પ્રક્રિયા શીખવી શકાય એવી નથી, પણ સર્જન માટે મથામણ કરવી પડે છે. કવિ ભાસ્કર વોરાની કાવ્યપંક્તિ ટાંકીને આ વાતને સ્પષ્ટ કરી હતી. કાવ્ય નિર્ઝરીની બહેનોને અભિનંદન પાઠવતા તેમણે જણાવ્યું કે સતત લખતા રહેવું જોઈએ. જાતને ઓગાળી નાખો ત્યારે કશું નીપજે છે. કાવ્યસર્જન કલા સહજ રીતે હસ્તગત થતી નથી. મા આશાપુરા બી.એડ. કૉલેજના આચાર્ય પલ્લવી શાહે બહેનોને હાર્દિક અભિનંદન પાઠવતાં જણાવ્યું કે 'અહીં અન્ય નવોદિતોને પ્રોત્સાહિત કરે છે અને સાહિત્યના ઉત્તમ પ્રકાર કાવ્ય પ્રકાર સર્જન પ્રત્યે પ્રેરિત કરે છે એ હર્ષની વાત છે. કાવ્ય સર્જન પ્રક્રિયા જટીલ હોય છે છતાં સંસ્થામાં એંસી વર્ષથી ઉપરની વયની અને બાવીસ વર્ષની યુવતી સહકાર સાથે નિજાનંદમાં મસ્ત રહે છે. પરસ્પર સહકારનો પડઘો કાવ્ય નિર્ઝરી-૨ માં દેખાય છે. આ ગમતી વાત છે.'

પધારેલા મહેમાનો, આર્ય સમાજના ટ્રસ્ટી શ્રી તેમજ તમામ ઉપસ્થિતોનું અરુણાબેન ઠક્કરે આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન કાજલ ઠક્કરે કર્યું હતું. ■

*તમે તમારી જાતની બીજા સાથે સરખામણી ના કરો.*
*તમારા આજને ગઈકાલ સાથે સરખાવો.*
*જો તમને સુધારો જણાય તો તમે કંઈક મેળવ્યું તેવું કહેવાશે.*

વિવિધતા

## હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ

## પસંદગીકા તડકા



ભાવના એ. ઝવેરી

જાહેરખબરના આપેલ વાક્ય પરથી તેની પ્રોડક્ટના નામ લખવાના છે.

*ઉદાહરણ :* યે અંદર કી બાત હૈ :

*જવાબ :* લક્સ અંડરવેર - બનિયાન.

| ક્રમ | ક્લુ |
|---|---|
| ૧. | ટેસ્ટ ધ થંડર. |
| ૨. | ઈતની નિખર જો ગઈ હો... |
| ૩. | ઠંડા ઠંડા કૂલ કૂલ... |
| ૪. | મેરા સપના... મેરી... |
| ૫. | એન આઇડિયા કેન ચેઈન્જ યોર લાઇફ... |
| ૬. | ત્વચા કે ગોરેપન કો બચાયેં રખે... |
| ૭. | ધ મિન્ટ વિથ એ હોલ... |
| ૮. | દાગ અચ્છે હૈં... |
| ૯. | તેલે દિલ કી બાત મૈં જાનું... |
| ૧૦. | દેશ કી ધડકન... |
| ૧૧. | થોડી સી પેટ પૂજા... |
| ૧૨. | હર ઘર કુછ કહેતા હૈ... |
| ૧૩. | આપ, ઔર ઈતની રોટીયાં... |
| ૧૪. | ફ્રેશ એન્ડ જ્યુસી... |
| ૧૫. | કોમલ રખે આપકી એડિયાં... |
| ૧૬. | ધ કમ્પલીટ મેન... |
| ૧૭. | બાતેં કમ, કામ જ્યાદા... |
| ૧૮. | કુછ મીઠા હો જાયે... |
| ૧૯. | લિખતે લિખતે લવ હો જાયે... |
| ૨૦. | તીન ટુથપેસ્ટ એક સાથ... |
| ૨૧. | નો કન્ફ્યુઝન, ગ્રેટ કોમ્બિનેશન... |
| ૨૨. | કાલે ઘને બાલોં કા રાઝ... |
| ૨૩. | યે દિલ માંગે મોર... |
| ૨૪. | હેલો આન્ટી! મુઝે આન્ટી કહા...? |
| ૨૫. | બી ૧૦૦% શ્યોર |
| ૨૬. | આઈ એમ લવિંગ ઇટ |
| ૨૭. | અસલી મસાલે સચ... સચ... |
| ૨૮. | ટેઢા હૈ પર મેરા હૈ... |
| ૨૯. | ટેસ્ટી ભી, હેલ્ધી ભી... |
| ૩૦. | હેવ એ બ્રેક, હેવ એ... |
| ૩૧. | જાગો... રે... |
| ૩૨. | ઈસકો લગા ડાલા તો લાઈફ ઝીંગાલાલા... |
| ૩૩. | હક્ક સે માંગો... |
| ૩૪. | ટેક કેર... |
| ૩૫. | લાઈફ ઈઝ ગુડ... |
| ૩૬. | જી લલચાયે, રહા ના જાયે... |
| ૩૭. | જીયો સર ઉઠાકે... |
| ૩૮. | નો વન કેન ઇટ જસ્ટ વન |
| ૩૯. | બુઝાયે પ્યાસ બાકી સબ બકવાસ. |
| ૪૦. | દિમાગ કી બત્તી જલા દે. |
| ૪૧. | દોબારા મત પૂછના... |
| ૪૨. | ધ ટેસ્ટ ઓફ ઇન્ડિયા |
| ૪૩. | પાસ આઓ... પાસ આઓના... |
| ૪૪. | તેરી મમ્મી કા નહીં, ઈસકી મમ્મી કા મેજીક હૈ... |
| ૪૫. | કૈસી શેવ ચાહિયે? મખ્ખમ જૈસી...? |
| ૪૬. | સુબહ કા બિસ્કીટ |
| ૪૭. | તુમ પાગલ હો... |
| ૪૮. | અપને પાપા કા સિનેમા હોલ... |
| ૪૯. | મેરે પતિ મહેનત કા કામ કરતે હૈં... |
| ૫૦. | આપ ભી કહાં દુકાનદાર કી બાત માનતે હો... |
| ૫૧. | સ્ટ્રોંગર એન્ડ શાર્પનર |
| ૫૨. | ટાયર વિથ મ્યુઝીકલ |
| ૫૩. | આઈ લવ યુ... |
| ૫૪. | .... હૈ જહાં... તંદુરસ્તી હૈ વહાં... |
| ૫૫. | ઈસસે સસ્તા ઔર અચ્છા... કહીં નહીં |
| ૫૬. | દાના દાના... સ્વાદ કા ખજાના |
| ૫૭. | ભાવનગર વાલે શેઠ બ્રધર્સ કા... |
| ૫૮. | ખયાલ આપકા. નો ચિંતા, ઓન્લી મની... |
| ૫૯. | પકડે રહના... મજબૂત જોડ હૈ, તૂટેગા નહીં... |
| ૬૦. | જબ મૈં છોટા બચ્ચા થા, બડી શરારત કરતા થા... |
| ૬૧. | ફિલ્મી સિતારોં કા પ્રિય સાબુ... |
| ૬૨. | બજાતે રહો... બજાતે રહો... |

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## માણસ

હાથમાં બ્રિસ્ટોલ લઈને ફરતો માણસ,
લોહીમાં કોલેસ્ટ્રોલ લઈને ફરતો માણસ.

ખુદ સળગશે કાં શહેરને સળગાવશે,
કેનમાં પેટ્રોલ લઈને ફરતો માણસ.

ખુદ ઘાયલ છતાં અન્યને ઘાયલ કરવા,
પાસમાં પિસ્તોલ લઈને ફરતો માણસ.

હજારોની હાજરી છતાં નજર આવે નહીં,
દયાનું ડેટોલ લઈને ફરતો માણસ.

સાંભળો, ઢંઢેરો હવે એ શાનો પીટે છે,
ગળામાં ઢોલ લઈને ફરતો માણસ.

દરરોજ નવી નવી સીતાનું હરણ કરવા,
રાવણનો રોલ લઈને ફરતો માણસ.

પાપના કરે છે જાપ જાલીમ જિંદગીભર,
બંદગીના બોલ લઈને ફરતો માણસ.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા*

## સભા

તમાકુ નિષેધ દિન જાણી ગધેડાની સભા ભરાણી,
ચાલી ચર્ચા. વાત વાતમાં માનવી જાત વગોવે આપણી.

ભૂલો કરે માનવી, ગધેડો કહી ઉપમા આપે આપણી,
માનવ કરે છે માનવની આપણી સાથે સરખામણી.

બે ચાર સિગરેટ તાણી, બોલે વ્યસન મુક્તિ વાણી,
બીડી પીનારને ગધેડો કહી બદનામી કરે આપણી.

તમાકુના ખેતરોથી દૂર દૂર ભાગે એ જાત આપણી,
તમાકુના ખેતર વાવી, માનવજાત કરે કમાણી.

તમાકુના ખેત પર ઘોડાનો સંકેત ગુરુ ગયા જાણી,
શીખ સમાજના ગુરુ ગ્રંથમાં તમાકુ નિષેધ લખાણી.

ગધેડા આગમના એંધાણી, છે અબોલા નથી એની વાણી,
માનવીને ચેતવે ગધેડા, તમાકુથી જગ થાશે ધૂળ ધાણી.

લોઢિયા તમાકુના ખેતરે ગધેડાને બાંધો જોઈ જાણી,
છીંકી છાકી રસીઓ તોડાવી, ભાગી જશે આ પ્રાણી.

*મહમદ ઉમર લોઢિયા – કોટડા (ચકાર)*
*મો. ૯૬૩૮૩ ૫૪૬૮૫*

## પુરો તાં... (કચ્છી)

પુરો તાં પરભુ હિકડો, ઐંઈ માડુ મિડે અધુરા,
કોય ખટા કોય ખારા ને કોક મીઠા મધુરા... પુરો...

કોય ઠિગી કોય ફો વારા, કોય દિલેર દયાવારા,
કોય કારા કોય કુબડા ને ધિલધાર હુવેં ધિલવારા... પુરો...

કોક બુઠા કોક રૂખા કોક અભાગિયા નઠારા,
કોય રોગી કોય ઢોંગી કોય ખુલ્લે ધિલવારા... પુરો...

કોય દાની કોય (સ્વ)માની, કોય ડિસંધે લગેં રૂપાળા,
કોય ઉડે પેઆ આકાશે કો ટંગા તોડીએં પગપારા... પુરો...

કેંક બળ કિને 'હરિ' કેંકેં ભનાય બુદ્ધિધનવારા
મિડે ભેરો નાંય ડિનેં કેંક ઇ ભૂલી વિનેંતા અધૂરા... પુરો...

*હરિદાસ કે. ઠક્કર 'હરિ' - મસ્કા, કચ્છ.*

## શૂન્ય

શૂન્યથી સર્જન થયું ને શૂન્યમાં વિરમી જવું,
શૂન્યોનો સરવાળો શૂન્ય જે થતો તે હું હતો.

શૂન્ય નથી તો કંઈ નથી, તું નથી ને હું નથી,
મૂલ્ય શૂન્યનું શૂન્ય, શૂન્યવિણ અંક બહુમૂલ્ય નથી.

શૂન્યથી ઉપર ઉઠી કાંઈક માયાજાળ રચતો રહ્યો,
કંઈ કેટલુંય પામી રહ્યો, કંઈ કેટલુંય થામી રહ્યો.

બનતો રહ્યો હું પહાડ તો ય ન હિમાલય બન્યો,
હતો શૂન્ય અન્ય દૃષ્ટિએ ને શૂન્યમાં ખપતો રહ્યો.

શૂન્યથી બહુમૂલ્ય બનવા પ્રયાસ કંઈક કરતો રહ્યો,
શૂન્ય અન્યોને ગણાવીને વેશ કંઈક ભજતો રહ્યો.

શૂન્યથી ઊંચો ઉઠ્યો તો પણ શૂન્ય જ ગણાતો રહ્યો,
'આરસી' હતો શૂન્ય, શૂન્યેથી ઊઠ્યો, શૂન્યમાં સમાતો રહ્યો.

*'આરસી' શાહ - અમદાવાદ [ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩]*

## હાઈકુ

દુઆ કોઈની
ફળી ગઈ મુજને
જીવન મહીં.

દિલ લાચાર
અંતિમ ક્ષણે હવે
ચક્ષુદાન દે!

સારા વિચાર
આવે કવિને ત્યારે
બને કવિતા.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ.*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

# પરિવાર સમાચાર

## અવસાન નોંધ

- **ગુરુવાર, તા. ૭-૬-૨૦૧૮**
  ઝુમખલાલ શિવરાજ શાહ (ભુજ-અમદાવાદ) (ઉં.વ. ૭૪)નું દુઃખદ અવસાન થયેલ છે.

***સદ્દગતશ્રીના આત્માને પ્રભુ શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***

## સરનામા ફેરફાર

- **વિજય શાંતિલાલ મહેતા**
  ૭૦૨, સ્વૈત રીસાઇડ,
  જૈન નગર, નવા શારદા મંદિર રોડ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૯૨૫૦ ૬૪૫૭૬

- **રમણિક સોમેશ્વર**
  C/o. ડૉ. દર્શના ધોળકિયા
  ન્યુ મિન્ટ રોડ, પેરીસ બેકરી પાસે,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
  મો. ૯૪૨૯૩ ૪૨૧૦૦
  E-mail : ramnik.someshwar@gmail.com

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *સંચાલિત* ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત **ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી** વ્યવસ્થિત રીતે ચાલુ કરી દેવામાં આવેલ છે અને સમાજના અનેક સભ્યો તેનો લાભ લઈ રહેલ છે.

આ લાઈબ્રેરીમાં વિવિધ વિભાગોના પુસ્તકો વસાવવામાં આવેલ છે. મુખ્યત્વે કચ્છ વિભાગ, જીવન ચરિત્ર વિભાગ, માહિતી વિભાગ, સામાજિક વિભાગ, નવલકથા વિભાગ, નવલિકા વિભાગ, સ્ત્રી વિભાગ, ધાર્મિક વિભાગ, યોગ - આરોગ્ય વિભાગ, હાસ્યકથા વિભાગ, રહસ્ય વિભાગ, હિંદી વિભાગ, અંગ્રેજી વિભાગ જેવા અનેક વિભાગોના પુસ્તકો અહી વાંચન માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. ગાંધીજીનો અક્ષરદેહ, મહાદેવ દેસાઈની ડાયરી, રાજકારણ વિભાગ જેવા પુસ્તકો પણ અહીંથી પ્રાપ્ત થઈ શકશે.

ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ લેખકો ગુણવંતરાય આચાર્ય, હરકિશન મહેતા, ધૂમકેતુ, કનૈયાલાલ માણેકલાલ મુન્શી, હરેન્દ્ર દવે, વજુ કોટક, યશોધર મહેતા, ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, રમણલાલ વસંતલાલ દેસાઈ, ગોવર્ધનરામ ત્રિપાઠી, આઈ.કે. વીજળીવાલા, દિનેશ પાંચાલ વગેરેના પુસ્તકો અહીંથી વાંચવા માટે પ્રાપ્ત થઈ શકશે.

કચ્છ વિભાગમાં દુલેરાય કારાણી, દુલાભાયા કાગ, જયંતિભાઈ જોશી, કવિશ્રી તેજ, ગુલાબ દેઢિયા, ડૉ. ભાવના મહેતા, મધુસુદન ભટ્ટ, નારાયણ શનિશ્ચરા, કીર્તિ ખત્રી, હરેશ ધોળકિયા, લીલાધર ગડા જેવા નામી લેખકોના પુસ્તકો - કાવ્ય સંગ્રહો વગેરે અહીંથી પ્રાપ્ત થઈ શકશે.

ખાસ કરીને મહિલા વર્ગને આ લાઈબ્રેરીનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવે છે.

સભ્ય બનનારને એકી સાથે ૩ પુસ્તકો આપવામાં આવે છે અને તે વધુમાં વધુ ૩૦ દિવસમાં બદલાવવાના રહે છે.

આ લાઈબ્રેરીનો સમય રવિવાર સિવાયના દિવસોમાં સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધીનો રાખવામાં આવેલ છે.

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદના દરેક પરિવારને **ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરીનો** મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવે છે.*

**કન્વીનર - લાઇબ્રેરી સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ટ્રસ્ટ મંડળની મીટિંગની હાજરી

### વર્ષ : ૨૦૧૭-૨૦૧૮ (કુલ મીટિંગ : ૫)

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| ૧. | શ્રી અશોકભાઈ એસ. મહેતા | ૫ |
| ૨. | શ્રી મેઘજીભાઈ કે. ખેતાણી | – |
| ૩. | શ્રી મનસુખભાઈ વી. પટેલ | – |
| ૪. | શ્રી મનુભાઈ જી. શાહ | – |
| ૫. | શ્રી કૃણાલભાઈ એન. શાહ | – |
| ૬. | શ્રી શીવજીભાઈ એમ. શીયાણી | – |
| ૭. | શ્રી ભરતભાઈ વી. ઓઝા | ૫ |
| ૮. | શ્રી હિમાંશુભાઈ બી. ઠક્કર | ૨ |
| ૯. | શ્રી કેલાસદાન કે. ગઢવી | – |
| ૧૦. | શ્રી હરીશભાઈ આર. રંગવાલા | – |
| ૧૧. | શ્રી નરસિંહભાઈ એન. પટેલ | – |
| ૧૨. | શ્રી મનુભાઈ વી. કોટડિયા | ૪ |
| ૧૩. | શ્રી અતુલભાઈ એસ. સોની | ૩ |
| ૧૪. | શ્રી જગદીશભાઈ આર. ઠક્કર | ૧ |
| ૧૫. | શ્રી અશોકભાઈ આર. ઠક્કર | – |
| ૧૬. | શ્રી શાંતિલાલભાઈ એમ. સાવલા | – |

## કારોબારી સમિતિની મીટિંગની હાજરી

### વર્ષ : ૨૦૧૭-૨૦૧૮ (કુલ મીટિંગ : ૬)

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| ૧. | શ્રી અશોકભાઈ એસ. મહેતા | ૬ |
| ૨. | શ્રી મેઘજીભાઈ કે. ખેતાણી | – |
| ૩. | શ્રી દિનેશભાઈ આર. મહેતા | ૫ |
| ૪. | શ્રી રજનીભાઈ ડી. પારેખ | – |
| ૫. | શ્રી હીરેનભાઈ સી. પલણ | – |
| ૬. | શ્રી જયમીનભાઈ જે. સોની | ૧ |
| ૭. | શ્રી વાડીલાલભાઈ આર. પંચાલ | – |
| ૮. | શ્રી ભરતભાઈ વી. ઓઝા | ૫ |
| ૯. | શ્રી હિમાંશુભાઈ બી. ઠક્કર | ૨ |
| ૧૦. | શ્રી અતુલભાઈ એસ. સોની | ૪ |
| ૧૧. | શ્રી સંજયભાઈ કે. રાઠોડ | ૪ |
| ૧૨. | શ્રી ભારતેન્દુ ડી. શુક્લ | – |
| ૧૩. | શ્રી અમિતભાઈ બી. સુરાણી | – |
| ૧૪. | શ્રી બચુભાઈ એચ. રાંભિયા | ૨ |
| ૧૫. | શ્રી હસમુખભાઈ કે. મહેતા | – |
| ૧૬. | શ્રી મનુભાઈ વી. કોટડિયા | ૫ |
| ૧૭. | શ્રી જયંતીભાઈ કે. લાકડાવાલા | ૨ |
| ૧૮. | શ્રી પરબતભાઈ એસ. પટેલ | – |
| ૧૯. | શ્રી દીપકભાઈ એન. ચૌહાણ | ૩ |
| ૨૦. | શ્રી ચિત્રસેનભાઈ આર. શાહ | ૨ |
| ૨૧. | શ્રીમતી રેખાબેન વી. પટેલ | – |
| ૨૨. | શ્રી અશોકભાઈ એ. ધોળકિયા | – |

***નોંધ*** *: કારોબારી સમિતિની મીટિંગો પૈકી કોઈ મીટિંગમાં કેટલાક આમંત્રિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

નામ / Name : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.**

બેંક : **ધ ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિ.**, વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**Bank : The Bhuj Mercantile Co-operative Bank Ltd.**

**A/C No. : 463009205080402 • IFS Code : HDFCOCBMCBJ**

સમાજ કાર્યાલય વોટ્સઅપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા કચ્છી પરિવારો માટે પ્રવર્તમાન વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં શિક્ષણનિધિ (વિદ્યાર્થી દત્તક યોજના) શરૂ કરવામાં આવેલ છે. જેનો લાભ લેવા જરૂરિયાતવાળા પરિવારોને અપીલ કરવામાં આવે છે.

પ્રારંભિક ધોરણે આ યોજના અંતર્ગત ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ — એમ ત્રણ વર્ષ સુધી આ યોજનાની સમિતિ દ્વારા પસંદગી પામેલ વિદ્યાર્થીને દર વર્ષે રૂા. ૨૧,૦૦૦/-ની છાત્રવૃત્તિ આપવામાં આવશે. ચાલુ શૈક્ષણિક વર્ષે ધોરણ-૯ પૂર્ણ કરી ધોરણ-૧૦માં પ્રવેશ લેતા હોય તેવા વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ જ આ માટે અરજી કરી શકશે. જેમ જેમ દાતાઓનો પ્રતિસાદ વધતો જશે તેમ તેમ આ યોજનાને વ્યાપક સ્વરૂપ આપવામાં આવશે.

આ યોજનામાં મર્યાદિત વિદ્યાર્થીઓની પસંદગી કરવાની હોવાથી, કુટુંબની એક જ કમાનાર વ્યક્તિ અકાળે મૃત્યુ પામેલ હોય કે કોઈ આકસ્મિક બીમારીનો ભોગ બની હોય તેવા પરિવારોના વિદ્યાર્થીને અગ્રતા આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા આપે નીચેમાંથી કોઈ એક વ્યક્તિનો તેમના મોબાઈલ નંબર પર સંપર્ક સાધવાનો રહેશે.

*અશોક મહેતા : ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦*

*હિમાંશુ ઠક્કર : ૯૮૭૯૩ ૦૧૦૦૪*

ફોન પર જરૂરી વિગતો મેળવ્યા બાદ યોગ્ય જણાશે તો જે-તે વ્યક્તિને આ યોજનાનું ફોર્મ મોકલી આપવામાં આવશે. આપે આ ફોર્મ સારા અક્ષરે ભરી, ફોર્મમાં જણાવ્યા પ્રમાણેના કાગળો તેની સાથે જોડી તા. ૩૦ જૂન, ૨૦૧૮ સુધીમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલય પર મોકલી આપવાના રહેશે.

પસંદગી પામેલ લાભાન્વિત પરિવારને ત્યારબાદ આ રકમ ચેક દ્વારા મોકલી આપવામાં આવશે.

**હિમાંશુ ઠક્કર**
**કન્વીનર, વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**


## સુપ્રસિધ્ધ હાસ્યલેખક શ્રી વિનોદ ભટ્ટની વસમી વિદાય

હાસ્યલેખક શ્રી જ્યોતિન્દ્ર દવે અને શ્રી તારક મહેતાની વિદાય પછી હાસ્ય લેખકોમાં પ્રથમ ક્રમે જેમનું નામ લોક હૃદયમાં અને માનસ પર છવાયેલું રહ્યું હોય એવા શ્રી વિનોદ ભટ્ટ હવે આપણી વચ્ચે નથી. તે ખૂબ જ દુઃખદ છે અને ક્ષણભર ‘હાસ્યરસ’ પર જાણે ‘કરુણ રસે’ આધિપત્ય જમાવી દીધું હોય તેવું લાગી રહ્યું છે. સમગ્ર ગુજરાતી પ્રજાને તેમજ ખાસ કરીને ગુજરાતી હાસ્ય સાહિત્યને તો ન પૂરાય તેવી ખોટ પડી છે.

ઉપરાંત, તેમની વસમી વિદાય આ લખનારના પરિવારને વધારે વિષાદમય બનાવે છે. તે અન્વયે એક અવસરની એક ઝલક...

અમારા પુત્ર ડૉ. સુકેતુ શાહની સીમા ચિલ્ડ્રન હોસ્પિટલનું ઉદ્‌ઘાટન તેમના શુભ હસ્તે થયેલ. હવે તેમની તસવીર પર સુખડનો હાર પહેરાવવાની ઘડી આવી છે. પરમાત્મા તેમના આત્માને શાંતિમાં અને હસતા રાખે એ જ અભ્યર્થના.

*ચિત્રસેન શાહ - ગાંધીનગર*



*૧૧મી ડિસેમ્બર, ૧૯૯૪માં ગાંધીનગર ખાતે*
*ડૉ. સુકેતુ ચિત્રસેન શાહની સીમા ચિલ્ડ્રન હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરતા*
*હાસ્ય સમ્રાટ સ્વ. શ્રી વિનોદભાઈ ભટ્ટ*

# કચ્છશ્રુતિ લવાજમ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ" છેલ્લા ૩૧ વર્ષથી નિયમિતપણે પ્રસારિત કરવામાં આવે છે અને તેને અચૂકપણે દર મહિનાની ૧૫ તારીખે પોસ્ટ કરવામાં આવે છે. તે ભારતભરના મોટા ભાગના શહેરોમાં વસવાટ કરતા અનેક કચ્છી મહાનુભાવોને ત્યાં વંચાય છે.

કચ્છશ્રુતિ મેળવવા માટે અગાઉ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ડિપોઝીટ યોજના અસ્તિત્વમાં હતી. પરંતુ પોસ્ટ ખાતાના આવેલ નવા નિયમ પ્રમાણે એ ડિપોઝીટ યોજનાના સ્થાને લવાજમ યોજના ચાલુ કરવાનું આજથી થોડા વર્ષ પહેલા નિયમ કરવામાં આવેલ હતો. મેગેઝિનોને કન્સેશનલ દરથી પોસ્ટ કરવાના હોય તો પોસ્ટ ખાતાના આ નિયમ પ્રમાણે લવાજમ લેવું ફરજિયાત છે. તેથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ડિપોઝીટના સ્થાને લવાજમ યોજના દાખલ કરેલ હતી.

ઉપરોક્ત વિગતો છેલ્લા કેટલાક મહિનાઓથી કચ્છશ્રુતિના અંકોમાં વારંવાર પ્રસારિત કરવામાં આવેલ છે અને કચ્છશ્રુતિ મેળવતા દરેક સભ્યને વહેલી તકે લવાજમની રકમ ભરી દેવા અપીલ કરવામાં આવે છે. અન્ય કચ્છી પરિવારોને પણ કચ્છશ્રુતિનું લવાજમ ભરવા અપીલ કરવામાં આવેલ છે.

અત્યાર સુધી અનેક ડિપોઝીટ ધારકો અને અનેક એવા સભ્યો કે જેમને કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવી રહેલ છે તેઓમાંના ઘણા લોકોએ પોતાના લવાજમ મોકલી આપી આ સમાજને સંપૂર્ણ સહકાર આપેલ છે. આ ગ્રુપના અન્ય સભ્યોને વહેલી તકે પોતાના લવાજમની રકમ મોકલી, સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

કચ્છશ્રુતિનું લવાજમ વહેલી તકે ભરી દેવા અગાઉના ડિપોઝીટ ધારકો તથા કોમ્પ્લિમેન્ટરી કોપી મેળવનાર દરેક મહાનુભાવને તેમના લવાજમ સમાજની ઓફિસ પર મોકલી આપવા આ છેલ્લી અપીલ કરવામાં આવે છે. ત્યારબાદના તરતના મહિનાથી જેઓના લવાજમ નથી ભરાયેલ તેઓને અંકો મોકલવાના અમારે નાછૂટકે બંધ કરવા પડશે તેની સહુએ નોંધ લેવા અપીલ કરવામાં આવે છે.

જો ડિપોઝીટ ધારક કચ્છશ્રુતિનું લવાજમ ભરવાની ઈચ્છા ધરાવતા ના હોય તેમજ પોતાની ડિપોઝીટની રકમ પરત મેળવવા માંગતા હોય તો તેઓએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ પર તે મુજબનો પત્ર લખી અને તે સાથે ડિપોઝીટ ભર્યાની ઓરીજીનલ રસીદ જમા કરાવી, પોતાની ડિપોઝીટની રકમ પરત મેળવી શકશે.

***કચ્છશ્રુતિના લવાજમના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે.***

- બે વર્ષનું લવાજમ : રૂા. ૫૦૦/-
- પાંચ વર્ષનું લવાજમ : રૂા. ૧,૦૦૦/-
- આજીવન (પંદર વર્ષનું) લવાજમ : રૂા. ૧,૫૦૦/-

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

- *કાગળના બનાવેલ એરો (હવાઈ જહાજ)ને ઉડાડવાનો વર્લ્ડ રેકોર્ડ ૨૨૬ ફૂટની લંબાઈનો છે.*
- *આપ ભારતમાં કોઈ પણ સ્થળે જાવ, ત્યાંથી કોઈ પણ એક મંદિર ૭ કિ.મી.થી વધુ દૂર નહીં હોય.*
- *દુનિયામાં ૧૧ ટકા લોકો ડાબા હાથેથી ખાય છે.*
- *માણસના મગજનું વજન લગભગ ૧.૪ કિ.ગ્રા. જેટલું હોય છે.*
- *રેશમનો કીડો ૫૬ દિવસમાં પોતાના વજન કરતાં ૮૬,૦૦૦ ગણો ભોજન લે છે.*
- *આંખો ખુલ્લી રાખીને છીંક ખાવી અશક્ય છે.*

# સરસ્વતી સન્માન

વર્ષ ૨૦૧૮માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને સરસ્વતી સન્માનના ફોર્મ ભરવાની વિગત 'કચ્છશ્રુતિ'ના મે-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૮માં વિવિધ ધોરણ તથા ઉચ્ચ અભ્યાસક્રમમાં પાસ થનાર વિદ્યાર્થીઓને આ ફોર્મ ભરીને વહેલી તકે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે. દરેક અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓમાંથી સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓનું સામાન્યપણે બહુમાન કરવામાં આવે છે.

આપશ્રીના પાલ્યોના ફોર્મ વહેલી તકે મોકલી આપવા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અમદાવાદ / ગાંધીનગરમાં વસવાટ કરતા પરિવારોને અપીલ કરવામાં આવે છે.

## સરસ્વતી સન્માનની યોજના

| (A) અપાઇ ગયેલ યોજનાઓ | | દાતાશ્રીઓની નામાવલી |
|---|---|---|
| ૧. | ધોરણ ૧૦ | મંજુલાબેન હરખચંદ સાવલા |
| ૨. | ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ) | નરેન્દ્ર છગનલાલ શાહ |
| ૩. | ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) | મંજુલાબેન હરખચંદ સાવલા |
| ૪. | ઉચ્ચ અભ્યાસ | ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ (ઝરિયા - ધનબાદ) |
| ૫. | કન્યા શ્રેષ્ઠતા | માતુશ્રી ઝવેરબેન રંગવાલા |
| ૬. | વિશિષ્ટ પ્રતિભા | મંજુલાબેન હરખચંદ સાવલા |
| ૭. | ધોરણ ૯ | શ્રી રમેશભાઈ રવજીભાઈ ધોરાઈ (મુલુંડ - મુંબઈ) |
| ૮. | ધોરણ ૮ | માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ |

**(B) બાકી રહેતી યોજનાઓ**

| ક્રમ | ધોરણ | સૌજન્યની રકમ | વિગત |
|---|---|---|---|
| ૧. | ધોરણ-૧ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૨. | ધોરણ-૨ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૩. | ધોરણ-૩ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૪. | ધોરણ-૪ | રૂા. ૧.૫૧ લાખ | ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને |
| ૫. | ધોરણ-૫ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૬. | ધોરણ-૬ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૭. | ધોરણ-૭ | રૂા. ૧.૨૧ લાખ | ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |
| ૮. | ડિપ્લોમા અભ્યાસક્રમની વિવિધ શાખાઓ | રૂા. ૧.૫૧ લાખ | કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ફેકલ્ટીમાં સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને |

*સમાજના સખી દાતાઓને ઉપરોક્ત "સરસ્વતી સન્માન"ના નકરાઓની યોજનાઓનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## મે / જૂન – ૨૦૧૮

★ **શુક્રવાર, તા. ૧૧-૫-૨૦૧૮**

- વિવિધ ઘટક સમાજો માટે એ-૪ સાઇઝની નોટબુકોના ૨૭૦૪ નંગ તથા એ-૫ સાઇઝની નોટબુકોના ૧૩૭૨ નંગનો નવનીત એજ્યુકેશન્સને ઓર્ડર આપ્યો.

★ **શનિવાર, તા. ૧૨-૫-૨૦૧૮**

- ગઇકાલે નવનીતને ઓર્ડર આપેલ નોટબુકો આજે સમાજ પર આવી ગઈ અને એ નોટબુકોનું જે તે ઘટક સમાજોને વિતરણ પણ પૂરું કરી દેવામાં આવ્યું.
- અજંતા - ઓરેવા ગ્રૂપના શ્રી જયસુખભાઈ પટેલે બહાર પાડેલ 'રણ સરોવર' બુકના અનુસંધાને આજે તેમના પર એક વિગતવાર પત્ર લખવામાં આવ્યો. કચ્છ નાના રણને જો રણ સરોવરમાં પરિવર્તિત કરવામાં આવે તો શ્રી જયસુખભાઈ પટેલની 'રણ સરોવર' બુકમાં જે ફાયદા બતાવ્યા છે તેના અન્ય પાસાઓની વિગત આ પત્રમાં આવરી લેવામાં આવેલ હતી.

★ **સોમવાર, તા. ૧૪-૫-૨૦૧૮**

- સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર શ્રી મૂકેશભાઈ ઝવેરી સાથે નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ વિશે ફોન પર ચર્ચા થઇ. તેમના કહેવા મુજબ ૩૫૮ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલના બે પટ્ટા – એક ૭ કિ.મી.નો અને બીજો ૧૦ કિ.મી.નો એમ ટોટલ ૧૭ કિ.મી. સિવાય બાકીની બધી જગ્યાએ ધમધોકાર કામ ચાલુ છે. આ ૧૭ કિ.મી.ના પટ્ટાની જમીન એક્વાયર કરવાના મુદ્દે આગળ વધવું પડશે. હવે નજદીકના ભવિષ્યમાં આ બ્રાંચ કેનાલનું કાર્ય પૂર્ણ થશે. સાથે સાથે શાખા - પ્રશાખાઓના કામો પણ વાગડ વિસ્તારમાં ચાલુ કરી દેવામાં આવેલ છે. બધો જ રીપોર્ટ તેઓશ્રીએ ઉત્સાહપૂર્વક આપેલ હતો.

★ **મંગળવાર, તા. ૧૫-૫-૨૦૧૮**

- શ્રી વિમેશભાઈ શાહે 'રણ સરોવર' પુસ્તકની ૫ નકલ આપેલ હતી. જેમાથી ૧ નકલ શ્રી મૂકેશભાઈ ઝવેરી તથા ૧ નકલ શ્રી શશીકાંતભાઈ ઠક્કરને તેમના અભિપ્રાય અર્થે મોકલી આપેલ હતી.

★ **ગુરુવાર, તા. ૧૭-૫-૨૦૧૮**

- શ્રી શશીકાંતભાઈ ઠક્કરે રણ સરોવર વિશેના અગાઉ પ્રકાશિત થયેલ લેખોની ઝેરોક્ષ અમૃત વસંત પંડ્યાનો લેખ તથા અમૃત વસંત પંડ્યા વિશે શ્રી જુસબ સમાએ લખેલ લેખની ઝેરોક્ષ વગેરે સાહિત્ય મોકલી આપેલ હતા.
- કચ્છના રણ સરોર વિશે શ્રી સુરેશચંદ્ર મહેતા સાથે ફોન પર ચર્ચા કરવામાં આવી.

★ **શુક્રવાર, તા. ૧૮-૫-૨૦૧૮**

- ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન - ફોકિઆના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નિમેષભાઈ ફડકે સાથે કચ્છના નાના રણ પરના 'રણ સરોવર' તથા કચ્છમાં હવે પછી સ્થાપવામાં આવનાર 'ફોસીલ પાર્ક' વિશે ચર્ચા કરવામાં આવી. શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા સાથે પણ 'ફોસીલ પાર્ક' વિશે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **રવિવાર, તા. ૨૦-૫-૨૦૧૮**

- આજરોજ સવારમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગ મળેલ હતી. ૧૫ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. એજન્ડા પ્રમાણે વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **સોમવાર, તા. ૨૧-૫-૨૦૧૮**

- ફોકીઆના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નિમેષભાઈ ફડકે તથા શ્રી અશોક મહેતાએ ગાંધીનગર જઈ રાજ્યકક્ષાના મંત્રી શ્રી વાસણભાઈ આહીર તથા ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા સાથે રૂબરૂમાં કચ્છના પ્રશ્નો વિશે ચર્ચા કરી હતી.

  કચ્છમાં ભદ્રેશ્વર ખાતે ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવા અંગેની ચર્ચા કરવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે મીટિંગ ગોઠવી આપવા શ્રી વાસણભાઈ આહીરને વિનંતી કરવામાં આવી.

  નર્મદા નદીના સિંચાઇના, પીવાના તથા ઉદ્યોગોને આપવામાં આવી રહેલ પાણીની પરિસ્થિતિ, ગુજરાત સરકાર દ્વારા અત્યારે ઠેર ઠેર કરવામાં આવી રહેલ જળ સિંચનના કાર્યક્રમો તેમજ કચ્છના નાના રણના 'રણ સરોવર' વિશે શ્રી સુરેશચંદ્ર મહેતા સાથે વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **ગુરુવાર, તા. ૨૪-૫-૨૦૧૮**

- અગાઉ શ્રી શશીકાંત ઠક્કરે મોકલેલ 'રણ સરોવર' વિશેના સાહિત્યના એક-એક ઝેરોક્ષ સેટ શ્રી સુરેશચંદ્ર મહેતા પર તથા અજંતા - ઓરેવા ગ્રૂપના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જયસુખભાઈ પટેલ પર મોકલી આપ્યા.

- વર્ષ ૨૦૧૮-૧૯માં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિમાંથી રીટાયર્ડ થતા સભ્યોનું લિસ્ટ તૈયાર કર્યું.

★ **સોમવાર, તા. ૨૮-૫-૨૦૧૮**

- ગત તા. ૨૧-૩-૨૦૧૮ના કચ્છના ધારાસભ્યશ્રીઓ સાથે એક મિલન સમારંભ તથા જે ચિંતન શિબિરનું આયોજન ગોઠવવામાં આવેલ હતું તે સમયે ઉપસ્થિત કચ્છી મહાનુભાવોએ કચ્છને લગતા કેટલાક પ્રશ્નોની તેમની સમક્ષ રજૂઆત કરેલ હતી. ત્યારબાદ તા. ૧૭-૪-૨૦૧૮ના રોજ આ પ્રશ્નો લેખિત સ્વરૂપે કચ્છના બધા જ ધારાસભ્યશ્રીઓને મોકલી આપેલ હતા. આજ દિવસ સુધી કોઈ પણ ધારાસભ્યશ્રી તરફથી તેનો પ્રત્યુત્તર ના સાંપડતા, એ બધા જ ધારાસભ્યશ્રીઓને આજે રીમાઈન્ડર પત્રો મોકલી આપવામાં આવ્યા.

★ **સોમવાર, તા. ૨૮-૫-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બધા જ પ્રકારના સભ્યોની ફાઈલ બનાવી, દરેક સભ્ય સામેની વિગતોની પૂર્તતા કરી આપવા (જૂની રસીદ બુકોમાંથી વિગતો કાઢીને તે વિગતો લખવા) શ્રી મૂકેશભાઈ દેસાઈને આ ફાઈલ આપવામાં આવી.
- રામદેવ ગ્રૂપ - મુંબઈ તેમની કચ્છશ્રુતિમાંની જાહેરાત આગળ ચાલુ રાખવાની ઈચ્છા ન ધરાવતા, તેમનો હિસાબ સાથેનો વિગતવાર પત્ર તેમના પર મોકલી આપવામાં આવ્યો.

★ **બુધવાર, તા. ૩૦-૫-૨૦૧૮**

- કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજના પ્રમુખ શ્રી વાડીલાલભાઈ પંચાલે આપેલ ઓર્ડર મુજબ એ-૪ સાઈઝની ૫૦ ડઝન નોટબુકોની ડિલીવરી નવનીતમાંથી આવી ગયેલ હતી અને તેની ડિલીવરી શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજને કરી પણ દેવામાં આવેલ હતી.

★ **ગુરુવાર, તા. ૩૧-૫-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૧૯ના હિસાબના અનુસંધાને શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની, શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રી રાજુભાઈ શાહ એકત્રિત થયેલ હતા અને તેઓએ જરૂરી વિગતોની ચર્ચા કરેલ હતી.

★ **શુક્રવાર, તા. ૧-૬-૨૦૧૮**

- શ્રી મનુભાઈ કોટડિયાએ જણાવેલ હતું કે વર્ષ ૨૦૧૭-૧૮ની ઓડિટેડ બેલેન્સ શીટ તૈયાર થતાં હજુ બીજા પંદરેક દિવસ લાગશે.
- કચ્છશ્રુતિની કોમ્પ્લિમેન્ટરી નકલો તથા ડિપોઝીટ ધારકોની નકલો મોકલવાની બંધ કરવા માટે આજે શ્રી અશોક મહેતા, શ્રી અતુલ સોની, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતાએ ચર્ચા કરેલ હતી. ■


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**નોંધ : જાહેરાતની સાઈઝ**
(૧) ફુલ પેઈજ : ૭'' x ૯.૫''
(૨) હાફ પેઈજ : ૭'' x ૪.૫''
(૩) ૧/૪ પેઈજ : ૩.૨૫'' x ૪.૨૫''
(૪) બોટમ પટ્ટી : ૭'' x ૧''

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**

**જાહેરાતની સાઈઝ :** ૯૦ mm x ૬૦ mm ● **કલર :** મલ્ટી કલર

**ભાવ – બાર મહિનાની જાહેરાતના દર**

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)

# શબ્દ શોધ : ૭૩

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ■ | | ■ | ૭ | | | | ■ | |
| ૮ | | | | ■ | | ■ | ૯ | |
| ■ | | ■ | ■ | ૧૦ | ■ | ૧૧ | | |
| ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | | | ■ |
| ■ | | ■ | | ■ | | ■ | ૧૫ | ૧૬ |
| ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | | ૨૦ | ■ | |
| ■ | ૨૧ | | ૨૨ | | ■ | ૨૩ | | |
| ૨૪ | ■ | ૨૫ | | ■ | ૨૬ | | ■ | |

## આડી ચાવીઓ

૧. આજુબાજુ, અહીંતહીં (૪)
૪. સોંસરું, આ પારથી પેલે પાર સુધી (૪)
૭. શંકર ભગવાન (૪)
૮. વેરણછેરણ, ઊંધુચત્તુ (૪)
૯. પરવાનગી (૨)
૧૧. મકાન, સદન (૩)
૧૨. પરમાત્મા, પરમેશ્વર (૨)
૧૩. દરિયો, સાગર (૫)
૧૫. મોટાઓની સાથેનો વસીલો કે ઓળખાણ (૨)
૧૭. મહિનાનો છેલ્લો દિવસ (૩)
૧૯. જુદું, ભિન્ન (૩)
૨૧. પરશુરામ ભગવાનના પિતા (૪)
૨૩. મનોમન વિચાર્યા કરવાની ક્રિયા (૩)
૨૪. પવન (૧)
૨૫. એક ધાન્ય (૨)
૨૬. જીવ, પ્રાણ (૨)

## ઊભી ચાવીઓ

૨. બ્રાહ્મણોની વિવિધ જ્ઞાતિઓનું એક સંગઠન (૮)
૩. સઘળું, બધું (૩)
૪. આજ્ઞા, હુકમ (૩)
૫. અવાજ (૨)
૬. હિજરી વર્ષનો નવમો મહિનો (૪)
૯. ચચરે એમ (૪)
૧૦. બહેરાપણું, બહેરાશ (૨)
૧૧. ભગવાનજી કરસનદાસનું ટૂંકું (૨)
૧૩. મોજ, આનંદ (૨)
૧૪. ગૌતમ બુધ્ધનો પુત્ર (૩)
૧૬. ગણેશજી (૪)
૧૮. બુધ્ધિ, અક્કલ (૩)
૧૯. આગ (૨)
૨૦. ગતિ, જવું એ (૩)
૨૨. પહાડો જંગલો વગેરેમાં ઉનાળામાં લાગતી આગ (૨)

## શબ્દશોધ : ૭૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | મા | સ | ■ | દ | ■ | ક | તી | રા |
| મિ | ■ | ન | જ | ર | કે | દ | ■ | હુ |
| ત | મા | મ | ■ | વા | ■ | મ | શા | લ |
| શા | ■ | ■ | આ | ન | ન | ■ | ■ | ગાં |
| હ | વા | ■ | યો | ■ | જા | ■ | આં | ધી |
| ■ | મ | ગ | જ | ■ | ક | પા | ત | ■ |
| ધ્યા | ન | ■ | ન | દા | ત | ■ | ર | જા |
| ■ | ચ | મ | ■ | ડ | ■ | વિ | પ્ર | ■ |
| રા | ણી | ■ | મ | મ | તા | ■ | જ્ઞા | ન |

### શબ્દ શોધ : ૭૧ / ૭૨ નો ઉકેલ મોકલાવનારના નામ

- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
- નીલેશ વી. શાહ - ભુજ
- રમીલા જે. ગોર - ભુજ
- જીતેન્દ્ર પી. વોરા - અમદાવાદ
- કમલ એસ. ઝવેરી - માંડવી
- અભય સી. મહેતા - મુંદ્રા
- કીર્તિદા વી. વોરા - અંજાર
- દિલીપ કે. શાહ - ભુજ
- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ
- ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- રશ્મિ એસ. સાવલા - ભુજ

*શરૂઆત કરવી એ જ આગળ વધવાની નિશાની છે.*

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS



**BRASS** CAGES

- CYLINDRICAL ROLLER CAGES
- SPHERICAL ROLLER CAGES
- DEEP GROOVE CAGES
- ANGULAR CONTACT CAGES
- THRUST ROLLER CAGES
- TAPER ROLLER CAGES

**STEEL** CAGES

- DEEP GROOVE CAGES
- TAPER ROLLER CAGES
- SPHERICAL ROLLER CAGES
- CYLINDRICAL ROLLER CAGES
- ANGULAR CONTACT CAGES
- THRUST ROLLER CAGES

**POLYAMIDE** CAGES

- DEEP GROOVE CAGES
- ANGULAR CONTACT CAGES
- TAPER ROLLER CAGES
- CYLINDRICAL ROLLER CAGES

**STAMPED** COMPONENTS

- AUTOMOTIVE INDUSTRY
- BEARING & SEALING
- ELECTRICAL & APPLIANCE INDUSRTY
- SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering Components (Changshu) Co., Ltd.
Building 25, Maoiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA ENGINEERS

www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ
જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને
ઓપરેશન થીયેટર,
૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને
૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયોલોજી
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઇએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટોમેટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- ર્હ્યુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક
ટ્રાન્સકેથેટેર એઓર્ટિક વાલ્વ ઇમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા
5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઇમ્પ્લાન્ટેશન)
ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ES | GreenOT

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઇમરજન્સી : +91-97234 50000

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

સુદન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઇમેલ : info@cims.org | www.cims.org

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004
પ્રેરણા સ્રોત
• શ્રી લોહાણા મહાપરિષદ
• અખિલ ગુજરાત લોહાણા સમાજ
• શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
• શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
• શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
• શ્રી કચ્છી સમાજ અમદાવાદ
અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ
jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

જીવદયા કરુણા અહિંસા સુથરી પાંજરાપોળ
શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(સુથરી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક
બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન
કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૩૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - સુથરી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૫૦

Bharat B. Gala Nanvinchandra D. Dedhia
SRE
Raju ENTERPRISE
179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710
RE- ROLLING /
S.S PATTA-PATTI

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬
દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમ્પલેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપલ

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Tranaformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDIRTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara, Mo.: 9825374323
Works 1 (Anjar - Kutch) Mo.: 9825203489
Works 2 (Waghodia - Vadodara)

જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674
બેંકની વિવિધ સગવડો
- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL
બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

DCPL DHOLUcon
Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com
DHOLU CONSTRUCTION
AND PROJECTS LIMITED
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax : +91 79 2656 44 36 email : dholucon@gmail.com
MINING CONTRACTORS

INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad 380 054.
Ph. : (O) 26853279 • M. : 9909444098 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad : Kunal H. Shah : 98250 33598 • Mumbai : Punit H. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

Available on HIRE
- Gas Engine Driven Generators
Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 128 kg/cm2 Air Compressors

We Provide
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
Deep Industries Limited
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
Deep Industries Limited
Opp. Suryanarayan Bungalows,
State Highway, Motera,
Dist. Gandhinagar
Phone # 91-79-27571128
Email info@deepindustries.com

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

RADHA VALLABH GROUP
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 | Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 | Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)